
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

જુલાઈ, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



'ગુરુ બિન કૌન બતાવે બાટ...'

જીવનનો સાચો રાહ ચીંધનાર વિરલ ગુરુદેવનાં ચરણોમાં
ગુરુપૂર્ણિમાએ કોટિ કોટિ વંદન...










## મહંત સ્વામી મહારાજની નિશ્રામાં ઊજવાયો વિશ્વ યોગ દિન

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં રાજકોટ ખાતે તા. ૧૪ જૂનથી વિવિધ સત્સંગ કાર્યક્રમો દ્વારા હજારો ભક્તો લાભાન્વિત થઈ રહ્યા છે. આ દરમ્યાન ૨૧ જૂન ૨૦૨૪ના રોજ તેઓના સાંનિધ્યમાં વિશ્વ યોગ દિનની ઉજવણી થઈ હતી, જેમાં સંતો-હરિભક્તોએ સ્વામીશ્રી સમક્ષ યોગ-આસન-પ્રાણાયામ કરી તન-મન-આત્માની તંદુરસ્તીની પ્રેરણા મેળવી હતી. સ્વામીશ્રીની પ્રેરણાથી વિશ્વનાં અનેક બી.એ.પી.એસ. કેન્દ્રોમાં આ વિશ્વ યોગ દિન ઊજવાયો હતો.

# વિરલ ગુરુદેવનાં ચરણે વંદના...





## ક્રમિકા


૩. સંપાદકીય

૪. હરિ બન્યા ભથવારી
- સાધુ અક્ષરજીવનદાસ

૭. વંદે સંતપરંપરામ્
- સદ્‌ગુરુ વ્યાપકાનંદ સ્વામી (૮)
- મહર્ષિ ભૃગુ (૯)

- સાધુ અક્ષરવત્સલદાસ

૧૪. ગુરુ બિન કૌન બતાવૈ બાટ...
- શ્રી કાલીભાઈ ગોદીવાલા (૧૬)
- શ્રી મોહકભાઈ શ્રોફ (૧૯)
- શ્રી નીતિનભાઈ ગઢિયા (૨૨)

૨૫. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૩૬. નૂતન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૪૧. ઉત્તર ગુજરાતમાં ખેરવા ખાતે નૂતન વિદ્યામંદિરનો આરંભ

૪૨. કોલકાતા ખાતે યોજાયાં શિબિર, સેમિનાર અને મૅડિકલ કેમ્પ

૪૩. હરિયાણાના ચંડીગઢ-પંચકુલામાં યોજાયો શિલાન્યાસ સમારોહ

૪૪. જેક્સન મંદિર ખાતે એફબીઆઈ દ્વારા પરિસંવાદનું આયોજન

૪૫. ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડનાં સત્સંગ કેન્દ્રોમાં યોજાયા યુવા સેમિનાર

૪૮. અભિનંદન, અક્ષરવાસ (૪૯)


ગ્રીષ્મઋતુના ગરમ ગરમ વાયરા વહાવતા દિવસોને બદલે હવે આકાશમાં વાદળાં ગોરંભાવા લાગ્યાં છે. વર્ષાઋતુની શરૂઆત સાથે ચાતુર્માસનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. પવિત્ર ચાતુર્માસના પ્રારંભે જ ગુરુપૂર્ણિમાનો અવસર આપણને ભક્તિભાવ અને ગુરુ પ્રત્યેની કૃતજ્ઞતાથી ભરી દે છે, જેઓ આપણને આધ્યાત્મિક અને ભૌતિક દિશામાં માર્ગ ચીંધીને સુખ-શાંતિ પ્રદાન કરે છે. આવા ગુરુને પ્રસન્ન કરવાનો અવસર એટલે ગુરુપૂર્ણિમા.

'ગુરુમહિમા સ્તોત્રમાં' શ્રીમદ્ આદિ શંકરાચાર્યજી જીવનની તમામ ઉપલબ્ધિઓ કરતાં સાચા ગુરુના શરણે જવાનો અનન્ય મહિમા ગાય છે. તેઓ કહે છે કે આ શરીરથી મેળવેલી તમામ સિદ્ધિઓ કરતાં એવા મહાન ગુણાતીત ગુરુનું શરણું એ સૌથી મોટી સિદ્ધિ, ઉપલબ્ધિ કે પ્રાપ્તિ છે.

આપણે સૌ સદ્‌ભાગી છીએ કે કરાલ કલિકાલમાં એવા સાચા ને ગુણાતીત ગુરુહરિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજનો આપણને સહજ સંયોગ પ્રાપ્ત થયો છે.

અમેરિકાની વાબાશ કૉલેજના વિદ્વાન પ્રાધ્યાપક અને લેખક ડૉ. રેમન્ડ વિલિયમ્સે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના ગુરુ-શિષ્ય સંબંધ પર એક વિસ્તૃત શોધનિબંધ લખીને કહ્યું હતું કે પોતાના શિષ્યોની આધ્યાત્મિક સંભાળની સાથે તેમની ભૌતિક અને સાંસારિક સમસ્યાઓની પણ નિ:સ્વાર્થભાવે સંભાળ લે એવા ગુરુ વિરલ છે અને વિરલ ગુરુ પ્રમુખસ્વામી મહારાજ છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એ જ નાતો નિભાવી રહ્યા છે. સ્વામિનારાયણ પ્રકાશનો આ અંક એવા મહાન ગુરુના પવિત્ર સ્મરણ અને વંદન સાથે, કેટલીક વિશેષ સામગ્રી સાથે આપની સમક્ષ આવે છે. કેટલાક હરિભક્તોની કલમે ગુરુ-સ્મરણ આ અંકે અને આવતા અંકે માણીશું. આવતા અંક સુધી જય સ્વામિનારાયણ.


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



गुणातीतोऽक्षरं ब्रह्म भगवान् पुरुषोत्तमः।
जनो जानन्निदं सत्यं, मुच्यते भवबन्धनात्॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૭,**
**જુલાઈ, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી



**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ, સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક:** સાધુ નિખિલેશદાસ



**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)



**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

# હરિ બન્યા ભથવારી

■ સાધુ અક્ષરજીવનદાસ



'દુઃખોનાં તો બા! માથે વાદળાં ગાજે છે, કોને કહું?' હેતબા બોલ્યાં.

'તારા ધણીને એક વાર મહારાજનો જોગ થઈ જાય પછી એ વ્યસન મૂકી દેશે અને દુઃખ નહીં દે.'

'પણ ઈ મહારાજનું નામ લેતો જ નથી, તે એને દર્શનનો જોગ તો એમ ક્યાંથી થાય?'

'મહારાજને પ્રાર્થના કર. કંઈક દિશા સુઝાડશે, સત્સંગ થશે.'

લોયા ગામે સુરાખાચરનાં પત્ની શાંતિબા અને સાંગા પટેલનાં ઘરવાળાં હેતબા આમ સત્સંગની વાતો કરી રહ્યાં હતાં. શાંતિબાના યોગથી હેતબાને ભગવાન સ્વામિનારાયણનો દૃઢ સત્સંગ. સ્વામિનારાયણનું ભજન કરે, પૂજા કરે. શ્રીહરિ તથા સંતો લોયા ગામે પધારે ત્યારે શાંતિબા સાથે સેવામાં લાગી જાય. વહેલાં ઊઠી જાય, ઘરનું કામ પહેલું કરે. ક્યાંય કચાશ-ખામી રાખે નહીં. તો પણ સત્સંગ કરે તે તેના કુસંગી પતિ સાંગા પટેલને ન ગમે. અજ્ઞાનથી એ શ્રીજીને ગાળો દે. હેતબા શરીર પરનો માર સહે પણ પોતાના ઈષ્ટદેવનું વાંકું બોલે તે એમનાથી કેમે સહ્યું ન જાય.

આજે શાંતિબાએ તેમને સરસ ઉપાય બતાવ્યો, એમ કે પ્રાર્થના કરો. શ્રીજીમહારાજ પ્રાર્થના જરૂર સાંભળશે ને યોગ્ય કરશે. તેમણે પ્રાર્થના શરૂ કરી.

એવામાં એક વાર શ્રીજીમહારાજ લોયા પધાર્યા અને હેતબાના હરખનો પાર ન રહ્યો. તેમણે પ્રાર્થના કરી. અંતરમાં તો નિત્ય પ્રાર્થના ચાલતી, પણ મુખોમુખ શ્રીહરિને કહ્યું: 'હે દયાળુ! હે મહારાજ! મારા ધણીને વ્યસન છોડાવી સત્સંગી કરો. એનો માર મારાથી સહન થતો નથી.'

અંતર્યામી પ્રભુ હેતબાનું દુઃખ જાણતા હતા. તેમની સહનશક્તિની સીમા આવી રહી હતી. શ્રીજીએ કહ્યું: 'સૌ સારાં વાનાં થશે. તમે ભજન કરતા રહેજો. અત્યારે તો અમે જઈ રહ્યા છીએ પણ થોડા વખત પછી પાછા લોયા

આવીશું ત્યારે સાંગાને સત્સંગી કરી દઈશું.' શ્રીહરિ બોલ્યા એ વાક્યમાં કાર્ય સિદ્ધ કરવાનું બળ હતું, જુસ્સો હતો, દૃઢતા હતી. એક ભક્તની વહારે હરિ પધાર્યા હતા.

પ્રભુ ક્યારે પધારે તેની વાટ જોતાં હેતબા દિવસો ગણવા લાગ્યાં. એક વાર નિત્યનિયમ મુજબ તેઓ પોતાના ધણી માટે ને ખેતમજૂરો માટે ભાત લઈને ખેતરે જતાં હતાં. તેવામાં દૂરથી શ્રીજીમહારાજને આવતાં દીઠા. સાથે પાંચ-સાત કાઠી-દરબાર ઘોડેસ્વાર હરિભક્તો છે. શ્રીહરિની રાંગમાં ઘોડી ઠમક ઠમક થઈ રહી છે. હેતબાએ નજર નોંધીને જોયું તો માણિગર માણકીને નચાવતાં ગામ તરફ આવી રહ્યા હતા! 'આજે મહારાજ બોલ્યું પાળશે' એ એક વિચારમાત્રે તેમના હૃદયમાં શાંતિની શીતળ લહર પસરી ગઈ.

'હરિ મારું દુઃખ હરશે, દયાળુ દયા કરશે, ત્રાસનો અંત આણશે... અહોહો! એ છબીની શોભા તો જો જીવ!...' કહેતાંક તેના પગ ધરતી સાથે જડાઈ ગયા. આંખો એ અલબેલાની મૂર્તિમાં ખૂંતી ગઈ.... એમ ને એમ પાંપણોને પલકાર્યા વિના એ માધુરી મૂર્તિને પી રહ્યાં હતાં!

રૂમક-ઝૂમક માણકી નચાવતાં શ્રીહરિ હેતબા નજીક આવ્યા ને કહે: 'ઘરે પાછાં ચાલો, ભૂખ લાગી છે, તમારા હાથની રસોઈ જમવી છે.'

હેતબાના આનંદનો પાર ન રહ્યો. એ તો ધણી-ખેતમજૂરો બધાની ભૂખ વીસરી ગયાં. શ્રીહરિને લઈ આગળ ચાલ્યાં. શ્રીજીએ ઘર પાવન કર્યું. હેતબા થાળની તૈયારી કરવા લાગ્યાં.

શ્રીહરિ કહે: 'બીજું કંઈ કરવાની જરૂર નથી, આ ભાતું તૈયાર છે તે જમીશું...'

હેતબાએ કહ્યું: 'મહારાજ! આ ભાતું નહીં, પણ નવું રાંધી દઉં છું... આ તો અમારા ઘરના માણસો ખાય પણ તમારાથી નહીં ખવાય... અબઘડી તમારા માટે થાળ કરી દઉં છું... ઘડી વાર ખાટલે આડે પડખે થાવ...'

હવે શ્રીહરિએ વાતને બીજો વળાંક આપ્યો: 'હેતબા! તમે રસોઈ કરશો ને વાર લાગશે તો સાંગો વઢશે નહીં?'

તેઓ કહે: 'મહારાજ! ધણીના ધણી આપ છો... આપ રાજી, મારે બધા રાજી. વઢશે તો ખમી લઈશ. ઘણું ખમી છું. ખમતી આવી છું... થોડું વધારે... વધુ ખિજાશે તો લાકડી લેશે, પણ તમને ભૂખ્યા નહીં રાખું...'

શ્રીજીમહારાજ એની સમજણ પર વારી ગયા. તેઓ કહે: 'એક કામ કરીએ. તમે કરો થાળ ને હું આ ભાત લઈ ખેતરે જાઉં... રસ્તો બતાવી દો કઈ બાજુ આવ્યું!' કહેતાંક શ્રીહરિ ખાટલા પરથી ઊભા થઈ ગયા. સાથેના દરબારો પણ તૈયાર થયા. શ્રીહરિએ બધાને રોકી રાખ્યા ને કહ્યું: 'મારે એકલા જ જાવું છે, તમે બધા અહીં રહેજો.'

હેતબા તો હેબતાઈ જ ગયાં, કહ્યું: 'મહારાજ! એ તો આપનો દ્વેષી છે, નજરે ચઢવા જેવું નથી. મારું માનો. અબઘડી થાળ કરી દઉં છું.'

પણ શ્રીહરિ ન માન્યા ને કહ્યું: 'જીવની ગતિ અમારી પાસે શી હિસાબમાં! અમને કેવા જાણો છો?'

'ભગવાન...'

'તો વિશ્વાસ રાખો, કંઈ નહીં થાય, જે થશે તે રૂડું થશે.' કહેતાંક શ્રીહરિએ ભાથાનો ટોપલો તૈયાર જ હતો તે ઝટ લઈ મસ્તકે ધર્યો. અનંત કોટિ બ્રહ્માંડના નાથે એક ભથવારીનું કર્મ આદર્યું. સાથેના દરબારોએ સેવા ઝૂંટવવા કોશિશ કરી પણ મહારાજની આંખ વરતી ગયા. મરજી પામી ગયા. સૌ હાથ જોડી ઊભા રહ્યા.

હરિવરે ન ગણી પાઘને કે ન ગણ્યો તાપને. ઈશાન ખૂણે આવેલા ખેતરની વાટ લીધી. મુખ પર પરસેવાના રેલા વહી રહ્યા છે. ભાલનું કુમકુમ પરસેવાના બુંદ સાથે નાસિકાના ટેરવે અટકી ગયું છે. જરિયાન વસ્ત્રો પર સૂરજ સહસ્ર કિરણો પસરાવતો હતો. તેના તેજમાં છલક-છલક થતો રૂપનો એક દરિયો જાણે આવી રહ્યો છે, આંખોને આંજતો, મારગને માંજતો!!

સાંગો ક્યારનો રાહ જોતો હતો. હમણાં ભાથું આવે ને ભૂખ ભાંગું... અરે, ભૂખ પહેલાં એની કેડ ભાંગું!

જેમ જેમ વાર થતી ગઈ, તેમ તેમ તેનો ગુસ્સો આસમાને ચઢતો ગયો... સૂરજનો તાપ અને ભૂખનું દુઃખ! એની આંખોમાં લોહી ઊપસી આવ્યું હતું. ક્યારે લઈ આવે ને એનું સાટું વાળું! વિચારમાં ને વિચારમાં ઘડીક ઊભો થતો, ઘડીક બેસતો, મારગ ભણી સાંગો મીટ માંડી રહ્યો હતો.

અને... અને ભથવારીનો સૂંડલો માથે મૂકી કો'ક આવતું દીઠું. પહેલાં તો લાગ્યું કે કોઈ વટેમાર્ગું હશે... પણ જેમ જેમ શ્રીહરિ નજીક આવતા ગયા, તેમ તેમ સ્પષ્ટ છબી તેની આંખમાં ઊતરતી ગઈ.

શ્રીહરિ આવી પહોંચ્યા. કપાળેથી પરસેવાનાં બુંદ તર્જનીથી ટપકાવતાં મરમાળો બોલ્યા: 'સાંગા પટેલનું ખેતર આ જ કે!'

સાંગો સ્તબ્ધ થઈ ગયો: 'તમે સ્વામિનારાયણ તો નહીં!'

'હા, એ જ અમે, હાલો ભૂખ્યા થયા હશો – જમી લો ઝટ...'

શ્રીહરિએ એવાં મધમીઠાં વેણ વેર્યાં કે સાંગાનો ક્રોધ

એમાં જ ઓગળી ગયો. એ માંડ એટલું બોલી શક્યો કે 'તમે શું કામ આવ્યા ?'

'કેમ ! અમારે તમારું ખેતર, તમારી ખેતી, કોસ-કૂવો જોવાં હતાં. તમને જોવા હતા, તે આવ્યા.'

'પણ ઓલી આવી હોત તો એ કોસ હાંકત, ખેતકામમાં મદદ કરત, તમે શું કરશો ?'

'કોસ તો અમે પણ હાંકીશું, તમે ભાથું જમો ત્યાં સુધી જુઓ અમને ફાવે છે કે નહીં !' આમ કહી માણીગર માવ કોસ ચલાવવા લાગ્યા. કિચુડુક ભૂટાક... કિચુડુક ભૂટાક... કોસ એક પછી એક ખેંચાતો જાય... બળદ પણ ડાહ્યાડમરા થઈ આ ડોલરિયાના ડચાકે ગતિ બદલતા રહે... સાંગાએ ઝાડ નીચે જમવાનું શરૂ કર્યું. પૂરું થયું ત્યાં તો કેટલાય ક્યારા શ્રીહરિએ પાણીથી તરબતર કરી દીધા !

સાંગાને શ્રીજીનો ગુણ આવ્યો. એ મનોમન હરખાયો: સ્વામિનારાયણ છે ખંતીલા, કામમાં થાકતા નથી. આળસનું તો નામ નથી. વળી, કોસ હાંકવાની કળા પણ હસ્તગત કરી છે !

પટેલ જમી રહ્યા પછી શ્રીહરિ તેમની સાથે ખેતરમાં બાજરો ઓરવા લાગ્યા. વાવણીનું કર્મ બહુ ઓછાને હાથવગું હોય, એ પટેલ સારી પેઠે જાણતા હતા, પણ શ્રીહરિને એમાં પારંગત જોયા કે પોતાનો ગર્વ ગળી ગયો. શ્રીહરિ તો વાવણિયે હાથ દેતા જાય, વારેવારે ઓરણી પર હાથની મૂઠી મૂકતા જાય, રાશ ગ્રહી ડચકારે બળદને ચલાવતા જાય... ને બાજરો ઓરતા જાય... !

પટેલનાં ઇન્દ્રિયો-અંતઃકરણ એ મૂર્તિમાં તણાઈ ગયાં.

શ્રીહરિ તો એની સાથે હેત-પ્રીતથી વાતે વળગ્યા. પટેલને જેના નામની જ સૂગ હતી તે મૂર્તિમાન આજે પોતાની સાથે ઉમળકાથી વાતો કરે છે ! એને એહસાન જ ન રહ્યું કે આ મારા અભ્યાગત છે, પરોણા છે, લાખેણા મહેમાન છે !

પટેલને સફળ ખેતીની તરકીબો, વાવણીની ખૂબીઓ, બળદને ચલાવવાની આવડત... ઘણું ઘણું નવું શીખવા મળ્યું. રોંઢો ક્યારનો વીતી ગયો હતો. બપોરના ત્રણ વાગવા આવ્યા હતા. પટેલ કહે: 'પ્રભુ ! તમે મને પાવન કર્યો !'

'પાવન થવાનું તો હવે છે,' કહી શ્રીહરિએ કહ્યું: 'તમે અમારી કંઠી બાંધો, વર્તમાન લો. પાંચ નિયમ પાળો... આશ્રિત થાવ...' શ્રીહરિએ એક શ્વાસે કહી દીધું.

પટેલને હરિનું હેત હૈયે વસી ગયું હતું. એ તરત તૈયાર થયા. વર્તમાન લીધાં ને સત્સંગી થયા...

સાંગાએ હવે પૂછ્યું કે 'કહો તો ખરા, તમે ભાથું દેવા કેમ આવ્યા ?'

શ્રીહરિ કહે: 'અમને ભૂખ લાગી હતી તે પાદરે જ હેતબા મળી ગયાં. કહ્યું, ચાલો ઘેર, જમીને જાવ... પછી ખબર પડી કે તમને ભાત દેવા એ જતાં હતાં. તેથી અમે કહ્યું, તમે બીજી રસોઈ કરો. હું ભાત દઈ આવું. પટેલ મળ્યા નથી તો મળાશે, ખેતર-વાડી જોવાશે...'

'અરર ! અરર ! તમે અહીં ભૂખ્યા ને ભૂખ્યા આવ્યા ! ને કહેતા પણ નથી !' પટેલને અંતરમાં વસમું લાગ્યું. એમ કે – ભૂખ-તરસ તો જીવ-પ્રાણીમાત્રની પ્રાથમિક ઊર્મિ છે. એનાથી કોઈ પર ન થઈ શકે.

'ભૂખ્યા ને ભૂખ્યા મેં તમારી પાસે મજૂરી કરાવી !' એમ કહેતાં તે ગળગળા થઈ ગયા. પોતાની જાતને ભાંડવા માંડ્યા. પટેલે ઝટપટ સાંતીડું ગાડે નાખ્યું. બળદ જોતર્યા. મજૂરોને વહેલા છૂટા કર્યા. શ્રીહરિને ગાડે બેસાર્યા ને ગામ ભણી ચાલી નીકળ્યા. ત્યાં રસ્તામાં હેતબા ને બધો સંઘ પગપાળા આવતો હતો. શ્રીહરિને જમાડવા રસોઈ સાથે લીધી હતી.

ગાડું નજીક આવ્યું. ગાડે મહારાજ બેઠા છે ! એમની સાથે પટેલ વાતે વળગ્યા છે... દૃશ્ય જ જુદું હતું ! એના હૈયે કદી ન અનુભવી હોય એવી 'હા...શ' થઈ.

શ્રીહરિના ઈશારે સૌ પાછાં વળ્યાં. રસોઈ ગાડામાં મુકાવી. પાછળ ચાલતાં સૌ લોયા પહોંચ્યા. પણ આજે શ્રીહરિની ભૂખ ભાંગી ગઈ હતી. હરખની ભૂખ ઊઘડી હતી.

ક્યારે બળદ ઘર આંગણે આવી ઊભા એનું પણ ભાન ન રહ્યું !

પટેલની દૃષ્ટિ હવે બદલાઈ ગઈ હતી. શ્રીહરિમાં તેનું મન ચોંટી ગયું હતું. એની વાણીમાં વિવેક આવી ગયો. દૃષ્ટિ કોમળ થઈ ગઈ, સત્સંગનો રંગ ચઢી ગયો હતો.

શ્રીહરિ જમ્યા, ભક્તોને જમાડ્યા.

થોડી ક્ષણોમાં શ્રીહરિએ કેટકેટલું કાર્ય સાધ્યું ! પટેલની ઊખર ધરતીને ખેડી લીધી, ખાતર ભર્યું. પોતે જ વરસ્યા ને પોતે જ વવાઈ ગયા !

ભગવાન સ્વામિનારાયણે એક એક વ્યક્તિના જીવનની અને સમાજના ઇતિહાસની કરવટ આમ બદલી છે. હૃદયપરિવર્તન કરવામાં એમની તોલે કોઈ ન આવે.

ધીરજ ને ખંત, તિતિક્ષા ને તપ, સાવધાની ને સલૂકાઈ : પરોપકાર ને પરસેવા-વૃત્તિ, વિવેક ને વિનય – કેટકેટલા ગુણો એક જ કાળે તેમણે પ્રગટ કર્યા છે ! તેનું મૂર્તિમાન ઉદાહરણ આ ભથવારીની ભૂમિકા છે.

◆

# વંદે સંતપરંપરામ્...



પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી વિશિષ્ટ સંતપરંપરા સનાતન ધર્મનું એક આગવું આભૂષણ બનીને છેલ્લાં ૨૦૦ વર્ષોથી સમાજમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોના પ્રસારણમાં અમૂલ્ય યોગદાન આપી રહી છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી આ પરંપરા ભારતીય સંતસમાજનું એક ગૌરવ બની રહી છે. છેલ્લાં ૨૦૦ વર્ષમાં આ સંપ્રદાયના સંતોએ આપેલાં પ્રદાનો અને તેમના પવિત્ર જીવનની એક જ સ્થળે સાર્વત્રિક અનુભૂતિ કરવી હોય તો બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દિવ્ય જીવનચરિત્ર પર્યાપ્ત છે. આવી મહાન સ્વામિનારાયણીય સંતપરંપરામાં વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ એ સંતપરંપરાનું એક ઝળહળતું ઉદાહરણ છે. ભગવાન સ્વામિનારાયણના સમકાલીન એ મહાન સંતોનું સ્મરણ માત્ર આપણા જીવનને પવિત્ર બનાવે છે, આપણને જીવનની સાચી દિશા ચીંધે છે. આ મહાન સંતોની થોડી થોડી ઝાંખી હવેથી સ્વામિનારાયણ પ્રકાશના અંકોમાં કરતા રહીશું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી અમેરિકા ખાતે રોબિન્સવિલમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામમાં પ્રેરણાની મૂર્તિ સમા આ મહાન પરમહંસોની સાત ફૂટ ઊંચી સંગેમરમરની અદ્‌ભુત મૂર્તિઓ મહંત સ્વામી મહારાજના હસ્તે સ્થાપિત થઈ છે. એ મૂર્તિઓનાં દર્શન સાથે તેમના પ્રેરક ચરિત્ર-પરિચયનો આસ્વાદ માણીશું. સાથે સાથે ત્યાં સ્થપાયેલી સનાતન ધર્મ પરંપરાના અન્ય મહાન સંતો-ભક્તોની મૂર્તિઓનાં પણ દર્શન કરીને તેમના ચરિત્ર-પરિચયને પણ માણીશું.

ભગવાન શ્રી સ્વામિનારાયણે તેમના જીવનકાળ દરમ્યાન કુલ ૩૦૦૦થી વધુ સંતોને દીક્ષા આપી હતી. એ પૈકી તેઓની ૨૫ વર્ષની ઉંમરે તેઓએ એક સાથે ૫૦૦ પરમહંસોને દીક્ષા આપી હતી. એ મહાન સંતો વિશે ઐતિહાસિક રીતે ઘણું નોંધાયું છે, પરંતુ વિશાળ માત્રામાં તેમના વિશેની જાણકારી ઉપલબ્ધ નથી. આથી, ઉપલબ્ધ સામગ્રીમાંથી મંથન કરીને એ મહાન સંતોની કેટલીક આગવી પરિચય-વિશેષતાઓ હવે માણતા રહીશું.
આ અંકે માણીએ સ્વામી શ્રી વ્યાપકાનંદજીનો જીવન પરિચય.
અને સાથે માણીએ સંજીવની વિદ્યા સંપન્ન
મહર્ષિ ભૃગુ વિશે...



સદ્‌ગુરુ

# વ્યાપકાનંદ સ્વામી

**ભગવાન શ્રી સ્વામિનારાયણના સમાધિનિષ્ઠ અને ઐશ્વર્ય સંપન્ન મહાન સંત**

ભગવાન શ્રી સ્વામિનારાયણે ૨૧ વર્ષની ઉંમરે ધર્મધુરા સંભાળીને ગુજરાતમાં પોતાના ધર્મપ્રવર્તનનો આરંભ કર્યો ત્યારે, એક ઇતિહાસ મુજબ, તેમણે સર્વપ્રથમ સંતદીક્ષા મધ્ય પ્રદેશના મુમુક્ષુ યુવાન શીતળદાસને આપી હતી.

શીતળદાસ કોઈ સામાન્ય વ્યક્તિ નહોતા. તેઓ શીતળદાસ તરીકે મધ્યપ્રદેશના ઝરણા પરણા ગામે જન્મ્યા હતા.

સાચા ગુરુની ખોજમાં નીકળેલા તેઓને ૨૧ વર્ષીય ભગવાન સ્વામિનારાયણનો યોગ થયો. ભગવાન સ્વામિનારાયણે સર્વ પ્રથમ વખત તા. ૩૧-૧૨-૧૮૦૧ના રોજ સ્વામિનારાયણ મહામંત્ર આપીને, તેનું રટણ કરાવીને અષ્ટાંગયોગ વિના સમાધિનો દિવ્ય અનુભવ કરાવ્યો હતો. સમાધિમાં જઈને તેમણે અનુભવ કર્યો હતો કે ભગવાન સ્વામિનારાયણ સ્વયં સર્વોપરી પરબ્રહ્મ પરમાત્મા છે. આ દિવ્ય અનુભવથી તેમણે ભગવાન સ્વામિનારાયણ ને પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. ભગવાન સ્વામિનારાયણે ગુરુ રામાનંદ સ્વામીના દેહત્યાગ બાદ તેમને સર્વપ્રથમ દીક્ષા આપી હતી એવા વ્યાપકાનંદ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની અનન્ય નિષ્ઠાના બળે વિશિષ્ટ સિદ્ધિઓ પણ હાંસલ કરી હતી.

એકવાર તેઓ બોટાદ પધાર્યા હતા. અહીં હમીરખાચરના દરબારગઢમાં પ્રવેશતાં જ તેમણે જોયું કે સૌ શોકમગ્ન હતા. કારણ પૂછતાં ખબર પડી કે હમીરખાચરની પ્રિય ઘોડી મરી ગઈ હતી. હમીરખાચર અને તેમના પરિવારની શોકમગ્ન સ્થિતિથી વ્યાપકાનંદ સ્વામીના હૃદયમાં દયા આવી. એટલે તેમણે સ્વામિનારાયણ મંત્ર બોલી મૃત ઘોડી પર પાણીની અંજલિ છાંટી અને ઘોડી જીવતી થઈ.

આમ, બોટાદમાં મરેલી ઘોડીને જીવતી કરીને તેમણે કરેલો ચમત્કાર સૌને તેમના પ્રત્યે ભગવાનપણાનો ભાવ પ્રગટાવી ગયો હતો, પરંતુ તેવી શક્તિ અને સામર્થ્ય તેમનામાં હોવા છતાં તેઓ ભગવાન સ્વામિનારાયણના એક અદકા સેવક બનીને રહ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી તેમણે અનેક લોકોનાં જીવન શુદ્ધ કરીને તેમને આધ્યાત્મિક પ્રેરણા આપી હતી. એવા મહાન સંતને કોટિ વંદન.

છબિઃ વ્યાપકાનંદ સ્વામી, સ્વામિનારાયણ અક્ષરધામ, રોબિન્સવિલ.



સંજીવની વિદ્યા સંપન્ન

# મહર્ષિ ભૃગુ

## શું ખંભાતના અખાતમાં દરિયા નીચે ભૃગુકચ્છના અવશેષો નવો ઇતિહાસ રચે છે?

■ સાધુ અક્ષરવત્સલદાસ

ભારત અને સનાતન ધર્મના વિરાટ ઇતિહાસના કેટલાય અંશો એવા છે કે જેનાં મૂળ આધુનિક વિજ્ઞાન, સમાજ, આર્કિયોલોજી અને ભાવિ પેઢીના સંસ્કાર સાથે સંકળાયેલા છે. ભારતીય પૌરાણિક કથાઓ અને મહાભારત જેવા ઇતિહાસ ગ્રંથો કેટલાક એવાં રહસ્યોને સાચવીને બેઠા છે કે, આજે હજારો વર્ષો પછી પણ તેનાં સગડ ક્યાંક ને ક્યાંક મળી આવે છે. તાજેતરમાં એક એવો ઇતિહાસ ખુલ્લો કરવાનો પ્રયાસ થયો અને ફરી પાછો તે દબાઈ ગયો. પરંતુ સંશોધકોએ તેમાં ડૂબકી મારવી ખૂબ જરૂરી છે.

ભારતના એવા વિરાટ ઇતિહાસ સાથે સંકળાયેલા મહાન પાત્રો સંસ્કૃતિના આધારસ્તંભ બનીને ઠેર ઠેર છવાયેલા છે, જેમાં ઋષિકુળમાં ઉત્પન્ન થયેલા મહાપુરુષો સદા સ્મરણીય બની રહ્યા છે.

એવા એક સદા સ્મરણીય મહાન ઋષિ એટલે - ભૃગુઋષિ. આ લેખમાં ભૃગુઋષિની સાથે સંકળાયેલા તેમના પુત્ર શુક્રાચાર્ય, શુક્રાચાર્યના શિષ્ય તેમજ પ્રહ્‌લાદના પૌત્ર બલિ રાજા અને વામનજીની કથાઓનું એક વિશિષ્ટ દૃષ્ટિએ અધ્યયન કરવાનો પ્રયાસ છે.

જેમને પ્રાતઃસ્મરણીય ગણીને સનાતન ધર્મમાં વંદન કરવામાં આવે છે એવા મહાન ભૃગુઋષિને બ્રહ્માના આઠ માનસપુત્રોમાંના એક પુત્ર તરીકે ગણાવવામાં આવે છે. ભૃગુના જન્મ વેળાએ યજ્ઞ-અગ્નિની જ્વાળાઓ પ્રગટી હોવાથી તેનું નામ ભૃગુ પાડવામાં આવ્યું હતું.[૧]

ભૃગુઋષિ વેદના પ્રકાંડ વિદ્વાન હતા. આથી પુષ્કર તીર્થમાં થયેલા યજ્ઞ જેવા અન્ય અનેક યજ્ઞોના મહાન આચાર્ય તરીકે તેમણે પોતાની ભૂમિકા ભજવી હતી. ભૃગુઋષિને સંજીવની વિદ્યા હસ્તગત હતી. તેમણે પોતાની સંજીવની વિદ્યાથી જમદગ્નિને પુનઃ જીવિત કર્યા હતા.[૨]

ભૃગુઋષિ ખૂબ પરોપકારી અને પરમાર્થી હતા. અન્યનાં દુઃખ નિવારવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા હતા. એ સમયે અવિવેકી બનેલા નહુષ રાજાના ત્રાસમાંથી લોકોને મુક્ત કરવા માટે તેમણે નહુષને રાજા પદ પરથી હટાવીને લોકોને શાંતિ પમાડી હતી.[૩] એકવાર તેઓ હિમાલયમાં ગયા ત્યાં એક વિદ્યાધર

---

૧. વાયુપુરાણ, ૯.૬૮-૬૯; મહાભારત, અનુ. ૮૫.૧૦૬
૨. બ્રહ્માંડપુરાણ, ૧.૩૦
૩. મહાભારત, અનુશાસનપર્વ, ૯૯.

સ્ત્રીએ તેમને સ્તુતિ કરીને કહ્યું કે, એક શાપ થવાથી મારા પતિનું મુખ અત્યંત કુરૂપ બની ગયું છે, તેના પર કૃપા કરો. ત્યારે ભૃગુઋષિએ તેને પોષ સુદ એકાદશીનું વ્રત કરવાનું કહ્યું. પરિણામે તે શાપમાંથી મુક્ત થયો હતો.[૪]

ભૃગુઋષિ એક મહાન તત્ત્વજ્ઞાની પણ હતા. તેમણે કરેલી તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ ઉપનિષદ, મહાભારત અને પુરાણોમાં પ્રસિદ્ધ છે. એમણે જગતની ઉત્પત્તિ, શરીરની અંદર પંચપ્રાણની સ્થિતિ, સત્યનો મહિમા, અસત્યના દોષો તેમજ વાનપ્રસ્થ, સંન્યાસ વગેરે ધર્મોનું વર્ણન કર્યું છે. તૈત્તિરીય ઉપનિષદમાં તેમણે કરેલું બ્રહ્મ અને બ્રહ્મના આનંદનું વર્ણન અદ્‌ભુત છે. આ જીવનમાં બ્રહ્મની પ્રાપ્તિ કરવી એ એમનો મુખ્ય સિદ્ધાંત હતો.[૫]

ભૃગુઋષિના પુત્ર-પરિવારમાં જ શુક્ર, ચ્યવન વગેરે પ્રસિદ્ધ ઋષિઓ થયા હતા, જેની વંશપરંપરામાં દધીચ, જમદગ્નિ, પરશુરામ જેવા પરાક્રમી અને વિદ્યાસંપન્ન પુત્રો થયા હતા.

ભૃગુઋષિનો ભાર્ગવ વંશ પશ્ચિમ ભારતમાં આનર્ત પ્રદેશમાં એટલે કે ગુજરાત પ્રાંતમાં વિશેષ વસ્યો હતો, જેનું ભાર્ગવ ગોત્ર પ્રસિદ્ધ છે. ભૃગુકુળનો વિસ્તાર ભારતના અનેક મહાન રાજાઓ, ઋષિઓ અને સંતોમાં વિસ્તરેલો છે.

પુરાણો વર્ણવે છે કે ભૃગુઋષિના નામ પરથી પ્રસિદ્ધ ભૃગુકચ્છ સ્થળે નર્મદા નદીના ઉત્તર તટે, ભૃગુઋષિના પુત્ર શુક્રાચાર્યે પોતાના શિષ્ય એવા પ્રસિદ્ધ દૈત્ય સમ્રાટ બલિ રાજા પાસે અશ્વમેધ યજ્ઞ કરાવ્યો હતો[૬]. બલિ રાજાના આ યજ્ઞથી દેવતાઓ આકુળવ્યાકુળ થઈ ગયા હતા. કારણ કે બલિ રાજાએ આવા કુલ ૯૯ યજ્ઞો કર્યા હતા અને આ છેલ્લો એકસોમો યજ્ઞ એ કરી નાખે તો તે ઇન્દ્ર બની જાય.

કોણ હતા આ બલિ રાજા?

સનાતન ધર્મના પૌરાણિક ઇતિહાસમાં બલિ રાજાની કથા પણ ઘણી રોચક અને પ્રેરણાદાયી છે.

ભક્તરાજ પ્રહ્‌લાદનો પૌત્ર એટલે બલિ. બલિ રાજા પણ એક મહાન ભક્ત હતા, પિતામહ (દાદા) પ્રહ્‌લાદ પાસેથી તેમને ભક્તિ વારસામાં મળી હતી. તેની રાજધાની મહાબલિપુરમાં હતી. તે દૈત્યોનો રાજા હોવા છતાં અત્યંત આદર્શ, સત્ત્વશીલ અને પરમ ભક્ત હતો.

વામન પુરાણ વર્ણવે છે કે પ્રહ્‌લાદે બલિને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, 'હંમેશાં ધર્મની જીત થાય છે. માટે તું ધર્મને કેન્દ્રમાં રાખીને રાજ્યનું સંચાલન કરજે.'[૭]

દાદા પ્રહ્‌લાદના આદેશ અને આશીર્વાદ અનુસાર બલિએ એક આદર્શ અને પ્રજાહિતલક્ષી રાજા તરીકે ખૂબ કીર્તિ પ્રાપ્ત કરી હતી.

આ દરમ્યાન દેવો અને દૈત્યો વચ્ચે નાનાં-મોટાં યુદ્ધ થતાં રહેતાં હતાં, પરંતુ દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય પાસે તેના પિતા ભૃગુઋષિએ આપેલી સંજીવની વિદ્યા હોવાથી દૈત્યો મૃત્યુ પામ્યા પછી પુનઃ જીવિત થઈ જતા હતા.[૮] દેવો પાસે તે ન હોવાથી મોટી સંખ્યામાં દેવતાઓને હાનિ થતી હતી. એટલું જ નહીં, શુક્રાચાર્યની નિશ્રામાં પૂર્વે બલિએ વિશ્વજિત યજ્ઞ અને અશ્વમેધ યજ્ઞ કરીને અક્ષયપાત્ર તથા દિવ્ય કવચ મેળવ્યાં હતાં.[૯]

આથી આકુળવ્યાકુળ અને વ્યથિત થઈ ગયેલા દેવતાઓએ વિષ્ણુને પ્રાર્થના કરી કે આ રીતે છેલ્લો ૧૦૦મો અશ્વમેધ યજ્ઞ કરીને બલિ ઇન્દ્રપદવી લઈ લેશે તો તે દૈત્ય અમારા જેવા દેવતાઓનો રાજા બની જશે. તેમાં અમને ખૂબ કષ્ટ પડશે. માટે તમે સત્વરે બલિને એમ કરતો અટકાવો. ત્યારે ભગવાન વિષ્ણુએ કહ્યું કે, બલિ તો મારો ભક્ત છે, પરંતુ તમારી પ્રાર્થના સાંભળીને હું તેનો ઉકેલ કરીશ. હું શીઘ્ર વામન અવતાર ધારણ કરીને બલિનું નિવારણ કરીશ.[૧૦]

બીજી તરફ, બલિ રાજાને પોતાની કીર્તિ અને સત્તાથી અહંકાર આવી ગયો હતો. દાદા પ્રહ્‌લાદે બલિના અહંકારથી વ્યથિત થઈને તેને કહ્યું કે, અહંકારને કારણે તારું રાજ્ય નષ્ટભ્રષ્ટ થઈ જશે. આથી દુઃખી થયેલા બલિએ પ્રહ્‌લાદના શરણમાં જઈને ક્ષમા માંગીને વિનાશથી બચવા માટે પ્રાર્થના કરી ત્યારે પ્રહ્‌લાદે કહ્યું, 'મારા શરણમાં નહીં, પરંતુ તું વિષ્ણુના શરણે જા. ત્યાં જ તારું કલ્યાણ થશે.'[૧૧]

અને અંતે એવું જ બન્યું.

ભૃગુકચ્છમાં તેણે ૧૦૦મો અશ્વમેધ યજ્ઞ આરંભ્યો તે પૂર્વે ભગવાને દેવોને આપેલા વચન અનુસાર વામનરૂપે ધરતી પર અવતાર ધારણ કરી લીધો હતો.

ત્યારપછી બનેલી ઘટના પુરાણપ્રસિદ્ધ છે. કશ્યપ ઋષિ અને માતા અદિતિ થકી વિષ્ણુએ ધરતી પર વામન અવતાર

૪. પદ્મ પુરાણ, ૧૨૫.
૫. તૈત્તિરીય ઉપનિષદ, ૩.૧.૧-૬.
૬. શ્રીમદ્ ભાગવત, ૮.૧૮.૨૦-૨૧.
૭. વામન પુરાણ, ૭૪.
૮. શુક્રચાર્ય ભૃગુઋષિના પુત્ર હોવા છતાં દેવતાઓનો પક્ષ છોડી દૈત્યોના પક્ષે જોડાયા હતા.
૯. મહાભારત, શાંતિપર્વ, ૨૧૬.૨૩.
૧૦. બ્રહ્માંડ પુરાણ, ૭૩.
૧૧. વામન પુરાણ, ૭૭.

ધારણ કર્યો. બાલ્યાવસ્થામાં જ બ્રાહ્મણ વેશ ધારણ કરી વામનજી ચાલતાં ચાલતાં આ બલિ રાજાના અંતિમ અશ્વમેધ યજ્ઞમાં પધાર્યા. બલિએ વામનજીનો આદર સત્કાર કરીને તેમની પૂજા કરી અને કંઈક દાન માંગવા કહ્યું. ત્યારે વામનજીએ તેમની પાસે ત્રણ પગલાં ભૂમિનું દાન માંગ્યું. ત્યારે બલિના ગુરુ શુક્રાચાર્યે બલિને સમજાવ્યું કે, આ બ્રાહ્મણ બાળક કોઈ સામાન્ય બાળક નથી, તે વામન અવતારધારી ભગવાન છે. માટે તેને કંઈ પણ આપવાની જરૂરિયાત નથી. પરંતુ ભક્ત બલિએ પોતાના ગુરુની વાણીની ઉપેક્ષા કરતાં કહ્યું, જ્યારે સ્વયં ભગવાન મારા આંગણે અતિથિરૂપે પધાર્યા હોય તો એમની ઈચ્છા પૂર્ણ કરીને હું અવશ્ય તેમનો આદર કરીશ.[૧૨]

શુક્રાચાર્ય ગુસ્સે થયા, પરંતુ બલિએ ત્રણ પગલાં ભૂમિ દાન દેવા માટે મંત્ર ભણીને અર્ઘ્ય અર્પણ કર્યું. એ સાથે જ વામનરૂપધારી ભગવાને વિરાટ રૂપ ધારણ કરીને પ્રથમ પગલામાં પૃથ્વી, દ્વિતીય પગલામાં અંતરિક્ષમાં સ્વર્ગલોક આવરી લીધાં. અને બલિને પૂછ્યું કે, હવે ત્રીજું પગલું ક્યાં માંડું? ત્યારે બલિના દૈત્ય સૈનિકો ગુસ્સે થઈ ગયા. તેઓ વામન પર આક્રમણ કરવા તૈયાર થઈ ગયા. પરંતુ બલિએ તેમને કહ્યું, જે થઈ રહ્યું છે તે થવા દો. એમ કહીને બલિએ વામનજીને કહ્યું, 'ભલે આપે મારી સાથે કપટભર્યો વ્યવહાર કર્યો છે, પરંતુ હું મારું વચન અવશ્ય નિભાવીશ. હવે, મારી પાસે ભૂમિમાં તો કશું રહ્યું નથી. પરંતુ હું મારું મસ્તક આપની સમક્ષ ધરું છું, આપ તેના પર આપનું ત્રીજું પગલું મૂકીને ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરો.'

તે વખતે બલિ પર પ્રસન્ન થઈને ભગવાને કહ્યું કે 'આજે કાર્તિક સુદ પ્રતિપદાના પુણ્ય દિવસે તેં મને તારું સર્વસ્વ આપી દીધું છે તેથી આ દિવસ 'બલિપ્રતિપદા'ના નામથી વિખ્યાત થશે. લોકો બલિદાનને યાદ કરીને તારી પૂજા કરશે. એટલું જ નહીં, તેં તારું સર્વસ્વ સમર્પિત કરી દીધું છે એટલે હું હંમેશાં તારી રક્ષા કરીશ. ભવિષ્યમાં તું ઈન્દ્રપદ પ્રાપ્ત કરીશ.'[૧૩]

પુરાણ દ્વારા વર્ણિત ત્યારબાદની ઘટના પ્રસિદ્ધ છે કે વામનજીએ બલિ રાજાના મસ્તક પર પોતાનું ચરણ મૂકીને વરુણપાશથી બાંધીને તેમને પાતાળમાં સમુદ્રના તળિયે મોકલી આપ્યા. પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે બલિ રાજાના આ સમ્યક્ સમર્પણને બિરદાવીને તેવી ભક્તિ કરવાની આપણને પ્રેરણા આપી છે.[૧૪]

ભૃગુઋષિએ સ્થાપેલા ભૃગુકચ્છમાં બનેલી બલિના 'પાતાળ બંધન'ની આ કથા ખૂબ પ્રાચીન અને ઐતિહાસિક જણાય છે. માત્ર શ્રીમદ્‌ભાગવત પુરાણ નહીં, પરંતુ મહાભારત અને અન્ય પુરાણો તેમજ પતંજલિ ઋષિના વ્યાકરણ મહાભાષ્યમાં પણ તેનો નિર્દેશ છે.[૧૫]

વામનજીએ બલિ રાજાને પાતાળમાં મોકલી આપ્યા, એટલું કહીને આપણાં શાસ્ત્રો મૌન થઈ જાય છે. પરંતુ સવાલ એ છે કે શું આ પ્રાચીન પ્રસંગકથાના કોઈ આધુનિક સગડ મળે છે?

આધુનિક ભૌગોલિક પરિસ્થિતિ અને પુરાતત્ત્વીય એટલે કે આર્કિયોલોજિકલ સંશોધનોને સાથે જોડવાથી શું આ પૌરાણિક પ્રસંગકથાની કોઈ કડી મળી શકે?

અહીં તેના પર થોડીક ચર્ચા રજૂ કરવી છે.

શાસ્ત્રીય વર્ણનોના આધારે અહીં બે સવાલ ઊઠે છેઃ

૧. બલિ રાજાના મસ્તક પર ભગવાને પોતાનું ચરણ મૂકીને તેમને પાતાળે મોકલી આપ્યા અર્થાત્ ભૌતિક રીતે ભગવાને બલિ રાજાને સશરીર વરુણપાશથી બાંધીને સમુદ્રમાં ક્યાંક ઊંડે રહેવા મોકલી આપ્યા. ત્યારે સવાલ એ થાય છે કે જ્યારે વામનજીએ બલિને પાતાળમાં એટલે કે સમુદ્રમાં મોકલ્યા ત્યારે ભૃગુકચ્છ પાસે સમુદ્રમાં શું ખરેખર રહેવાની કોઈ વ્યવસ્થા હતી? ઉલ્લેખનીય છે કે બલિ રાજાના પરદાદા હિરણ્યકશિપુએ સમુદ્રમાં જઈને 'વિભાવરી' નામની વરુણનગરી પર વિજય મેળવ્યો હતો.[૧૬] શું સમુદ્રમાં ખરેખર આવી કોઈ નગરી હતી કે જ્યાં બલિ રાજાને ભગવાને મોકલી આપ્યા હતા?

૨. બીજો સવાલ એ છે કે ભગવાને બલિના મસ્તક પર પોતાનું પ્રતાપી ચરણ મૂક્યું તે સાથે જ શું બલિ અને તેની આસપાસની સમગ્ર નગરી ભૂમિતળથી ઊંડે ધસી ગઈ, કે જેથી બલિ પાતાળમાં ચાલ્યા ગયા તેવું શાસ્ત્રોમાં કહેવામાં આવે છે? શું એ ભૃગુકચ્છ પાસેની એ સમગ્ર નગરી કે ભૂમિ સમુદ્રમાં ડૂબી ગઈ હતી? જેમ દ્વારકા ડૂબી ગઈ હતી તેમ?

આ બેમાંથી જે પણ સંભાવના હોય તે, પરંતુ તાજેતરમાં મળી આવેલા આર્કિયોલોજિકલ સંશોધનોએ ઇતિહાસવિદોને તેના પર વિચાર કરવા મજબૂર કર્યા છે.

આ ઘટનાને સમજવા માટે પ્રથમ ભારતના ભૌગોલિક નકશાને નજર સમક્ષ રાખીને આ ઘટના સાથે સંકળાયેલા

**૧૨.** વામન પુરાણ, ૯૧.

**૧૩.** સ્કંદ પુરાણ, ૨૪.૧૦.

**૧૪.** વચનામૃત ગઢડા પ્રથમ ૬૧.

**૧૫.** પાતંજલ સૂત્ર, ૩.૨.૨૬.

**૧૬.** શ્રીમદ્ ભાગવત, ૩.૧૭.૨૬.

ભૌગોલિક સ્થળોનો પરિચય સ્પષ્ટ કરીએ.

જ્યાં યજ્ઞ કરી રહેલા બલિ રાજાના મસ્તક ઉપર વામનજીએ ચરણ મૂકીને તેને સમુદ્રમાં મોકલી આપ્યા હતા એ સ્થળ એટલે કે ભૃગુઋષિએ વિકસાવેલું ભૃગુકચ્છ આધુનિક નકશામાં ક્યાં છે?

એ જ રીતે જ્યાં વામનજીએ જન્મ લીધો અને ત્યાંથી ચાલતાં ચાલતાં ભૃગુકચ્છમાં બલિના યજ્ઞમાં પધાર્યા એ વામનજીનું જન્મસ્થળ આધુનિક નકશામાં ક્યાં છે?

ઈતિહાસપ્રસિદ્ધ અને સર્વસ્વીકૃત બાબત એ છે કે ભૃગુકચ્છ એટલે ભરૂચ પાસેનો નર્મદા તટનો પ્રદેશ. ભૃગુકચ્છમાંથી જ ભરૂચનો ઉદ્ભવ થયો છે. બીજી તરફ વામનજીએ જ્યાં જન્મ લીધો હતો તે સ્થળ વામનસ્થલી તરીકે ઓળખાય છે, જેનું આજે પ્રચલિત નામ વંથળી બન્યું છે. જૂનાગઢની પડખે પશ્ચિમે આવેલું આ ગામ એ જ વામનજીની જન્મભૂમિ.[૧૭]

ગુજરાતના આધુનિક નકશાને નજર સમક્ષ રાખીને ભૌગોલિક દૃષ્ટિએ જોવા જઈએ તો ખંભાતના અખાતની પૂર્વ બાજુએ ભૃગુકચ્છ આવેલ છે અને તેની પશ્ચિમ બાજુએ ગુજરાતનો સૌરાષ્ટ્ર પ્રાંત છે. સૌરાષ્ટ્ર પ્રાંતમાં હાલનું વંથળી ગામ છે. અહીંથી પદયાત્રા કરતાં કરતાં વામનજી ભૃગુકચ્છ ગયા હતા. તો તે સમયે વામનજી સમુદ્રના સામે કાંઠે આવેલા ભૃગુકચ્છ સુધી કેવી રીતે પહોંચ્યા હશે? શું આજે જ્યાં દરિયાની ખાડી છે, ત્યાં ભૃગુકચ્છ અને સૌરાષ્ટ્રને જોડતો કોઈ સીધો માર્ગ હતો? શું ભૃગુકચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે હાલ દેખાતી ખંભાતના અખાતની ખાડીના ભાગમાં એવી કોઈ વસાહત હતી?

આ બધા સવાલોના જવાબ જાણે જડી ગયો હોય તેમ કેટલીક નવી ક્ષિતિજો ખૂલી છે. તાજેતરમાં ખંભાતના અખાતમાં મળેલી કેટલીક આશ્ચર્યકારક શોધખોળોમાં અહીં વર્ણવેલી પૌરાણિક કથાઓની જાણે ખૂટતી કડીઓ પડી હોય તેમ લાગે છે.

બલિ રાજા અને વામનજીના વિષયને થોડોક સમય વિરામ આપીને હવે નીચેની વિગતો પર નજર નાંખો.

સન ૧૯૯૯-૨૦૦૦ના વર્ષની વાત છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઓશન ટેક્નોલોજી(NIOT)ના મુખ્ય જિયોલોજિસ્ટ વિજ્ઞાની અને જિયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયાના પૂર્વ ડાયરેક્ટર શ્રી ડૉ. એસ. બદ્રિનારાયણ તથા તેમની ટીમે ખંભાતના અખાતમાં ભૃગુકચ્છ અને સુરત સામેના દરિયાની નીચે એક સંશોધન કર્યું હતું. વિશ્વમાં આજે ઉપલબ્ધ અતિ આધુનિક ટેક્નોલોજી અને સાયન્ટિફિક પદ્ધતિઓને ઉપયોગમાં લઈને તેના ઉપર સંશોધનો કરવામાં આવ્યાં. તેમના પ્રયાસોથી ‘મરીન આર્કિયોલોજી’ એટલે કે સામુદ્રી પુરાતત્ત્વના ક્ષેત્રે અદ્ભુત તારણો બહાર આવ્યાં છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, આજથી સાડા પાંચ હજાર વર્ષ પહેલાં કોઈ જૂની સંસ્કૃતિ અસ્તિત્વમાં નહોતી. પરંતુ નવાં સંશોધનોએ એવી માન્યતાઓનો છેદ ઉડાડી દીધો છે. શ્રી બદ્રિનારાયણ અને તેમની ટીમે સાઈડ સ્કેન સોનાર મશીન દ્વારા ખંભાતના અખાતમાં દરિયાની તળેટીની સોનાર ટેક્નોલોજીથી ઈમેજ લીધી ત્યારે તેમને માનવસર્જિત પથ્થરોના એવા સેંકડો આકારો જોવા મળ્યા કે જેની તેમને કલ્પના નહોતી. ડૉ. બદ્રિનારાયણ કહે છે કે, અહીં એક એવી સંસ્કૃતિ જોવા મળી છે કે જે સમુદ્રના ઊછળતા સ્તરને કારણે તેનો ઈતિહાસ શરૂ થાય તે પહેલાં જ ડૂબી ગઈ છે.[૧૮]

પ્રારંભમાં જ્યારે ડૉ. બદ્રિનારાયણે લીધેલી આ અંડરવોટર સ્ટ્રક્ચરની છબિઓ જગતને બતાવવામાં આવી ત્યારે કેટલાકે તેને કમ્પ્યૂટર સોફ્ટવેરનો જાદુ ગણાવ્યો. પરંતુ જ્યારે સેંકડો અવશેષો ભેગા કરવામાં આવ્યા અને બતાવવામાં આવ્યા ત્યારે કેટલાક લોકોએ એવું કહ્યું કે કદાચ નદીઓ અહીં આવા અવશેષો લઈને આવી હશે, પરંતુ ફરીથી વિગતવાર વૈજ્ઞાનિક અભ્યાસો કરવામાં આવ્યા ત્યારે નિર્ધારિત થઈ ગયું કે દરિયાના પેટાળમાં આ સ્થળ પર જ એવી પુરાતત્ત્વીય સંસ્કૃતિ હતી કે જે છેલ્લા હિમયુગ પછી સમુદ્રમાં પાણીની સપાટી ઉપર આવવાથી ડૂબી ગઈ છે.


ડૉ. બદ્રિનારાયણ કહે છે કે, ખંભાતના અખાતમાં સમુદ્રની સપાટીથી માત્ર ૨૦થી ૪૦ મીટર નીચે એવાં સ્ટ્રક્ચરો મળે છે કે, જેની અમને કોઈને કલ્પના અને અપેક્ષા નહોતી. બદ્રિનારાયણના જ શબ્દોમાં કહીએ તો,[૧૯] ‘Most of the structures that were discovered in the Gulf of Cambay had many similarities to the CITADEL, GREAT BATH and grid-iron pattern habitation sites, grannery, etc. of the Harappan civilization.’ અર્થાત્, હરપ્પન સભ્યતામાં જેવા કિલ્લાઓ, જળકુંડ, ચોક્કસાઈપૂર્વક ગોઠવાયેલી ચોકઠાબદ્ધ વસાહતો જેવી જ રચનાઓ અહીંના સમુદ્રના તળિયે જોવા મળી છે.

---

૧૭. આ બાબત પર મહોર મારતાં તાજેતરમાં વંથળીનું વિધિવત્ નામ વામનસ્થળી તરીકે સરકારે જાહેર કર્યું છે.

૧૮. S. Badrinarayan, *“Gulf of Cambay: Cradle of Ancient Civilization,”* Archeology Online, d.d. https://www.archaeologyonline.net/artifacts/cambay.

૧૯. ibid.








વામનસ્થલી(૧) અને ભૃગુકચ્છ(૨) વચ્ચેનો એ દરિયાઈ ભાગ, જ્યાં માત્ર ૨૦ થી ૪૦ મીટર ઊંડાઈએ દરિયાના તલમાં ૧૦,૦૦૦ વર્ષ પુરાણી, પાંચ માઈલ લાંબી અને બે માઈલ પહોળી નગરી મળી આવી છે. તેના કિલ્લા જેવા ભાગની એક સોનાર ઈમેજ, આ શોધ કરનાર વિજ્ઞાની ડૉ. એસ. બદ્રિનારાયણ.

સામાન્ય રીતે શહેરી સંસ્કૃતિનું સૌથી જૂનું ઉદાહરણ મેસોપોટેમિયાને માનવામાં આવે છે, જેનો સમય ૫૫૦૦ વર્ષ પહેલાંનો મનાય છે. પરંતુ ત્યારબાદ ભારતમાં શોધાયેલી સિંધુ સંસ્કૃતિની શોધખોળોએ તેમાં નવો આયામ ઉમેર્યો. ધોળાવીરા, લોથલ, હરપ્પા, મોહેંજોદડો વગેરે શહેરી સંસ્કૃતિનાં એવાં ઉદાહરણો છે, જેમાં કિલ્લેબંધ સ્થળો, આયોજનબદ્ધ શેરીઓ અને ગલીઓ, ડ્રેનેજ અને સફાઈ વ્યવસ્થા, ઉત્તમ જળસંગ્રહની વ્યવસ્થાઓ, શ્રેષ્ઠ કક્ષાની ગૃહ-વ્યવસ્થાઓ, ચેકડેમ, અનાજનાં સંગ્રહ સ્થાનો અને બંદર જેવી અનેક આશ્ચર્યકારક વ્યવસ્થાઓ જોવા મળી છે. આ શોધ એક તરફ ભારતની પ્રાચીન સંસ્કૃતિની આલબેલ પોકારી રહી છે, ત્યાં બીજી તરફ દરિયામાં આ નવી સાંસ્કૃતિક ક્ષિતિજો ઊઘડી છે.

ડૉ. બદ્રિનારાયણ કહે છે કે, છેલ્લા હિમયુગ દરમિયાન એટલે કે ૧૮,૦૦૦ વર્ષ પહેલાંનો સમુદ્ર આજના સમુદ્રના સ્તરથી ૧૩૦ મીટર નીચે હતો. પરંતુ લગભગ ૧૦,૦૦૦ વર્ષ પૂર્વે હિમયુગ સમાપ્ત થવાથી દરિયાના પાણીનું સ્તર ઊંચું આવ્યું અને તેમાં ઘણું બધું ડૂબી ગયું.[૨૦]

એમાંનું એક ઉદાહરણ ગુજરાતના આ દરિયામાંથી મળી આવેલ વિશાળ શહેર છે.

ગુજરાતના ભૃગુકચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ પટમાં તેના પાતાળમાં શું શું મળી આવ્યું છે?


ડૉ. બદ્રિનારાયણ કહે છે કે, તેઓ પોતાની વૈજ્ઞાનિક ટીમ સાથે સામુદ્રિક સર્વેક્ષણ કરી રહ્યા હતા ત્યારે તેમાં એવાં સ્ટ્રક્ચર મળી આવ્યાં કે જેમાં માનવીય કારીગરીનો સમાવેશ થાય છે. આજના દરિયાકાંઠાથી માત્ર ૨૦ કિ.મી. દૂર અને ૨૦થી ૪૦ મીટર ઊંડે કેટલાક લંબચોરસ આકારના ભૌમિતિક અવશેષો મળી આવ્યા, જે દરિયામાં અપેક્ષિત નથી. અહીં ગ્રીડ પેટર્નમાં શહેરી વસાહત જેવું સ્થળ લાગે છે, જ્યાં હવે સમુદ્રના તળિયે બેઝમેન્ટવાળાં બાંધકામો જોવા મળ્યાં છે. નિશ્ચિત ગ્રીડમાં બિછાવેલાં ૫ x ૪ મીટર અને ૧૬ x ૧૫ મીટરનાં એવાં બાંધકામ જોવા મળ્યાં છે કે જે પ્રાચીન લોકોના નગર આયોજનની સૂઝ દર્શાવે છે. રહેઠાણની નિયમિત જગ્યાઓ સિવાય, સાઈડ સ્કેન સોનારે ઘણી મોટી ઈમારતોની છબિઓ લીધી. આમાંની કેટલીક રચનાઓ નીચે મુજબ છે.[૨૧]

ત્યાં એક લંબચોરસ આકારની ૪૧ x ૨૫ મીટરની ઊંડી રચના છે, જેમાં વ્યક્તિને લગભગ ૭ મીટરની ઊંડાઈ સુધી નીચે જવાની રચના છે. તેની (અનુસંધાન પૃષ્ઠ ૪૬ ઉપર)

૨૦. ibid.

૨૧. ibid, See also: S. Kathiroli, "*Recent Marine Archaeological Finds in Khambhat, Gujarat*" Journal of Indian Ocean Archaeology (2004): 141–149: Asha Krishnakumar, *"The Gulf of Khambhat Debate," Frontline,* March 30–April 12, 2002).


# ગુરુ બિન કૌન બતાવૈ બાટ...



## અમારી અનુભૂતિ

જીવન એક અજાણી કેડી છે.
આ કેડી કોને, ક્યાં અને ક્યારે લઈ
જશે એ કોઈ કહી શકતું નથી.
એવા અજાણ્યા પથ પર એક એવો
સાચો હમરાહી મળી જાય કે જે એ
અજાણી કેડીનો ભોમિયો હોય,
તો જીવન સાર્થક થઈ જાય.
જીવનમાં અચાનક આવતા વળાંકો,
ખાડા-ખબડિયા કે ઉપર-નીચે લઈ જતાં
ટેકરાઓ અને પગથિયાંઓ વખતે
શું કરવું? ક્યાં જવું? કોની સાથે જવું?
આવી અનેક ભૌતિક અને આધ્યાત્મિક
મૂંઝવણોમાં કોને પૂછવું?
આવી સમસ્યા સાચા ગુરુ મેળવનારને
ક્યારેય રહેતી નથી.
કબીરજી યથાર્થ ગાય છેઃ
**ગુરુ બિન કૌન બતાવૈ બાટ...**
સાચા ગુરુ વિના સાચી વાટ એટલે કે
સાચો માર્ગ કોણ બતાવી શકે?
બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને
પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે
અસંખ્ય લોકોને જીવનની કેડી પર
હમરાહી બનીને, એક ગુરુ જ નહીં પરંતુ
સાચા સ્વજનની ભૂમિકા નિભાવી છે.





આવા ગુણાતીત સંતનો ખરો મહિમા આપણા રોજબરોજના જીવનના પ્રશ્નોને ઉકેલવા પૂરતો જ મર્યાદિત નથી, પરંતુ આપણું આધ્યાત્મિક ઘડતર કરવામાં છે. એવા ઘડતરની ચરમ સીમા એટલે બ્રહ્મરૂપ થવું, મોક્ષ કે મુક્તિ પામવી. એ માટે એવા સાચા સંતને ઓળખીને તેમની સાથે આધ્યાત્મિક જોડાણ કરવું અનિવાર્ય છે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમની વાતોમાં એવા સાચા સંત કે સાધુનો મહિમા કહેતાં કહે છેઃ

‘આ સત્સંગ ઓળખાણો ને ભગવાન તથા સાધુ ઓળખાણા એ જ મોક્ષનું દ્વાર કહ્યું છે.’ ‘પ્રસંગમજરં’ એ શ્લોક બોલીને કહ્યું જે, ‘દ્વાર વિના ભીંતમાં માથું ભરાવો જોઈએ! જવાય નહીં. માટે સાચા સાધુ સાથે જીવ જોડવો.’ (૬/૮૫)

‘જે દી તે દી સાધુથી જ મોક્ષ થાય છે, ને જ્ઞાન આવે છે, ને જે દી કાંઈક થયું હશે તે પણ તેથી જ થયું છે. ને થાશે, તે પણ તેથી જ થાશે. માટે મોક્ષનાં દ્વાર આ સંત જ છે.’ (૬/૧૬૩)

‘બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે આવા અક્ષરબ્રહ્મરૂપ સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે, તે બ્રહ્મરૂપ થાય છે.’

ગુણાતીતાનંદ સ્વામીની આ વાતો ભલે દોઢસો વર્ષ પહેલાંની હોય, પરંતુ આ કરાલ કલિકાળમાં પણ તેની સત્યતા પુરવાર કરતા ગુણાતીત સત્પુરુષ, સાધુ, ગુરુ કે સંત પૃથ્વી પર સદેહે વિચરે છે.


બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંગે અને વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સંગે અસંખ્ય મુમુક્ષુઓએ તેનો સ્વાનુભવ કર્યો છે. શાસ્ત્રોમાં સાચા ગુરુનાં જે લક્ષણો કહ્યાં છે તેનો પણ તેમનામાં પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. એવા ગુરુ અનંત જન્મના પુણ્યે પ્રાપ્ત થાય છે.

ગુરુપૂર્ણિમાએ એવા મહાન ગુરુદેવ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં ચરણોમાં વંદન કરીને હવે પછીનાં પૃષ્ઠોમાં તેમની કેટલીક સ્મૃતિઓ માણીએ.

ગુરુપૂર્ણિમાએ વિવિધ ક્ષેત્રના હરિભક્તો અહીં એવા કેટલાક એમના અનુભવો લઈને આપણી સમક્ષ હળવી શૈલીમાં યથા-તથા મૂકે છે. એમાં કલમની કોઈ ઝડઝમક નથી, સીધી સાદી ભાષા છે, પરંતુ એક મહાન ગુરુદેવનો શિષ્યના જીવન પર કેવો પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ પ્રભાવ હોય છે તે અહીં ચોક્કસ અનુભવી શકાય છે. જીવનના પ્રત્યેક વળાંકમાં ગુરુહરિના સથવારે કેવી નિશ્ચિંતતા અનુભવાય છે તેની અહીં વાત છે, જેમાં કબીરજીની પંક્તિ સાકાર થતી અનુભવાય છેઃ **‘ગુરુ બિન કૌન બતાવે બાટ...’**



# જેમણે સમુદ્રનાં મોજાંઓ વચ્ચે મારું વહાણ પાર ઉતાર્યું છે...



■ શ્રી કાલીભાઈ કે. ગોદીવાલા
(એસ.એન.એસ. ઇન્ટરનેશનલ
પેરિસ, ફ્રાન્સ)

મારો જન્મ મુંબઈમાં એક પારસી કુટુંબમાં થયો હોવાથી સ્વાભાવિક છે કે મને સ્વામિનારાયણીય પરંપરાનો પરિચય ન હોય. પરંતુ મારા પૂર્વજન્મનાં કોઈ પુણ્ય હશે કે મુંબઈના અમારા પારસી મંડળને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો યોગ થયો અને તેમાં નિમિત્ત બન્યા હતા - સમાધિવાળા માતાજી પૂજ્ય મણિબા. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની કૃપાથી તેમને સમાધિનો દિવ્ય અનુભવ થતો હતો. તેમના સંયોગને કારણે ૧૯૪૭-૪૮માં મુંબઈના પારસી સદ્‌ગૃહસ્થ શ્રી સોરાબજી મિસ્ત્રી અને તેમનાં પત્ની શ્રીમતી જરબાનુબહેનને બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સત્સંગનો રંગ લાગી ગયો. શાસ્ત્રીજી મહારાજની કૃપાથી પૂજ્ય મણિબાના સાંનિધ્યમાં શ્રીમતી જરબાનુ બહેનને પણ સમાધિ થઈ હતી અને તેમને સમાધિમાં જરથુસ્ત, પયગંબર તથા ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન થયાં હતાં. માત્ર દર્શન થયાં હતાં એટલું જ નહીં, સમાધિમાં કેટલીક દિવ્ય વસ્તુઓ પણ સૌની નજર સામે તેમના ખોળામાં પડી હતી. આ રીતે અમારા પારસી મંડળમાં શાસ્ત્રીજી મહારાજની એક અનોખી કૃપાનો સૌને અનુભવ થયો હતો. પછી તો શાસ્ત્રીજી મહારાજ મુંબઈમાં નિર્ગુણદાસ સ્વામી તથા યોગીજી મહારાજને લઈને અમારા પારસી મંડળમાં પધારેલા અને સૌ પારસીઓને ખૂબ આશીર્વાદ આપ્યા હતા. એમાંના કેટલાય પારસી ગૃહસ્થો ચુસ્ત સ્વામિનારાયણીય સત્સંગી બની ગયા. શ્રી પીરોજશાહ શેઠ, નસરવાનજી મારફતિયા, મીનુ વાડિયા, માણેકજી વકીલ વગેરે પણ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ભક્તિભાવવાળા હોવાથી તેઓ આવતા, દર્શન, સેવા અને સત્સંગનો લાભ લેતા. શાસ્ત્રીજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિથી અમારું નાનું એવું પારસી મંડળ રંગાઈ ગયું.

એ રંગવર્ષામાં અમારો પારસી પરિવાર પણ ભીંજાયો. એને કારણે હું મારી દસેક વર્ષની ઉંમરે સત્સંગમાં જોડાયો હતો. એ ઉંમરે ગુરુ શું કહેવાય અને તેનું શું મહત્ત્વ હોય તેવી કશી ખબર નહોતી. પરંતુ સત્સંગમાં આવીને ભજન-ભક્તિ અને કથાનો લાભ લેતો.

સન ૧૯૬૪માં મારો હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો થયો ત્યારે અમે ઠાકોરજીના વાઘા લઈને બોચાસણ ગયા હતા અને યોગીજી મહારાજના સાંનિધ્યમાં લગભગ પાંચ-સાત દિવસ રોકાયા હતા. થોડા દિવસો પછી અમે મુંબઈ પાછા જવાના હતા ત્યારે યોગીજી મહારાજે અમને સહેજે પ્રશ્ન પૂછ્યો, ‘તમે હવે ક્યાં જવાના છો?’ અમે કહ્યું, ‘અત્યારે બે મહિનાની રજા છે, ઘરે મુંબઈ જઈશું અને વૅકેશન ત્યાં મિત્રો સાથે વિતાવીશું.’ ત્યારે યોગીજી મહારાજે કહ્યું, ‘ઓહોહો... આટલી બધી રજા છે તો તમે બધાં મંદિરોનાં દર્શન કરી આવો ને!’ એ વખતે એક ગુરુ તરીકે યોગીજી મહારાજ પ્રત્યે હૃદયમાં ખૂબ આકર્ષણ થયું હતું. તેઓનાં પ્રેમ અને વાત્સલ્ય હૃદયમાં સ્પર્શી ગયાં હતાં. આથી તેમની આજ્ઞા મુજબ અમે જવા તો તૈયાર થયા, પરંતુ કેવી રીતે જવું? ક્યાં જવું? એ વિશે તો અમને કશી ખબર નહોતી. અમારી મૂંઝવણ તેઓ પારખી ગયા. તેમણે તાત્કાલિક તે વખતના કોઠારી સ્વામીને આજ્ઞા કરી કે ‘આ યુવકોને તમે ૧૦૦ રૂપિયા આપો, જેથી તે બધાંય મંદિરનાં દર્શન કરી આવે અને ત્યાં અઠવાડિયું-અઠવાડિયું રોકાય.’ પછી હકાખાચરને કહ્યું કે ‘તમે આ યુવકોને મંદિરોનાં દર્શનનો પ્લાન કરી આપો.’ એ પ્રમાણે તેમણે મારા જીવનમાં બધાં મંદિરોની યાત્રા કરાવી અને એ મંદિરો સાથે મારો કાયમનો ભક્તિનો નાતો સ્થાપી આપ્યો. એટલું જ નહીં, આ દર્શનયાત્રા દરમ્યાન મને જુદા જુદા સંતો સાથે મેળાપ થયો, પરિણામે સંતો સાથે આત્મીયતા થઈ ગઈ. સારંગપુરમાં પૂજ્ય સદ્‌ગુરુ સંતવલ્લભદાસ સ્વામીના કહેવાથી ઘનશ્યામચરણ સ્વામીએ અમને સૌ પ્રથમ વચનામૃત વંચાવ્યું હતું. ત્યારથી મને શાસ્ત્રોનો પાઠ કરવાનો એક માર્ગ મળી ગયો. એક ગુરુ તરીકે યોગીજી મહારાજે એક જ આજ્ઞા કરીને મારા જીવનને આધ્યાત્મિક સરાણ પર ચઢાવી દીધું.

સન ૧૯૬૫માં શાસ્ત્રીજી મહારાજના શતાબ્દી મહોત્સવ પ્રસંગે મુંબઈથી અમારું આખું પારસી મંડળ લઈને મણિબા અટલાદરા પધાર્યાં હતાં. એ વખતે પ્રમુખસ્વામી મહારાજનો મહિમા સૌએ બહુ સમજાવ્યો હતો, એટલે તેઓ જ્યાં પૂજા કરવા બેસે કે નાની મોટી સેવામાં જતા હોય તો તેની સાથે સાથે દોડીએ ને લાભ લઈએ. તે વખતે મારી ઉંમર ૧૬-૧૭ વર્ષની. પ્રમુખસ્વામી મહારાજની શાંત અને સાધુતાસભર વિનમ્ર પ્રતિભા મને ખૂબ સ્પર્શી ગઈ.

તે અરસામાં પ્રમુખસ્વામી મહારાજ જ્યારે જ્યારે મુંબઈમાં દાદર મંદિરે પધારે ત્યારે એમનાં કથા-પ્રવચન સાંભળવાની ઉત્સુકતા ખૂબ રહેતી. તેમની પ્રેરણાથી મને તપ કરવાની પણ ઇચ્છા જાગી. એકાદશીના નકોરડા ઉપવાસ કરતો. એકવાર અધિક માસમાં આખો મહિનો ઉપવાસ પણ કર્યા હતા. ભણતર પૂરું થયા પછી હું તે વખતે નોકરીએ લાગેલો તોપણ ૧૦ વર્ષ સુધી વાઈટ પેન્ટ ને વાઈટ શર્ટ જ પહેરતો. રંગીન કપડાં મેં વર્ષો સુધી પહેર્યાં ન હતાં. અનાયાસે આ બધી પ્રેરણા પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી અને તેમની કથાવાર્તામાંથી મળ્યા કરતી. દર દિવાળીએ અમે સારંગપુર અને અન્ય મંદિરે દર્શન માટે જતા. ત્યાં સંતો સાથે સેવામાં લાગી જઈએ. સવારના ચાર - સાડા ચાર વાગે ઊઠતા, સમગ્ર મંદિરમાં ઝાડુ-પોતાં કરતા, સ્વચ્છતા કરતા, ઠંડીના સાધારણ દિવસો હોય એટલે ગરમ પાણીની બાલ્ટીઓ બધાને આપવા જતા. આમ કરતાં કરતાં પ્રમુખસ્વામી મહારાજ સાથે દૃઢ આત્મીયતા ક્યારે બંધાઈ ગઈ તેની ખબર પણ ન રહી.

સન ૧૯૮૩માં પ્રમુખસ્વામી મહારાજે દાદરમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરી પછી એક વખતે તેઓ મંદિરના ગર્ભગૃહ સમક્ષ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિનાં દર્શન કરી રહ્યા હતા. ત્યારે સ્વામીશ્રીના મુખમાંથી સહેજે વાક્ય સરી પડ્યું કે 'હરિકૃષ્ણ મહારાજનું હાસ્ય કેવું સુંદર છે!' એ વખતે હું ત્યાં બાજુમાં જ ઊભો હતો. મારા હૃદયમાં આ વાક્ય એકદમ ચોંટી ગયું. મેં ત્યાં ને ત્યાં સંકલ્પ કર્યો કે મારે હવે રોજ દાદર મંદિરે દર્શને આવવું અને કથાવાર્તામાં રોજ બેસવું. ગુરુનું એક વાક્ય કે ગુરુની એક ક્રિયા કેવી રીતે આપણા જીવનમાં અસર કરે છે તે મેં અનુભવ્યું છે. તે દિવસથી હું મુંબઈમાં રહ્યો ત્યાં સુધી દાદરમાં મંદિરે ઠાકોરજીનાં દર્શન અને કથા એકપણ દિવસ ચૂક્યો નથી.

સન ૧૯૯૦થી સ્વામીશ્રીએ મને સંતોના ટ્રાવેલ્સની વ્યવસ્થાની સેવામાં જોડ્યો. ખાસ કરીને વિદેશ વિચરણના ટ્રાવેલ્સમાં, તેમણે મને સતત ૨૦ વર્ષ સુધી આ સેવા આપી હતી. આ સેવાને કારણે સ્વામીશ્રીને અવારનવાર મળવાનું થાય. ખાસ કરીને સ્વામીશ્રી વિદેશયાત્રાએ પધારવાના હોય ત્યારે ઍરપોર્ટ પર તેઓની બધી વ્યવસ્થા કરવામાં તેઓની કૃપાનો વિશેષ અનુભવ થતો. તેઓ મને મારા વ્યવસાય અને આ સેવા અંગે ઝીણામાં ઝીણું માર્ગદર્શન આપે, મારી મૂંઝવણોમાં માર્ગ કાઢી આપે, એક ગુરુ અને સ્વજન તરીકે તેઓ મને સતત જીવનની દિશા બતાવતા રહ્યા. આ સેવાને કારણે સ્વામીશ્રી સાથે થોડુંક જોડાણ વધારે થયું.

પ્રમુખસ્વામી મહારાજની કથામાંથી જીવનના અનેક પ્રશ્નોમાં મને સહેજે જીવનના પ્રશ્નોના ઉકેલ જડી જતા અને માર્ગદર્શન મળી રહેતું. એક વખત સ્વામીશ્રી કથામાં બોલ્યા હતા કે આપણને કંઈપણ તકલીફ હોય તો જનમંગલ નામાવલિના પાઠ કરવા. તે વાતને આજે ૫૦ વર્ષ જેવું થવા આવ્યું. હું ગમે ત્યાં ટ્રાવેલિંગમાં હોઉં, ઍરપોર્ટ પર હોઉં, સ્ટેશન પર હોઉં, નાહી-ધોઈને નિત્યપૂજાની સાથે સાથે પહેલાં આ પાઠ અવશ્ય કરી લઉં. મેં મારા ટ્રાવેલ્સના વ્યવસાયમાં યુરોપનું કાર્ય શરૂ કર્યું ત્યારે ભર સમુદ્રમાં મોજાં ઊછળે એવી તકલીફો આવી. પરંતુ ત્યારે સ્વામીશ્રીની પ્રેરણાથી ભગવાનના નામનો નિયમિત પાઠ કરતો રહ્યો. આ નિયમથી તેમની કૃપાનો અનુભવ થતો અને મારું વહાણ હંમેશાં કિનારે પહોંચી જતું. ૫૦ વર્ષથી મારો એ અનુભવ રહ્યો છે.

૧૯૯૮ની આસપાસ સ્વામીશ્રીની ઇચ્છા મુજબ ગઢડા મંદિરમાં ટેકરા પર માસ્ટરપ્લાન મુજબ નવું બાંધકામ થઈ રહ્યું હતું ત્યારે મને સેવા કરવાની ઇચ્છા હતી. એ જ વખતે મારે નવી કંપની પણ શરૂ કરવાની હતી. પૂર્વે મારા નાના મોટા તમામ બિઝનેસમાં મેં લેટરપેડ પર સ્વામીશ્રી પાસે લેખિત આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. દરેક વખતે સ્વામીશ્રીએ ખૂબ કૃપા કરીને મને ઉત્સાહથી આશીર્વાદ લખી આપ્યા છે. આથી આ વખતે પણ મેં મારી નવી કંપની 'એસ.એન.એસ. ઇન્ટરનેશનલ'નું બ્રોશર અને લેટરહેડ તેમની સમક્ષ આશીર્વાદ માટે ધર્યાં. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ તેના પર સહી કરી આપી અને પછી પૂછ્યું: 'આ એસ.એન.એસ. ઇન્ટરનેશનલ કેવું નામ રાખ્યું?' મેં કહ્યું: 'તેમાં આપનું નામ છે - શાસ્ત્રી નારાયણસ્વરૂપ!' તે જ ક્ષણે નિઃસ્પૃહિતાથી સ્વામીશ્રીએ બ્રોશર અને આશીર્વાદ પત્ર મારા હાથમાં પકડાવી દીધાં અને બીજી વાતમાં પ્રવૃત્ત થઈ ગયા. એ નિઃસ્પૃહિતા મારા જીવનનો મહત્ત્વનો અધ્યાય બની ગઈ છે.

કેટલીકવાર સ્વામીશ્રીએ એવા પ્રસંગો ઊભા કર્યા કે જેમાં મને તેમની દિવ્ય શક્તિનો પરિચય થયો છે. સન ૧૯૯૪-૯૫માં લંડનમાં મંદિરનું નિર્માણ કાર્ય પૂરવેગે ચાલી

રહ્યું હતું ત્યારે એક એવી ગૂંચવણ આવી, જેના કારણે કેટલાક કારીગરો ભારતથી ત્યાં જતાં અટકી ગયા હતા. એ પ્રસંગમાં હું મુંબઈમાં બ્રિટિશ હાઈકમિશન સાથે રકઝક કર્યા કરતો હતો. પણ સફળતા મળતી નહોતી. એ અરસામાં સ્વામીશ્રી મુંબઈમાં પધાર્યા હતા. તેઓની ઉપસ્થિતિમાં એક ભવ્ય રંગોત્સવ દાદર મંદિરની બહાર ખુલ્લા માર્ગ પર થયો હતો અને તેઓએ હજારો હરિભક્તોને રંગવર્ષા કરીને ખૂબ રંગ્યા હતા. હું તો પેલા કામમાં અટવાયેલો હતો અને તે દિવસે રાત્રે તે અંગે સ્વામીશ્રીને બધી વિગતો જણાવીને તેમના ખાસ આશીર્વાદ માંગવાના હતા તેથી તેના કામકાજમાં ઑફિસેથી નીકળી શક્યો નહીં. છેવટે મોડે મોડે દાદર મંદિર પહોંચતાં લગભગ દશ વાગી ગયા. હું ત્યાં સ્વામીશ્રીના ઉતારે પહોંચ્યો અને તેમની સીધી દૃષ્ટિ મારી ઉપર પડી. સંતોની ભીડ વચ્ચે તેમણે મને બૂમ મારી નજીક બોલાવ્યો. ઋષિરાજ સ્વામીએ કહ્યું કે આપે બધાને રંગ્યા પણ કાલીભાઈને રંગવાના રહી ગયા. સ્વામીશ્રીએ મારા મસ્તક ઉપર હાથ મૂકીને કીધું કે તેને તો અમે રંગેલો જ છે. એમ કહીને કારીગરોના અટકેલા કામ અંગે પૂછપરછ કરી. તે વખતે મારા હાથમાં એક ફોલ્ડિંગ નાની છત્રી હતી. થોડો થોડો વરસાદ હતો એટલે હું બગલમાં લઈને આવ્યો હતો. તો સ્વામીશ્રીએ મારી બગલમાંથી છત્રી ખેંચીને પગથી માથા સુધી ગોળ ગોળ ફેરવી અને સાથે સાથે બોલવા લાગ્યા: 'કાલી કલકત્તે વાલી તેરા વચન ન જાયે ખાલી... આમ કહીને તું આમ ગોળ ગોળ છત્રી ફેરવી કાઢ એટલે તારું કાર્ય થઈ જશે.' એમ કહેતાં તેઓ ખૂબ હસી પડ્યા. અને ખરેખર તેઓના આશીર્વાદથી એ કાર્ય જોતજોતાંમાં પતી ગયું.


ત્યારપછી વરસો સુધી એ છત્રી મેં સાચવીને રાખી હતી. મારી ઑફિસે બાજુમાં જ આ છત્રી રહે. કંઈ પણ અઘરું કાર્ય કરવાનું હોય, હ્યુસ્ટન, એટલાન્ટા, ટોરન્ટો આ બધાં મંદિરોની નાની મોટી કાર્યવાહી અંગે પરમિશન લેવાની હોય ત્યારે સ્વામીશ્રીનું સ્મરણ અને સ્વામિનારાયણ નામનું રટણ કરતાં આ છત્રી લઈને જતો ને કપરાંમાં કપરાં કાર્ય સરળતાથી થઈ જતાં. દરેક વખતે લાગતું કે મારાથી એક ડગલું આગળ ચાલીને ગુરુ જ બધું કાર્ય કરી નાંખે છે.

સન ૨૦૦૬માં સ્વામીશ્રી વિદેશયાત્રાએ જઈ રહ્યા હતા ત્યારે મુંબઈ ઍરપોર્ટ પર તેમને ખૂબ લાંબું ચાલવું ન પડે એટલે વ્હીલચેરની વ્યવસ્થા કરી હતી. તેઓ મને કહે કે તું અહીં આવ ને મારો હાથ પકડ. હું ચાલી નાંખીશ. મારે કાંઈ ખુરશી બુરશીમાં બેસવું નથી.' એમ કરીને હાથ પકડીને ચાલ્યા. મેં કહ્યું કે આ નવું ઍરપોર્ટ કર્યું છે તે બહુ લાંબું છે. તો મને કહે કે 'નવું હશે તો આપણે જોઈ લેશું કે નવું કેવું કર્યું છે!' એમ કરતાં મધુર સ્મિત કરીને ચાલવા લાગ્યા. એ વખતે ૮૬ વર્ષની ઉંમરે તેઓની જે ખુમારી હતી તે કંઈક અનોખી હતી. તે મને હંમેશાં પ્રેરણા આપતી રહેશે.

એકવાર સ્વામીશ્રી ચરોતરના એક ગામે સરપંચને ત્યાં પધરામણીએ પધાર્યા હતા ત્યારે તેમણે સ્વામીશ્રીને કહ્યું કે મુંબઈમાં ગોદીવાલા કરીને તમારા એક પારસી ભગત છે તેને તમે ભલામણ કરો તો મારે અમેરિકા જવું છે તેમાં મને મદદ કરે. સ્વામીશ્રી કહે કે 'ગોદીવાલા નામના કોઈ પારસીને હું તો નથી ઓળખતો.' એમ કહીને તેઓએ આજુબાજુમાં બધા સંતોને પણ પૂછ્યું. પરંતુ બધાએ ના કહી. સ્વામીશ્રી કહે કે હું મુંબઈ જઈશ ત્યારે શોધીશ અને તમારું કાર્ય થતું હશે તો તે કરી આપે તેવી વિનંતી કરીશું. સ્વામીશ્રીનો સ્વભાવ એવો હતો કે કોઈનું કાંઈ કાર્ય ભૂલે નહીં. થોડા જ દિવસોમાં તેઓ મુંબઈ આવ્યા ત્યારે સ્થાનિક બધા સંતોને પૂછ્યું, પરંતુ કોઈ ગોદીવાલાને ઓળખતા નહોતા.

એકાદ દિવસમાં હું તેઓનાં દર્શને ગયો ત્યારે તેમની નજર મારી ઉપર પડી. હાથ લાંબો કરીને મને કહે કે 'કાલી! તું પારસી છે, તો મને કહે કે આપણા મંડળમાં ગોદીવાલા કરીને પારસી કોણ છે, તને ખબર છે?' મેં એમને કહ્યું કે 'સ્વામી! હું જ ગોદીવાલા છું. ગોદીવાલા તો મારી અટક છે!' એ વખતે તેઓ જે ખડખડાટ હસ્યા છે તે મારા હૈયે જડાઈ ગયું. માથે હાથ દઈને તેઓ કહે કે 'ક્યારથી તારા નામની રામાયણ ચાલે છે, તને ખબર છે? આપણા સત્સંગમાં તને ગોદીવાલાના નામથી કોઈ નથી ઓળખતું!' એમ કહીને હસતાં હસતાં પેલા ગામના સરપંચને મદદ કરવાની મને ભલામણ કરી દીધી.

પ્રમુખસ્વામી મહારાજની જેમ મહંત સ્વામી મહારાજે પણ મારા પર એવું જ વાત્સલ્ય વરસાવ્યું છે. મારા ઘરે પેરિસમાં બિરાજીને મને ધન્ય કર્યો છે. તેઓના આશીર્વાદ અને તેઓનું માર્ગદર્શન મને અને મારા પરિવારને શાંતિ પમાડી રહ્યું છે. આમ, અનેક વખત એક પારસી તરીકે સ્વામીશ્રીએ મને પોતાનો ગણીને જે આધ્યાત્મિક અને ભૌતિક રીતે સતત લાભ આપ્યો છે તે ક્યારેય વીસરી શકાય તેમ નથી. તેઓની પ્રેરણાથી હું ફ્રાન્સના પેરિસના સત્સંગ-મંડળમાં સેવા કરું છું અને આજે ઘરમાં બેઠાં બેઠાં આ સ્મૃતિઓ બધી કરું છું ત્યારે તેમણે ડગલે ને પગલે સામેથી જે સુખ આપ્યું છે, માર્ગદર્શન આપ્યું છે, જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે, તે મને રોમાંચિત કરી મૂકે છે. એવા ગુરુદેવનું ઋણ ક્યારેય ચૂકવાશે નહીં. ◆



# જેમણે ચીંધેલા વિવેકના માર્ગે હું આ પદ પર પહોંચ્યો છું...



■ **શ્રી મોહકભાઈ શ્રોફ**
(સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ, LinkedIn, યુ.એસ.એ.)

મારો જન્મ થયો ૧૯૭૮ની સાલમાં બાહરીનમાં. અને અમને ત્યાં બી.એ.પી.એસ. સત્સંગનો યોગ થયો ૧૯૮૦ની સાલમાં. સન ૧૯૮૫માં પ્રમુખસ્વામી મહારાજ પ્રથમ વખત બાહરીન પધાર્યા ત્યારે તેઓ અમારા નાનકડા મકાનમાં આવ્યા હતા. એ સમયે મારી નાની ઉંમરે પણ મનમાં બહુ ભાવ થયો હતો કે આવા મહાન સંત અમારા ઘરમાં આવ્યા! ત્યારથી અમને સત્સંગનો પ્રાથમિક રંગ લાગી ગયો.

સન ૧૯૯૬માં જ્યારે હું અમેરિકા વધુ અભ્યાસ માટે આવ્યો એ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ પણ અમેરિકા વિચરણમાં પધાર્યા હતા. ત્યારે તેઓની ઉપસ્થિતિમાં કેટસ્કિલમાં યોજાયેલી એક શિબિરમાં સ્વામીશ્રીએ કિશોરમંડળની સભામાં કહ્યું હતું: 'આઈ લવ યુ ઓલ!' એ હૃદયને અત્યંત સ્પર્શી ગયું. એને લીધે સત્સંગનો રંગ ચઢતો ને ચઢતો થયો.

એ વખતે મારી પાછળ બેઠેલા એક કિશોરને સ્વામીશ્રીનો ફોટો પાડવો હતો, પરંતુ તેની આગળ હું હાઈટમાં ઊંચો હતો તેથી તેને સ્વામીશ્રી બરાબર દેખાતા નહોતા. તેથી હું થોડોક નમી ગયો. સ્વામીશ્રીએ આ જોયું. તેમણે પ્રસન્નતાપૂર્વક એક શીખ આપી: 'આપણે મનુષ્ય છીએ, આપણે એકબીજાને સહયોગી થઈએ એ આપણી શોભા કહેવાય. બીજાને ફોટો પાડવો હતો તો આપણે નમી જઈએ, ખસી જઈએ.' એમ પ્રસન્નતા દર્શાવીને બીજા માટે ખસી જવાનું કે નમી જવાનું એક જીવનભરનું ભાથું બાંધી આપ્યું.

સન ૨૦૦૦માં હું ગ્રેજ્યુએટ થયો ત્યારે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં પેરીમાં એક મોટી શિબિર થઈ હતી. એ વખતે અમેરિકાના કિશોરોની માનસિકતા મુજબ કેટલાક સંવેદનશીલ વિષયો તેઓની ઉપસ્થિતિમાં ચર્ચાયા હતા, જેમ કે, ડેટિંગ. અમે યુવકો અને કિશોરો સ્વામીશ્રી સાથે બેઠા અને તેની સ્પષ્ટ વાત કરી ત્યારે તેઓએ અમને પૂછ્યું કે તમારો શું વિચાર છે? અમે બધા મૂંઝવણમાં હતા. પરંતુ સ્વામીશ્રીએ ખૂબ સંતુલન રાખીને સૌને સમજાવતાં આશીર્વચનમાં કહ્યું: 'વિવેક રાખવો!' સ્વામીશ્રીની આ વિનમ્ર અને સરળ શીખ સૌને હૈયે સ્પર્શી ગઈ.

એ સમયે ઇન્ટરનેટના ઉપયોગ વિષયે પણ ઘણી સંવેદનશીલ ચર્ચા ચાલતી હતી. તેમાં અશ્લીલતાથી લઈને ચેટમાં એડિક્ટ થઈ જવાય વગેરે વિષયો ચર્ચાઈ રહ્યા હતા. હું ને એક બીજો યુવક સ્વામીશ્રી પાસે ગયા. અમારા બંનેના વિચારો એકબીજાથી વિરુદ્ધ હતા. ઇન્ટરનેટની ઉપયોગિતા અને તેનાં જોખમો વચ્ચે શું પસંદ કરવું તે વિષે અમે અટવાતા હતા. સ્વામીશ્રીએ તો કોઈ દિવસ ઇન્ટરનેટ વાપર્યું નહોતું, પણ સ્વામીશ્રીએ મને પૂછ્યું: 'તું કહે છે કે આ બહુ કામની વસ્તુ છે, પણ તેમાં અશ્લીલ વસ્તુઓ તો છે ખરી ને? મેં હા પાડી.

સ્વામીશ્રીએ અમને તે વખતે ખૂબ ઊંડું માર્ગદર્શન આપીને એક જ વાત કરી: 'આપણે ઇન્ટરનેટ વાપરતાં વિવેક રાખવો.'

વિવેક!

કેટલી મહત્ત્વની બાબત સ્વામીશ્રીએ સહજતામાં અમને શીખવી દીધી, જે જીવનના દરેક પગથિયે ખપમાં આવે છે.

મારા મનમાં આ વાતનો બહુ જ પ્રભાવ પડ્યો કે હું અમેરિકામાં સોફ્ટવેરનું ભણ્યો, ડિગ્રી લીધી અને સ્વામીશ્રી આવું કાંઈ ભણ્યા નથી છતાં પણ એકદમ સચોટ માર્ગદર્શન!

મને લાગ્યું કે આ મહાન સંત સાથે આધ્યાત્મિક જોડાણ કરવું જોઈએ. તેઓની કૃપાથી પછી મને સત્સંગનો રંગ ચઢતો ને ચઢતો રહ્યો. હું બાહરીનથી કૉલેજ કરવા અમેરિકા ગયો હતો ત્યારે પણ તેઓના આશીર્વાદ લીધા હતા. કૉલેજમાંથી મેં તેઓને એક પત્ર લખ્યો હતો, 'સ્વામી, મને અહીં કૉલેજમાં એકલવાયું લાગે છે.' સ્વામીશ્રીએ મારા એ પત્રનો જવાબ આપીને મને જે માર્ગદર્શન આપ્યું હતું તે હું અત્યારે પણ મારી પૂજામાં રાખું છું. પછી મેં નક્કી કર્યું કે

હવેથી જીવનમાં જે કાંઈ કરવું એ બધું તેઓનું માર્ગદર્શન લઈને જ કરવું. તેઓના આશીર્વાદ સાથે મેં સન ૨૦૦૦ થી સન ૨૦૦૮ સુધી નોકરી કરી. ૨૦૦૮માં LinkedIn કંપનીમાં નવી જોબ માટે મેં ઇન્ટરવ્યૂ આપ્યો. ઇન્ટરવ્યૂમાં મારી રજૂઆત અત્યંત સારી નહોતી. આમ છતાં મને એમાં જોબ મળી ગઈ. પણ તેમણે મને ઓફર આપી એ બહુ સારી ઓફર નહોતી, પરંતુ મને ગમતી હતી.

આથી મેં ફોન દ્વારા સ્વામીશ્રીનું માર્ગદર્શન લીધું. મેં તેઓને કહ્યું કે 'સ્વામીબાપા, આ બહુ જ સારી કંપની છે, આગળ જઈને બહુ પ્રગતિ કરી શકે છે, હું પણ ખૂબ આગળ વધી શકીશ અને કંપની પણ આગળ વધશે. મને પૈસા પણ ખૂબ મળશે અને મને આ કંપની બહુ ગમે છે. હું આ જોબ કરવા ખૂબ આતુર છું અને આ જોબ હું લઈ લઉં?'

સ્વામીશ્રીએ મને કંપનીને લગતા થોડાક પ્રશ્નો પૂછ્યા. પછી કહ્યું કે આપણે આ જોબ નથી લેવી. આટલું કહીને તેઓએ ફોન મૂકી દીધો.

મારાં માતા-પિતા અને મારો મોટો ભાઈ પણ ટેક્નોલોજીના ક્ષેત્રમાં છે, તેણે પણ મને કહ્યું કે આ જોબ તો તારે લેવી જ જોઈએ. આપણે સ્વામીશ્રીને ફરીથી ફોન કરીને પૂછીએ. એક તરફ હું પણ આ જોબ લેવા માટે ખૂબ ઉત્સાહી હતો, પરંતુ બીજી તરફ સ્વામીશ્રીએ આ જોબ માટે મને ના પાડી દીધી કે આ જોબ ન કરશો. એટલે મેં તેઓની આજ્ઞાથી આ જોબ માટે જે રિક્રૂટર હતા તેમને ના પાડી દીધી.

તેઓ મને કહે કે કેમ ના પાડો છો? આવી જોબને કોઈ ના ન કહી શકે. તમે કારણ તો આપો કે તમારે કેમ જોબ નથી કરવી? તમારે વધારે પૈસા જોઈએ છે?

મેં કહ્યું: ના એવું કંઈ નથી, પરંતુ ના એટલે ના.

તે વ્યક્તિએ મને કહ્યું કે હું તમારો આ જવાબ સ્વીકારતો નથી. હું તમને બે દિવસ પછી ફરીથી ફોન કરીશ.

બે દિવસ પછી તેમનો ફરીથી ફોન આવ્યો ને મને કહ્યું કે તમને થોડા હજુ વધારે પૈસા આપું છું, વધારે સ્ટોક(શેર) આપું છું, તો હવે તું વિચારીને જોબ માટે હા પાડ.

મને થયું કે હજુ એક વાર સ્વામીશ્રીને પૂછી લઈએ. મારા પિતાએ સ્વામીશ્રીને ફોન કર્યો. સ્વામીશ્રીએ પૂછ્યું કે 'ગયા વખતે તેં પૂછ્યું હતું તે આ જ કંપનીની વાત છે ને?' એટલે મેં હા પાડી.

સ્વામીશ્રીએ કહ્યું: 'એક વાર ના પાડી ને!' એમ કહી થોડી વાતોચીતો કરી એમણે ફોન મૂકી દીધો.

હું પાછો પેલી વ્યક્તિ પાસે ગયો ને કહ્યું કે હું આ જોબ નહીં કરી શકું. તો તે વ્યક્તિ મને પૂછવા લાગી કે 'તું હજુ કેમ ના પાડે છે? You are a terrible negotiator!'

મેં કહ્યું કે 'પ્લીઝ મને માફ કર. મારે નથી જોઈતી જોબ.'

ત્રણેક દિવસ પછી એનો પાછો ફોન આવ્યો: 'તું ના કેમ પાડી રહ્યો છે? હું તને થોડા વધારે પૈસા, થોડા વધારે સ્ટોક આપું છું. હવે તું મારી પાસે વધુ માંગવા નહીં આવતો.'

મેં કહ્યું: 'તારી પાસે હું એક પણ વાર માંગવા નથી આવ્યો અને તને ના જ પાડી રહ્યો છું. છતાં તું વધુ આપવા જઈ રહ્યો છે.' તો એણે વળી વધુ મોટા ટાઇટલ અને વધુ રકમની ઑફર કરી.

પછી મેં વિચાર્યું કે ફરીથી સ્વામીશ્રીને પૂછી લઈએ.

ફરીથી સંકોચ સાથે મેં સ્વામીશ્રીને ફોન કર્યો. તેમણે ખૂબ પ્રેમથી વાત કરતાં પૂછ્યું: 'હવે પગાર કેટલો થયો? કમાણી કેટલી થાય? સ્ટોક(શેર) કેટલો થયો? ટાઇટલ શું થયું?' બધી મેં વાત કરી.

સ્વામીશ્રીએ ક્ષણમાં જ કહી દીધું: 'બસ, હવે બરોબર છે. હવે આ જોબ લઈ લે.'

જ્યાં સુધી મારા યોગ્ય ન થયું ત્યાં સુધી સ્વામીશ્રીએ ના પાડી. મને પણ થયું કે એક રીતે સ્વામીશ્રીએ મારી કસોટી કરી કે તું અમારા વચને ના પાડવા તૈયાર છે?

આજે એ જોબમાં મારી કેટલી પ્રગતિ થઈ છે! આજે આ વિશ્વપ્રસિદ્ધ કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ તરીકે હું બેઠો છું તેના મૂળમાં સ્વામીશ્રીની કૃપા યાદ આવે છે.

ઘણાં વર્ષો પછી હું જ્યારે સિનિયર પદ પર પહોંચ્યો ત્યારે જે રિક્રૂટર હતો તેણે મને કહ્યું કે તમે brilliant negotiator છો.

મેં પૂછ્યું કે 'કેમ?'

તેણે કહ્યું કે 'તારો ઇન્ટરવ્યૂ બહુ સારો નહોતો થયો. અમારે તને બહુ પૈસા પણ આપવા નહોતા. પણ તેં આવી રીતે ના પાડી તો મને ખોટું લાગી ગયું કે તું કોણ છે જે અમને આવી રીતે ના પાડે છે! પછી વિચાર્યું કે આને તો જોબમાં લાવવો જ પડશે.'

અને પરિણામે આજે હું એક ઉચ્ચ પદે પહોંચ્યો છું. આવી રીતે સ્વામીશ્રીની કૃપા હતી મારા પર.

ત્યારપછી જીવનના દરેક પગથિયે સ્વામીશ્રીને પૂછતો રહ્યો કે હવે શું કરવું, કઈ રીતે કરવું?

તેઓની આજ્ઞાથી સન ૨૦૧૫ પછી મહંત સ્વામી મહારાજને બધું પૂછતો રહ્યો. ૨૦૧૫માં મેં તેઓને પૂછ્યું હતું કે 'આ કંપનીમાં મારે લગભગ સાતેક વર્ષ થઈ ગયાં છે. અહીં હવે વધુ પ્રગતિ થતી નથી. હવે શું કરવું?'

ત્યારે મહંત સ્વામી મહારાજે કહ્યું કે 'અત્યારે જ્યાં છે

ત્યાં બેઠો રહે, કાંઈ કરવાની જરૂર નથી.' એકદમ સ્પષ્ટ આદેશ.

૨૦૧૫માં આ વાત થઈ અને ૨૦૧૬માં અમારી કંપની વેચાઈ. મૅનેજમૅન્ટ બદલાયું અને એમાં હું કંપનીમાં એન્જિનિયરિંગ હેડ બન્યો. આજે મારા હાથ નીચે લગભગ ૭૦૦૦ માણસ કામ કરે છે એ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ.

થોડા સમય પહેલાં મહંત સ્વામી મહારાજ સમક્ષ મેં એક રજૂઆત કરી હતી. એ સમયના અમારી કંપનીના સી.ઈ.ઓ.એ મને પૂછ્યું હતું કે 'હવે હું કદાચ આ જોબમાંથી નીકળું તો તારે સી.ઈ.ઓ. થવું છે?' આ વાત મેં મહંત સ્વામી મહારાજ સમક્ષ રજૂ કરી ત્યારે તેઓએ તાળી પાડીને હાથનું લટકું કર્યું હતું કે હા, જા, સી.ઈ.ઓ. થઈ ગયો તું! એ રીતે તેઓએ જે આશીર્વાદ આપ્યા હતા તે હવે સાકાર થવા જઈ રહ્યા છે. માઇક્રોસોફ્ટના સી.ઈ.ઓ. સત્યા નડેલા સાથે ઘણી વખત ચર્ચા થાય છે ત્યારે તે મને તેનાં એંધાણ આપી રહ્યા છે.

પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી મને ઘણી બધી પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં છે. તેમના જીવનના પ્રસંગો વિચારું છું ત્યારે મારી આધ્યાત્મિક યાત્રાની સાથે સાથે મારા સામાજિક અને વ્યાવહારિક કે પારિવારિક જીવનમાં પણ તેની ઊંડી અસરો અનુભવાય છે.

સન ૨૦૦૦માં પેરીમાં થયેલી શિબિર વખતે પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ ઈન્ટરનેટના ઉપયોગ અંગે અમે બે મિત્રો અલગ અલગ વિચારધારાઓ લઈને સ્વામીશ્રી સમક્ષ ગયા હતા ત્યારે સ્વામીશ્રીએ જે શાંતિથી અમને સાંભળ્યા હતા, જે રીતે અમને બંનેને રાજી રાખ્યા હતા અને અમારા બંને વચ્ચે સેતુ બાંધી આપ્યો હતો તે મારા માટે એક બહુ જ મોટું ભાથું બની રહ્યું છે.

હું અમેરિકાના કોર્પોરેટ જગતમાં એક હોદ્દા પર હોવાથી સ્વામીશ્રીની એ પ્રેરણાનો રોજબરોજ અનુભવ કરું છું. રોજ આવા ત્રણ-ચાર પ્રસંગો અમારી પાસે આવે, જેમાં અલગ અલગ અભિપ્રાયોવાળા લોકો હોય. મને રોજ યાદ આવે કે સ્વામીબાપા આવા સંજોગોમાં કેવી રીતે નિર્ણય કરે? તેઓ બધાનું રાખે. કોઈને પણ એમ ન લાગે કે આમણે મારો પક્ષ ન લીધો. સ્વામીબાપાની નિર્ણયશક્તિ કેવી અસાધારણ હતી! અને તેમાંથી મને યોગ્ય નિર્ણય લેવાની પ્રેરણા મળે છે.

સ્વામીશ્રીનો બીજો ગુણ હતો હ્યુમિલિટીમાં સ્ટ્રેન્થ. એટલે નમ્રતામાં શક્તિ. તેમણે શીખવ્યું છે કે આપણે નમ્ર રહીએ એટલે આપણે નાના થઈ ગયા એમ ન માનવું.

મને હજુ પણ એ પ્રસંગ યાદ છે. મારી જોબ દરમ્યાન એક મહિલાએ 'યુ આર નોટ અ ગુડ પર્સન' કહેતાં મારું અપમાન કર્યું. ત્યારે મને અંદરથી ખૂબ ગુસ્સો આવ્યો, પરંતુ ત્યારે મને પ્રમુખસ્વામી મહારાજ યાદ આવ્યા. આ પરિસ્થિતિમાં તેઓ શું કરે? સ્વામીશ્રી સાથે તો આવું કેટલી બધી વાર બન્યું છે! પણ તેઓ કોઈ દિવસ ગુસ્સે નથી થતા. તેઓ એવું કહેતા કે એમના કહેવાથી શું આપણે ખરાબ બની ગયા? આપણે જે છીએ તે છીએ જ. આપણે તો હંમેશાં બસ સાંભળી લેવું, માફી માંગવી, જતું કરવું.

અને ખરેખર તે સમયે મહિલા સાથેની વાતચીત દરમ્યાન મેં એવું જ કર્યું. મેં તે મહિલાને કહ્યું કે 'હું તમારી માફી માંગું છું તમને તેવો અનુભવ થયો તે માટે.'

પછી તો આગળ જતાં તે મહિલાએ જોબ છોડી દીધી, પરંતુ મારી સાથેના લોકો મને હજુ પણ કહે છે, તેં જે રીતે પરિસ્થિતિને સંભાળી તે ખરેખર અસાધારણ હતી!

એક નાનો પ્રસંગ મારા માટે યાદગાર બની ગયો છે. પ્રમુખસ્વામી મહારાજ સન ૨૦૦૭માં સાનહોઝે આવ્યા હતા. તેઓ આવવાના હતા એટલે અમે થોડી રાતો ઉજાગરો કરીને મંદિરના કેમ્પસમાં એક ટેન્ટમાં એક પ્રદર્શન તૈયાર કર્યું હતું, પરંતુ કંઈક એવું બન્યું કે એ ટેન્ટમાં હરિભક્તોની ભોજનશાળા કરવી પડી. આથી આ આખું પ્રદર્શન તોડી નાંખવાનું હતું. અમે પણ તે તોડવા માટે તૈયાર થઈ ગયા.

અમે આ પ્રદર્શન તોડવા ગયા એટલામાં અમને ખબર પડી કે સ્વામીશ્રીએ સામેથી કહ્યું કે અમારે મંદિરનું આખું પરિસર નીરખવું છે. સામાન્ય રીતે એવું હતું કે સ્વામીશ્રી મંદિરમાં આવે, થોડોક આરામ કરે, અને ૨-૩ દિવસ પછી નિરીક્ષણમાં નીકળે. પરંતુ, અહીં સ્વામીશ્રીએ સામેથી આવતાં વેંત જ કહ્યું કે અમારે અત્યારે જ બધું જોવું છે. અને સ્વામીશ્રી મંદિર-નિરીક્ષણ કરવા નીકળ્યા, તેમાં તેઓએ અમે બનાવેલું પ્રદર્શન પણ જોયું, ખૂબ રાજી થયા. અમને સંતોષ થઈ ગયો કે આપણે સ્વામીશ્રી માટે બનાવ્યું હતું અને તેમણે આ પ્રદર્શન જોઈ લીધું! પછી અમે પ્રદર્શન તોડી નાંખ્યું.


પાછળથી અમને ખબર પડી કે સ્વામીશ્રીને જાણ થઈ ગઈ હતી કે આ રીતે પ્રદર્શનને તોડી નાંખવાનું છે. એટલે જ સ્વામીશ્રીએ સામેથી કહ્યું કે આપણે એ પ્રદર્શન કાઢી નાંખે તે પહેલાં બધું જોઈ લઈએ! અમે ગદ્‌ગદ થઈ ગયા કે સ્વામીશ્રી અમારા જેવા નાના નાના યુવકોનો કેટલો બધો ખ્યાલ રાખે છે!

સ્વામીશ્રીના એ વલણે મને શીખવ્યું કે કોઈની પણ મહેનતની કદર કરવી. કોઈનાય પરિશ્રમને એળે જવા ન

દેવો. તેને યોગ્ય આદર આપવો.

મહંત સ્વામી મહારાજ સન ૨૦૧૭માં સાનહોઝે આવ્યા હતા ત્યારે નાદુરસ્ત તબિયત વચ્ચે પણ તેઓ મારા સી.ઈ.ઓ. જેફ વિનર સાથે લગભગ ૪૫ મિનિટ જેટલું બેઠા હતા. એ દરમ્યાન સ્વામીશ્રીએ જેફને પૂછ્યું કે તમે લીડર કેવી રીતે સિલેક્ટ કરો છો? જેફ તેનો ઉત્તર આપી રહ્યા હતા તે દરમ્યાન સ્વામીશ્રીએ અંગ્રેજીમાં પૂછ્યું: 'How did you choose Mohak?' મને આ વાત ખૂબ જ સ્પર્શી ગઈ કે સ્વામીશ્રીને મારું નામ યાદ છે!

આવા તો અનેક સંજોગોમાંથી પસાર થવાનું આવ્યું છે જેમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજે મને જીવનની સાચી વાટ બતાવી છે. હું એમણે ચીંધ્યા માર્ગે ચાલતો રહું છું અને મારી જાતને સુખી અને સંતુષ્ટ અનુભવું છું. આવા ગુરુ વિના આધ્યાત્મિક અને ભૌતિક બંને માર્ગની સ્પષ્ટ કેડી કોણ બતાવે? ◆



# કટોકટીની પળોમાં જેમના માર્ગદર્શને મને પાર ઉતાર્યો છે.



■ **શ્રી નીતિનભાઈ ગઢિયા**
(વાઇસ પ્રેસિડેન્ટ,
ટર્નર એસોસિએટ્સ લિ., દુબઈ)

મારો ઉછેર અને અભ્યાસ દિલ્હીમાં થયા હતા. અહીં પહેલી વખત પ્રમુખસ્વામી મહારાજનો યોગ સન ૧૯૭૦માં થયો હતો. આમ તો યોગીજી મહારાજનાં દર્શન-આશીર્વાદનો લાભ મળ્યો હતો. પરંતુ તા. ૨૯-૧૨-૭૦ના રોજ પ્રમુખસ્વામી મહારાજ પંજાબની સત્સંગ-યાત્રાએ જઈ રહ્યા હતા, ત્યારે મને સેવામાં ભેગો લીધો હતો. એ વખતે એમના પ્રથમ પરિચયમાં જ તેમની સાથે આત્મીયતા બંધાઈ ગઈ.

એ અરસામાં હું કૉલેજમાં હતો ત્યારે મેં યોગીજી મહારાજને કાગળ લખ્યો હતો કે મારે આર્મીમાં જવું છે. હું સ્કૂલમાં ત્રણ વર્ષ અને કૉલેજમાંય ત્રણ વરસ એન.સી.સી., રાયફલ ક્લબ વગેરેમાંથી પસાર થયો હતો. હું મારી કૉલેજમાં અન્ડર ઓફિસર હતો. આથી કૉલેજ છોડીને આર્મીમાં જવાની મારી ઇચ્છા હતી. પરંતુ યોગીજી મહારાજે મને વિશેષ ભણવાની આજ્ઞા કરી. પ્રમુખસ્વામી મહારાજે તેમાં વિશેષ બળ આપ્યું. તેમની આજ્ઞા મુજબ મારે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવું એ મારા પિતાજી સાથે નક્કી કર્યું. પરંતુ મને આર્ટિકલશિપ મળવાની વાત એટલી સહેલી નહોતી. આમ છતાં યોગીજી મહારાજના આશીર્વાદ મળ્યા એટલે એક ભલામણ લઈને હું જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જિંદલ મહેતા એન્ડ કંપનીના શ્રી દિનેશભાઈ પાસે ગયો. તેઓ જાણે મારી રાહ જ જોતા હતા. એ જ ક્ષણે મને આર્ટિકલશિપ મળી ગઈ. મને એમ.કોમ. કરવાની ઇચ્છા નહોતી અને સીધો જ સી.એ. કરવામાં જોડાઈ ગયો. પરીક્ષાનું પરિણામ દોઢ ટકા જ આવ્યું હતું અને તેમ છતાં હું તેમાં પાસ થઈ ગયો હતો. આમ યોગીજી મહારાજે અને પ્રમુખસ્વામી મહારાજે મારા જીવનની એક દિશા નક્કી કરી આપી હતી.

મારા જીવનની કારકિર્દી ઘડવામાં ગુરુહરિના આ માર્ગદર્શને મહત્ત્વની ભૂમિકા ભજવી. મારા જીવનના પ્રત્યેક પગલે માત્ર માર્ગદર્શન નહીં, પરંતુ અપાર પ્રેમ અને વાત્સલ્ય વરસાવીને પ્રમુખસ્વામી મહારાજે મારા જીવનની સતત દિશા નક્કી કરી આપી.

તા. ૨૦-૫-૧૯૭૭ના રોજ મારાં લગ્ન થયાં ભાવનગરમાં. લગ્ન પછી અમે ગઢડામાં રસોઈ આપેલી. આથી જાન લઈને અમે ભાવનગરથી રાજકોટ જતાં રસ્તામાં ગઢડા જઈને ત્યાં ભોજન-પ્રસાદ લેવાના હતા. ત્યારે કાંઈ કારણસર અમારે બહુ મોડું થયું. પરંતુ અમે ગઢડા પહોંચ્યા ત્યારે દાદરા ઉપર પ્રમુખસ્વામી મહારાજ અમારા બધાની રાહ જોતા રાતના ૯-૩૦ વાગે ઊભા હતા. તેઓનાં એ વાત્સલ્યભર્યાં દર્શન હજુ ભુલાતાં નથી. મારાં પત્નીએ પહેલીવાર દૂરથી સ્વામીશ્રીનાં દર્શન કર્યાં ત્યારે તે ચકિત થઈ ગયાં કે આવા મહાન ગુરુ અમારી આવી રીતે રાહ જોઈ શકે? સ્વામીશ્રીએ અમને જે પ્રેમથી જમાડ્યા તે

ક્યારેય ભુલાશે નહીં.

ત્યારપછી તેઓની આજ્ઞા લઈને મેં મુંબઈમાં ૧૯૮૦ સુધી જોબ કરી. એ અરસામાં મુંબઈમાં તેઓનો મને સારો લાભ મળ્યો. દાદર મંદિરમાં તેઓ પધારે ત્યારે હું અને મારા ભાઈ જગદીશ (જાણીતા સિને કલાકાર રાજીવ) તેઓની પૂજામાં દર્શને જઈએ. પૂજા પછી તેઓ અવશ્ય અમને સાથે પ્રસાદ લેવા બેસાડે.

૧૯૮૦માં એમની કૃપાથી ત્યારે આફ્રિકાના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ શ્રી મનુભાઈ માધવાણી અને તેમના દીકરા કમલેશભાઈએ તેમના ઉદ્યોગમાં મને દારેસલામમાં ડેપ્યુટી જનરલ મેનેજર, ફાઈનાન્સની ઓફર કરી. સ્વામીશ્રીની આજ્ઞા લઈ તા. ૯-૨-૧૯૮૧માં હું દારેસલામ પહોંચી ગયો. અહીં સ્વામીશ્રી મારા ઘરે પધાર્યા અને મને ખૂબ કૃતાર્થ કરી દીધો. હું અહીં સાવ નવો હોવા છતાં મને સત્સંગ મંડળના ચૅરમૅન તરીકે સેવા આપી.

૧૯૯૪માં મારે અમારી કંપનીના જનરલ મૅનેજર તરીકે સાઉદી અરેબિયામાં જદ્દાહ ખાતે રહેવાનું થયું. સ્વામીશ્રીએ મને કહ્યું હતું કે, ત્યાં રહ્યા રહ્યા મારા ટચમાં રહેજો અને દારેસલામ સત્સંગ મંડળની સેવા કરતા રહેજો. આ દરમિયાન સ્વામીશ્રીના સતત સંપર્કમાં રહેવાનું થતું અને તેઓ મારા વ્યાવસાયિક, પારિવારિક કે સત્સંગ વિષયક જીવનમાં સતત માર્ગદર્શન અને પ્રેરણા આપતા રહ્યા.

એક વાર સન ૧૯૯૭માં સ્વામીશ્રીએ ફોન કરીને મને જણાવ્યું કે, ગુજરાતમાં રહેતા એક સત્સંગીનો પુત્ર સાઉદી અરેબિયામાં નોકરી માટે આવ્યો છે, પરંતુ ત્યાં ધર્મપરિવર્તન કરીને પરિવારથી વિખૂટો પડી ગયો છે. તેનાં માતા-પિતા અને પરિવાર ખૂબ ચિંતિત અને દુ:ખી છે. માટે મારા વતી સાઉદી અરેબિયામાં તેને શોધીને, એનો રસ્તો કાઢીને ઘરે પાછો મોકલવાનો છે. જો કે એ દેશમાં એ કામ કરવાનું અત્યંત કપરું હતું. પરંતુ સ્વામીશ્રીનો આદેશ હતો એટલે તેને શોધીને તેનો સંપર્ક કર્યો, અનેકવિધ લાલચો વચ્ચે ધર્મ પરિવર્તન કરીને તે જ્યાં રહેતો ત્યાં તેને સારી વ્યવસ્થા આપી હતી. આમ છતાં તેને વારંવાર સમજાવીને તેની ભારત જવાની ટિકિટ બુક કરાવી. એકવાર, બેવાર, ત્રણવાર. પરંતુ ત્રણેયવાર તે ઍરપોર્ટ પર ગયો જ નહીં! આ અંગે મેં સ્વામીશ્રીને કહ્યું કે તે પ્લેનમાં ચઢતો જ નથી! સ્વામીશ્રીએ મને કહ્યું કે, તું હવે ચિંતા ના કર. ફરીથી ટિકિટ બુક કરાવ. તેમની આજ્ઞા મુજબ ચોથી વાર ટિકિટ બુક કરાવી અને એ પ્લેનમાં ચઢી ગયો. એ દિલ્હી ઊતરીને અલ્હાબાદ, બનારસ વગેરે શહેરોમાં ફરતો ફરતો ગુજરાત આવ્યો અને એના ઘરે ગયો ત્યારે તેના પિતાજી તેને સીધા સ્વામીશ્રી પાસે લઈ ગયા. સ્વામીશ્રીએ ખૂબ પ્રેમથી તેને સમજાવીને તેના પરિવાર સાથે પાછો રસબસ કરી દીધો. આમ એક વિખૂટા પડેલા અને જીવનના અંધકારમાં અટવાઈ ગયેલા યુવાનને તેની મંજિલ સુધી સ્વામીશ્રીએ પહોંચાડ્યો તેમાં સ્વામીશ્રીની નિ:સ્વાર્થ કરુણાનો સતત હું સાક્ષી બનતો રહ્યો.

સન ૧૯૯૯માં હું અમારી કંપનીની લેબનોન ખાતેની ફેક્ટરીના એમ.ડી. અને જનરલ મૅનેજર તરીકે લેબેનોન પહોંચ્યો. ત્યાં પણ સ્વામીશ્રીની પ્રેરણાથી અમે નિયમિત સત્સંગ સભા કરતા રહ્યા. ત્યાં ૨૦૦૬માં એક ભયાનક દુર્ઘટના થઈ હતી. લેબેનોન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં અમારી ફેક્ટરી પર વિમાન માર્ગે રાક્ષસી બોમ્બમારો કરવામાં આવ્યો હતો. તેમાં સેંકડો માણસોનો ખાતમો બોલવાનો હતો. પરંતુ તે સમયે એક એક સેકંડે પ્રમુખસ્વામી મહારાજ સાથે હું ફોન દ્વારા સંપર્કમાં હતો. તેમણે ક્ષણે ક્ષણે મને માર્ગદર્શન આપ્યું, મને અસાધારણ હિંમત મળી અને પરિણામે એવી એક પછી એક ઝડપી ઘટના બની કે વિમાની બોમ્બમારાથી મારી નજર સામે અમારી સંપૂર્ણ ફેક્ટરી નાશ પામી તો પણ, સ્વામીશ્રી પ્રેરણા મુજબ થોડી જ સેકંડોની સાવચેતીથી અમારી ફેક્ટરીના સેંકડો લોકોના જીવ બચી ગયા! એ ઘટનામાં બધા જ કહી રહ્યા હતા કે તારા ગુરુ અને ભગવાનની કૃપાથી આપણે બધા બચ્યા છીએ, બાકી શક્ય જ નહોતું. તે સમયે સ્વામીશ્રીની અનંત ઉપકારવર્ષાને હું ક્યારેય ભૂલી શકીશ નહી. જો તે સમયે મને સ્વામીશ્રીનું અમૂલ્ય માર્ગદર્શન ન મળ્યું હોત તો મારી કંપનીના સેંકડો લોકો અને કદાચ હું પણ આજે અસ્તિત્વ ધરાવતો ન હોત. (વધુ વિગત માટે જુઓ સ્વામિનારાયણ પ્રકાશ, મે, ૨૦૦૯)

લેબેનોનની દુર્ઘટના પછી સ્વામીશ્રીએ મારી એવી એક વધુ વખત રક્ષા ઈજિપ્તમાં કરી હતી. લેબેનોન પછી અમે ઈજિપ્તમાં ૩૦ એકર જગ્યા લઈને એક નવી ફેક્ટરીનો આરંભ કર્યો હતો. એ માટે પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લીધા હતા. તેમણે ભગવાનનું પ્રસાદીનું જળ આપ્યું હતું તે જળ ભૂમિ પર છાંટ્યું અને અમે કાર્ય આગળ ધપાવ્યું હતું. બધું યોગ્ય રીતે આગળ વધી રહ્યું હતું. તા. ૨૬-૧-૨૦૧૧ હું સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવા મુંબઈ ગયો હતો. તેઓનાં દર્શન કરીને હું દિલ્હી પહોંચ્યો ત્યારે ઈજિપ્તથી સમાચાર આવ્યા કે ત્યાં આંતરિક યુદ્ધ થયું છે, અશાંતિને કારણે કેરો ઍરપોર્ટ બંધ થઈ ગયું છે. એ વખતે મારાં પત્ની અને બાળકો ત્યાં હતાં. ત્યાંથી બહાર નીકળી શકાય એવા કોઈ સંજોગો નહોતા.

હું તાત્કાલિક ફ્લાઈટમાં એલેક્ઝાન્ડ્રિયા ગયો. ત્યાંથી ઘરે જઈને સ્વામીશ્રીને ફોન દ્વારા કહ્યું કે, અહીંની પરિસ્થિતિ બહુ ખરાબ છે. ત્યારે સ્વામીશ્રીએ મને આદેશ આપ્યો કે, તમે પરિવાર અને તમારા માણસો સાથે હમણાં ને હમણાં જ ત્યાંથી નીકળી જાઓ. પરંતુ મારા પાંચ માણસોના પાસપોર્ટ મેં વકીલને સરકારમાં વિઝાની કાર્યવાહી કરવા સબમિટ કરવા આપ્યા હતા. પાસપોર્ટ જ્યાં આપ્યા હતા તે બિલ્ડિંગમાં પણ તોફાની તત્ત્વોએ આગ લગાડી હતી. સ્વામીશ્રીને તે અંગે મેં કહ્યું ત્યારે તેઓ મને કહે, સ્વામિનારાયણ ભગવાન બધું સારું કરશે. ચિંતા ન કરશો.

ત્યારબાદ મેં મારા વકીલને પાસપોર્ટ પાછા મેળવવા ફોન કર્યો. એ કહે કે મેં સરકારમાં પાસપોર્ટ સબમિટ કર્યા જ નથી. મને હાશ થઈ. ત્રણ કલાક ડ્રાઈવ કરીને હું એ પાસપોર્ટ પાછા લઈ આવ્યો અને મારા માણસો હોટલમાં હતા ત્યાં જઈને તેમને પાસપોર્ટ આપી આવ્યો. તેમને કહ્યું કે, હમણાં જ આપણે બધા નીકળી જઈશું.

હકીકતે તો ભયંકર તોફાનો વચ્ચે અહીંથી નીકળવું તે એક મોટો પ્રોજેક્ટ હતો. વળી, મોટા ભાગના ઍરપોર્ટ બંધ હતાં. પાંચમાંથી એકને સાઉદી જવું હતું. બીજાને ભારત જવું હતું. ત્યારે એક દુબઈ ઍરલાઈન્સ જ ચાલતી હતી. ઈન્ટરનેટ બધે કપાઈ ગયું હતું. પણ ફેક્સ ચાલે. બધે જ કર્ફ્યુ હતો, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદ અને માર્ગદર્શનથી ગમે તેમ કરીને વ્યવસ્થા કરી અને એક પછી એક અમે સૌ અને મારો પરિવાર ત્યાંથી જે રીતે નીકળ્યા છીએ તે એક ચમત્કાર જ છે. નીકળતાં નીકળતાં મેં સ્વામીશ્રીને ફોન કર્યો કે અમે સલામત નીકળી ગયા છીએ ત્યારે સ્વામીશ્રીએ ખૂબ આશીર્વાદ આપ્યા હતા. તેમના આશીર્વાદથી જ કટોકટીની એ કપરી પળોમાં બધું સરળતાથી સંપન્ન થયું.

મારા સમગ્ર જીવનમાં સ્વામીશ્રીનાં સતત પ્રેરણાબળ અને માર્ગદર્શનથી જ બધું પાર પડ્યું છે.

મારા પિતા અને મારાં માતાનો અક્ષરવાસ હોય કે તેમની સેવાઓની વાત હોય, સ્વામીશ્રીએ હંમેશાં તેમાંથી બીજાને પ્રેરણા મળે તે માટે તેના પ્રસંગો જાહેરમાં કહેવડાવીને મને આત્મીયતાથી બળ આપ્યું છે.

સન ૨૦૧૨માં સ્વામીશ્રીએ મને સંસ્થાના ટ્રસ્ટમાં સેવા આપી તે સમયે મારા મૅડિકલ ટેસ્ટમાં જણાયું કે મને હૃદયમાં છિદ્ર છે. આથી ઓપન હાર્ટ સર્જરી કરાવવાની નોબત આવી. આથી સ્વામીશ્રી અને ઈશ્વરચરણ સ્વામીના આશીર્વાદ લઈને હું દિલ્હી એસ્કોર્ટ્સ હૉસ્પિટલમાં ડૉ. સુરેન્દ્ર ખન્નાને મળ્યો. તેમણે કહ્યું કે ઓપન હાર્ટ કરવાની કોઈ જરૂર નથી! સ્વામીશ્રીના આશીર્વાદથી વગર સર્જરીએ સારવાર થઈ ગઈ અને સારું થઈ ગયું. સ્વામીશ્રીએ મારી સંપૂર્ણ રક્ષા કરી.

સન ૨૦૧૭માં મને પાર્કિન્સન જેવું અનુભવાતું હતું. ટ્રીટમેન્ટ માટે એમ.આર.આઈ. કરાવવા ગયો ત્યારે મારા નાના ભાઈ જયેશભાઈએ મહંત સ્વામી મહારાજને તે અંગે ફોન કર્યો. મહંત સ્વામી મહારાજે કહ્યું કે તે એમ.આર.આઈ.માંથી બહાર નીકળે એટલે મારી સાથે તેમની વાત કરાવો. થોડીવાર પછી હું બહાર આવ્યો ત્યારે તેમની સાથે વાત થઈ. મારી પરિસ્થિતિ સાંભળીને તેમણે આશીર્વાદ આપતાં કહ્યું: ‘સ્વામીબાપાની દયાથી કાંઈ તકલીફ નહીં થાય, હું તમને હોમિયોપેથીની દવા મોકલું છું. એ લેજો, સારું થઈ જશે.’ એ રાત્રે જ સ્વામીશ્રીના સેવક શ્રુતિપ્રિયદાસ સ્વામીએ મને દવા મોકલી આપી. અને એક અઠવાડિયામાં તો એકદમ સારું થઈ ગયું! અમારા નિષ્ણાત ડોક્ટર કહે કે ચમત્કાર! તમે આ શી દવા કરી? તમને ન્યુરોલોજિસ્ટે કાંઈ આપ્યું? મેં કહ્યું કે બીજા કોઈએ નથી આપ્યું, મારા ભગવાને આપ્યું છે!

આમ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાન સમયમાં મહંત સ્વામી મહારાજે મારા જીવનની નૌકાને સતત હંકારી છે.

૨૦૧૮માં મારે વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને દિલ્હીથી અમદાવાદ સ્થળાંતરિત થવાની ઈચ્છા હતી. આથી મેં ઈશ્વરચરણદાસ સ્વામી સાથે રહીને મહંત સ્વામી મહારાજને તે અંગે પૂછ્યું, ત્યારે તેઓએ મને મારા પરિવારના તમામ સભ્યો અંગે ઝીણામાં ઝીણી વિગત પૂછી. પછી મને માર્ગદર્શન આપતાં કહે કે તમારે વ્યવસાય છોડવાનો નથી. કામ કરતા રહેજો. તેઓની પ્રેરણાથી હું હજી દોડું છું. અમારી કંપનીની અત્યારે સાત સ્ટેટ્સમાં ૧૩ ફેક્ટરીઓ છે. અનેકવિધ કારોબાર ચાલે છે. પરંતુ હું અનુભવું છું કે છેક ૧૯૭૦થી પ્રમુખસ્વામી મહારાજ મારી સંભાળ લઈ રહ્યા છે. મારા કે મારા પરિવારના તમામ સભ્યોના જીવનની દિશા તેમણે જ નક્કી કરી આપી છે. વ્યવસાયમાં ૫૦-૫૫ વર્ષ થઈ ગયાં. તેમણે કેટલી બધી વખત કેટલું બધું માર્ગદર્શન આપીને આધ્યાત્મિક રીતે અને ભૌતિક રીતે અમારા જીવનને સુખી બનાવ્યું છે. અહીં તો માત્ર ભૌતિક બાબતોનો જ નિર્દેશ કર્યો છે, પરંતુ આધ્યાત્મિક જીવનમાં તો તેઓની પ્રેરણા અને માર્ગદર્શન અપાર રહ્યાં છે, તે ભૂલી શકાય તેમ નથી. આવા વિરલ ગુરુના શરણે લઈ જવા બદલ અમે ભગવાનનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ◆

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## સારંગપુરમાં સ્વામીશ્રીની અધ્યાત્મવર્ષા...

તા. ૨૯-૩-૨૦૨૪ થી તા. ૬-૬-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નૈમિષારણ્ય ક્ષેત્ર સમા તીર્થધામ સારંગપુર ખાતે સત્સંગ-ભક્તિની છોળો ઉડાડીને સૌને અધ્યાત્મવર્ષામાં ભીંજવી દીધા હતા. સતત ૭૦ દિવસ સુધી સ્વામીશ્રીએ અહીં સાધકો-પાર્ષદો-સંતો, સંસ્કૃતનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, બી.એ.પી.એસ. વિદ્યામંદિરના બાળકો તથા જુદાં જુદાં સત્સંગમંડળોમાંથી દર્શનાર્થે ઊમટતા સેંકડો ભક્તો-ભાવિકોને અપાર સત્સંગ-દર્શનનું સુખ આપીને અધ્યાત્મ-સૌરભથી મહેકતા કરી દીધા હતા. સંતો ઉપરાંત બાળકથી લઈને વયોવૃદ્ધ પર સ્વામીશ્રીએ હેતાળ-પ્રેમાળ વાત્સલ્ય વરસાવ્યું હતું. ગુરુહરિનાં સાંનિધ્યમાં સૌ કોઈએ ગ્રીષ્મઋતુમાં પણ શીતળતા અનુભવી હતી. વ્યક્તિગત મુલાકાતોમાં પણ સ્વામીશ્રીએ હરિભક્તો તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ, ઉચ્ચ પદાધિકારીઓ, વ્યાવસાયિકો, લોકનેતાઓ તથા અન્ય ક્ષેત્રોના મહાનુભાવોને પોતપોતાના ક્ષેત્રમાં પ્રગતિ કરે તેવા શુભાશિષ અર્પ્યા હતા. ૯૧ વર્ષની ઉંમર અને નિત્ય ભરચક આધ્યાત્મિક કાર્યક્રમોની વચ્ચે સ્વામીશ્રી દેશ-વિદેશમાં ગતિમાન બી.એ.પી.એસ.

સંસ્થાનાં અનેકવિધ સેવાકાર્યો અંગે માહિતી મેળવી અનેરું સૂચન-માર્ગદર્શન આપ્યું હતું. નિત્ય આવતા સેંકડો હરિભક્તોના પત્રોનું પઠન કરીને માર્ગદર્શન-આશિષ અર્પી કૃતાર્થ કર્યા હતા. આટલી મોટી વયે પણ વ્યક્તિગત મુલાકાતો, સંસ્થાકીય મીટિંગો તથા પત્રલેખનમાં સતત કાર્યરત કર્મઠ સ્વામીશ્રીનું અનુભવપૂત માર્ગદર્શન પામીને હજારો હરિભક્તો-ભાવિકોએ અનેરી ધન્યતાનો અનુભવ કર્યો હતો. સમયાંતરે સ્વામીશ્રી માટે આરક્ષિત રખાતો 'વિશ્રામ દિન' સંસ્થાકીય સેવાકાર્યો અને હરિભક્તોના કષ્ટ-નિવારણ માટે 'અગત્યનો દિન' બની રહેતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે જીવનના અંતિમ શ્વાસ સુધી બીજાના ભલા માટે સમય વિતાવ્યો હતો, તેમના જ પગલે પગલે ચાલતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ દેહની પરવા કર્યા સિવાય પોતાનો સમય અન્યના હિત માટે સમર્પિત કરી રહ્યા છે. વિશ્વવ્યાપી બી.એ.પી.એસ. સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓની સાથે સાથે સેંકડો કાર્યોનું એકસાથે વહન કરવું એ પણ સત્પુરુષનું આગવું લક્ષણ જ છે!

સારંગપુર ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ખેડબ્રહ્મા (ગામ વિસ્તાર), લાતીબજાર (ભાવનગર) (ગુરુપરંપરા), બી.એ.પી.એસ. વિદ્યામંદિર, ખેરવા (મહેસાણા), વેલિંગ્ટન (ન્યૂઝીલેન્ડ), સરભોણ (સાંકરી) (શ્રી ઘનશ્યામ મહારાજ), બેંગકોક (નીલકંઠવર્ણી), વઢવાણા (ભરૂચ), એંદરગોટા (તીથલ), સોનગીર (ધુલિયા), પાનખીડકી (અમલનેર), ઢાંકણીયા (સારંગપુર) મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. તેમજ વિજાપુર, નાગનેશ (સારંગપુર), કેરીયા (ગઢડા), સલાડ (અટલાદરા), બોડકા (અટલાદરા) ખાતે નૂતન નિર્માણ પામનાર બી.એ.પી.એસ. મંદિરની ઈષ્ટિકાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં સારંગપુર ખાતે વિવિધ ઉત્સવ-પ્રસંગોની શૃંખલા રચાઈ હતી. ગત અંકમાં આપણે કેટલાક ઉત્સવ-પ્રસંગોને માણ્યા હતા. ત્યારપછી સ્વામીશ્રીએ આપેલા અન્ય સત્સંગલાભના અહીં સાક્ષી બની ધન્ય ધન્ય થઈએ...

## ■ પદવીદાન સમારોહ

તા. ૬-૫-૨૦૨૪ના રોજ યુવા તાલીમ કેન્દ્રના વર્તમાન સત્રનો પદવીદાન સમારોહ યોજાયો હતો. 'તમારા સ્નેહલ સથવારે' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા સમારોહમાં યુવકોએ *'આવો પધારો રે આવો પધારો રે...'* કીર્તન પર સ્વાગત-નૃત્ય કરીને ઈષ્ટદેવ-ગુરુદેવને વધાવ્યા. હારતોરા દરમ્યાન તાલીમાર્થી યુવકોની પ્રાર્થનાનો હાર સ્વામીશ્રીએ સ્વીકાર્યો.

સમારોહનો કાર્યક્રમ મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચાયેલો હતો: નિયમ-ધર્મ, નો નેગેટિવિટી અને નિષ્ઠા. સ્વામીશ્રીના આગમન પૂર્વે 'નિયમ-ધર્મ' સંબંધી પ્રેરણાત્મક પ્રસ્તુતિઓ થઈ હતી. 'નો નેગેટિવિટી' અંતગર્ત એક સંવાદ રજૂ થયો. તેમાં દર્શાવવામાં આવ્યું કે યુવા તાલીમ કેન્દ્રમાંથી તાલીમ પામેલા યુવકે અપમાનમાં પણ સમજણ રાખીને સત્સંગ જાળવી રાખ્યો. કોઈનો અભાવ-અવગુણ લેવાને બદલે તે નિર્ણય પર આવ્યો કે 'હવે નો નેગેટિવિટી...' સ્વામીશ્રીએ તાળી પાડી તેની સમજણને સરાહી. દરેક વિભાગના અંતમાં સંતો પ્રસંગને અનુરૂપ કીર્તનનું ગાન કરતા હતા અને સાથે શબ્દોને સંગત વીડિયો દર્શાવાતો હતો.

કાર્યક્રમનો અંતિમ વિભાગ હતો 'નિષ્ઠા'. ચાર યુવકોએ સ્વામીશ્રી સમક્ષ સૌ યુવકો વતી નિષ્ઠાનાં વિવિધ જ્વલંત દૃષ્ટાંતો યાદ કર્યાં અને એવી નિષ્ઠા પોતાના જીવનમાં લાવવાની અને પ્રવર્તાવવાની કટિબદ્ધતા દર્શાવી. ત્યારબાદ તાલીમાર્થી યુવકોએ લખેલા પ્રતિજ્ઞાપત્રો સ્વામીશ્રી પાસે લઈ જવાયા. તેના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ એક આશીર્વાદ પત્ર લખ્યો. સ્વામીશ્રીએ તે પત્રના વાંચનની સાથે પોતાની રુચિ અને ભાવનાઓ દ્વારા તાલીમાર્થીઓને જીવનભરનું ભાથું બાંધી આપતાં જણાવ્યું: ''આ પ્રતિજ્ઞાનું પાલન બરાબર કરજો. 'નિયમ-ધર્મની દૃઢતા' એ તો પહેલું જ હોવું જોઈએ. નિષ્ઠામાં વધારો કરતાં રહેવું. નિષ્ઠામાં એટલી તાકાત છે કે નિયમ-ધર્મ સહેજે પળાશે. જે બધું અહીં શીખ્યા છીએ એની દૃઢતા વધારતા રહેવી. અને સત્સંગ મોખરે રાખવો. સત્સંગ રહેશે તો જીવન ધન્ય બનશે, દિવ્ય બનશે. સત્સંગ ગૌણ થઈ જાય, ભુલાઈ જાય એવું કરવું નહીં. બીજું બધું બાજુમાં મૂકીને સત્સંગ પ્રધાન રાખવો. સત્સંગની વૃદ્ધિ થાય એ રીતે વર્તવું.''

તાલીમાર્થી યુવકોને અપાનાર સર્ટિફિકેટ, માળા, નાડાછડી, સ્મૃતિભેટ વગેરે સ્વામીશ્રીએ પ્રાસાદિક કર્યાં. આ સૌ સેવકોએ લખેલા 'નિષ્કપટ પત્રો'ના કુંભને સ્પર્શીને સ્વામીશ્રીએ બધાની ભૂલો માફ કરી. સૌની ભક્તિ-પ્રાર્થનાઓ સ્વીકારી સ્વામીશ્રીએ વિદાય લીધી હતી.

## ■ દિવ્ય સંનિધિ પર્વ

તા. ૧૦-૫-૨૦૨૪, અક્ષય-તૃતીયાના દિવસથી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં બાળ-બાલિકા અગ્રેસરોનું 'દિવ્ય સંનિધિ પર્વ' યોજાયું હતું. દીપ પ્રાગટ્ય કરીને સ્વામીશ્રીએ આ દિવ્ય સંનિધિ પર્વનો મંગલ પ્રારંભ કર્યો હતો.

'અંતર અક્ષરધામ' મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલા ત્રિ-દિવસીય સંનિધિ પર્વનાં સત્રોમાં પધારી સ્વામીશ્રીએ તમામ કાર્યકરોને સત્સંગનાં ચારેય સુખથી લાભાન્વિત કર્યા હતા. સવારે યજ્ઞપુરુષ સભામંડપ અને સાંજે પ્રમુખદર્શન વાટિકામાં યોજાતાં સત્રોમાં વિવિધ પ્રેરણાત્મક કાર્યક્રમોની પ્રસ્તુતિઓ થઈ હતી. અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રી પધારે ત્યારે સ્વાગત-નૃત્યથી આરંભાતાં સત્રોમાં પ્રેરણાત્મક કાર્યક્રમોની હારમાળા રચાઈ હતી.

પ્રથમ દિને - જુદી જુદી કીર્તન-કડીઓના ગાન સાથે થયેલી પ્રશ્નોત્તરીમાં સ્વામીશ્રીએ પ્રાપ્તિ અને પ્રગટનો મહિમા દૃઢાવ્યો હતો. સ્વામીશ્રીએ અન્ય પ્રશ્નોત્તરી દ્વારા સૌને સત્સંગનું ભાથું બાંધી આપ્યું હતું. ગમ્મત સાથે જ્ઞાન પીરસતી પ્રેરક રમતો રમાડાઈ હતી. સ્વામીશ્રીએ પોતાના અતિપ્રિય બાળ-કાર્યકરોને સમીપદર્શનથી લાભાન્વિત કર્યા હતા.

પર્વમાં ઉપસ્થિત ૧૭૦૦ કાર્યકરોએ પોતાના ઘરે ભક્તિભાવથી બનાવેલા નવીનતમ, સુંદરતમ, પુષ્પહારો અને કલાત્મક હાર અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કરીને અંતરનો ભક્તિભાવ પ્રકટ કર્યો હતો.

દ્વિતીય દિને - કાર્યકર સુવર્ણ મહોત્સવ અંતર્ગત છેલ્લાં ૩૦-૪૦ કે તેથી વધુ વર્ષોથી સત્સંગની સેવામાં જોડાયેલા ચુનંદા બાળ-કાર્યકરોના ગુણો-પ્રસંગો રજૂ થયા હતા. આ કાર્યકરોએ શારીરિક બીમારીઓની વચ્ચે, ટાઢ-તડકો કે ચોમાસાની વિકટ પરિસ્થિતિમાં, આર્થિક સંકડામણની વચ્ચે, કૌટુંબિક-સામાજિક જવાબદારીઓને ગૌણ કરીને, દૂર-દૂરના વિસ્તારોમાં જઈને સમજણ, નિષ્ઠાના બળે સત્સંગનો પ્રચાર-પ્રસાર કર્યો છે. પોતાના અમૂલ્ય સમયનું બલિદાન આપ્યું છે. સુવર્ણ સમાન અને સ્વામીશ્રીના શબ્દોમાં તો 'સુવર્ણથીય અધિક' આ કાર્યકરોની સુવર્ણ ગાથા સાંભળીને સ્વામીશ્રીએ તેઓ પર અપાર પ્રસન્નતા વરસાવી હતી.

દિવ્ય સંનિધિ પર્વના અંતિમ દિને સ્વામીશ્રીએ સૌ કાર્યકરોને રંગવર્ષાથી ભીંજવ્યા હતા. તે પૂર્વે સ્વામીશ્રીએ કાર્યકરોની સેવા-ભક્તિને બિરદાવતાં કહ્યું, ''ખરેખર! તમે બધા કાર્યકરોએ દિલ રેડીને સેવા કરી છે, રાત-દિવસ કાંઈ જોયું નથી અને સંસ્થાની, મહારાજ-સ્વામીની સેવામાં જ મંડ્યા છો એટલે આ બધું શોભે છે. આ સેવા જે મળી છે તે જેવી તેવી નથી. આપણે બધા સદ્‌ગુરુઓની દયાથી, સેવાથી, એમના પુરુષ પ્રયત્નથી શ્રીજીમહારાજનાં ચરણમાં પહોંચી ગયા છીએ.

હવે આપણી ફરજ છે કે ધર્મ-નિયમનું ચુસ્તપણે પાલન કરવું, એમાં બાંધછોડ ના કરવી. આપણે અક્ષરપુરુષોત્તમના યોદ્ધા છીએ, એટલે ગમે એમ કરીને આપણે આપણી ટેક ને આ બધું રાખવાનું છે. અને મને ખાતરી છે કે તમે બધા નિયમ-ધર્મમાં રહેશો અને બધાનું શોભાડશોઃ ઘરનું, કુટુંબનું, દેશનું. અને જયજયકાર થશે.''

સ્વામીશ્રીનો આ વિશ્વાસ શિરોમાન્ય કરતાં સૌ કાર્યકરોએ હાથ ઊંચા કરીને નિયમ-ધર્મ અને નિષ્ઠામાં દૃઢ રહેવાની, સારામાં સારી સેવા કરવાની અને સત્પુરુષનું નામ દીપાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી.

આશીર્વાદની સમાપ્તિ બાદ રંગોત્સવ આરંભાયો. સ્વામીશ્રીએ પ્રત્યેક બાળ-કાર્યકરને અમીમય દૃષ્ટિ દ્વારા અને પ્રેમભર્યા સ્મિત દ્વારા રંગવર્ષાથી ભીંજવ્યા. ૧૦૦૦ જેટલા બાળ-કાર્યકરોને સ્વામીશ્રીએ રાજીપાના રંગે, અંતરના રંગે, નિષ્ઠાના રંગે, ભક્તિના રંગે રંગી બધાનું 'અંતર અક્ષરધામ' કરી દીધું.

સ્વામીશ્રીએ સૌ કાર્યકરોને વિવિધ સ્મૃતિઓથી લાભાન્વિત કર્યા હતા. ૧૭૦૦ જેટલાં બાળ-બાલિકા કાર્યકરોએ આ સંનિધિ પર્વનો લાભ પ્રાપ્ત કરીને જીવન ધન્ય કર્યું હતું.

## ■ પાટોત્સવ

તા. ૧૩-૫-૨૦૨૪ના રોજ સારંગપુર મંદિરનો ૧૦૮મો પાટોત્સવ ભક્તિભાવથી ઊજવાયો હતો. પાટોત્સવ નિમિત્તે મૂર્તિઓનો પૂજનવિધિ સદ્‌ગુરુ સંતો અને વડીલ સંતોના હસ્તે થયો હતો. પ્રાતઃ પૂજા બાદ સ્વામીશ્રીએ પ્રાસંગિક આશીર્વચનમાં કહ્યુંઃ ''શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન કર્યું. તેમના વખતમાં નહોતાં નાણાં, નહોતાં પાણાં ને તે વખતે આવું મંદિર બનાવવું!! સગવડ હોય તોય ના બને પણ શાસ્ત્રીજી મહારાજની દિવ્ય દૃષ્ટિ. બોચાસણ મંદિર થઈ રહ્યું હતું છતાંય, એટલી હાડમારી વચ્ચે આ ભવ્ય મંદિર કર્યું.

શાસ્ત્રીજી મહારાજના મનમાં ભાવના હતી કે અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્યમંદિરમાં વિરાજે અને તે સાકાર, મૂર્તિમાન કરી બતાવ્યું. શાસ્ત્રીજી મહારાજ બાળપણથી શૂરવીર હતા. કોઈ જગ્યાએ તેઓનો પગ પાછો પડ્યો નથી. તેઓ આગળ ને આગળ ધસતા જ રહ્યા, ધસતા જ રહ્યા ને આપણને લાખોને સુખિયા કરી દીધા.''

આજના અવસરે મંદિરના તમામ ખંડોમાં ભવ્ય અન્નકૂટ રચવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ મધ્યખંડમાં અન્નકૂટ સાથે ઠાકોરજીની આરતી ઉતારી. આરતી બાદ થાળગાન કરીને ઠાકોરજીને ભક્તિભાવપૂર્વક થાળ જમાડ્યો હતો.

આજના પ્રસંગે ઊમટેલા અસંખ્ય હરિભક્તો-ભાવિકો મંદિરમાં સુંદર અલંકાર સાથે શોભાયમાન ઠાકોરજીનાં દર્શન પામીને કૃતાર્થ થયા હતા.

● તા. ૨૧-૫-૨૦૨૪ એટલે તારીખ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો 'પ્રમુખવરણી દિન.' પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં સંતો-હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક 'પ્રમુખવરણી દિન' ઊજવ્યો હતો.

સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં સંતોએ પ્રમુખસ્વામી મહારાજના મહિમાગાન સાથે કીર્તનોનું ગાન કરીને તેઓની સ્મૃતિ કરી હતી. પૂજા બાદ સ્વામીશ્રીએ પ્રમુખસ્વામી મહારાજનું મહિમાગાન કરતાં કહ્યું: ''આજે પ્રમુખસ્વામી મહારાજનો 'પ્રમુખવરણી દિન' છે. પ્રમુખસ્વામી મહારાજ એટલા બધા છૂપા રહ્યા કે કોઈને જણાવા દીધું નહીં. સ્વામીની હંમેશાં એક ખૂબી હતી - તેઓ બીજાને આગળ ધરે. તેઓની મહત્તા છુપાયેલી રહે એવી વાત કરે. તેઓનો જે મહિમા હતો તે કાંઈ કરતાં કાંઈ હાથમાં આવ્યો નહીં.''

### ■ કાર્યકર તાલીમ કેન્દ્રનો પ્રારંભ

સન ૧૯૫૦ના દાયકામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સત્સંગમંડળો સ્થાપવાની શરૂઆત કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પણ અસંખ્ય સત્સંગ મંડળોની સ્થાપના કરીને લાખો હરિભક્તોના અંતરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસના દૃઢાવી. અત્યારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ આ સત્સંગ મંડળોને પોષણ આપી રહ્યા છે. આ ગુરુવર્યોની શ્રદ્ધા, ભક્તિ, પુરુષાર્થ અને આશીર્વાદથી મંડળો વધતાં ગયાં. આજે સમગ્ર ભારતમાં સંયુક્ત અને યુવાપ્રવૃત્તિનાં ૧૨,૦૦૦ મંડળો અને બાળપ્રવૃત્તિનાં ૮૦૦૦ મંડળો કાર્યરત છે! આ સત્સંગ મંડળોમાં દર અઠવાડિયે લાખો હરિભક્તો-ભાવિકો સત્સંગનો લાભ લઈને જીવનને કૃતાર્થ કરી રહ્યા છે.

વર્તમાન સમયે બી.એ.પી.એસ. સંસ્થામાં ૪૦,૦૦૦ રજિસ્ટર્ડ કાર્યકરો સેવા આપી રહ્યા છે! આ કાર્યકરોને સમયે સમયે જરૂરિયાત પ્રમાણે તાલીમ અપાય છે, પરંતુ વ્યવસ્થિત અને કાયમ માટેનું તાલીમ કેન્દ્ર સ્થપાય તે આવશ્યક હતું. વળી, આ વર્ષ 'કાર્યકર સુવર્ણ મહોત્સવ' તરીકે ઊજવાઈ રહ્યું છે ત્યારે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી સારંગપુર ખાતે 'કાર્યકર તાલીમ



કેન્દ્ર'નો શુભારંભ થયો.

તા. ૨૨-૫-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દીપ પ્રાગટ્ય કરીને 'કાર્યકર તાલીમ કેન્દ્ર'નો મંગલ પ્રારંભ કર્યો હતો. સૌએ આ ક્ષણને ઉમંગભેર વધાવી હતી.

આ અવસરે પ્રેરણામૂર્તિ સ્વામીશ્રીએ કાર્યકર તાલીમ કેન્દ્રનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું: ''અત્યારે જે 'કાર્યકર તાલીમ કેન્દ્ર' શરૂ થવા જઈ રહ્યું છે એ બહુ અગત્યનું છે. તાલીમ લેવાથી પદ્ધતિસર કામ થાય. અને પદ્ધતિસર કામ કરે તો સામાન્ય કાર્યકર પણ અસામાન્ય કાર્ય કરી શકે! કાર્યકર તરીકેની સેવા કરવી એ મોટી જવાબદારી છે. કાર્યકરની સેવા માટે સજ્જતા કેળવવી પડે. એના માટે તાલીમ લેવી જરૂરી છે. મોટા મોટા પીઢ ઑફિસરો, જે બધું જાણે છે એમને પણ તાલીમ લેવાની જરૂર પડે છે.

મંડળ કેવી રીતે ચલાવવું? કેવી રીતે કાર્ય કરવું? તેનો ખ્યાલ ન હોય તો કોઈને મજા ન આવે. રોચક ન બને. તાલીમ લેવાથી પદ્ધતિસર અને રોચક કાર્ય થાય. જે કાર્ય કરવાની જરૂર છે તે વ્યવસ્થિત થાય ને બધાને ગળે ઊતરી જાય. આ તાલીમની અગત્યતા પછી જણાશે. કાર્ય કરવા માટે તાલીમ અવશ્ય લેવી જોઈએ.''

પ્રથમ સત્રમાં તાલીમ લેવા માટે ઉપસ્થિત ૧૫૦ જેટલા કાર્યકરો પર સ્વામીશ્રીએ આશીર્દૃષ્ટિ કરી રાજીપો વરસાવ્યો હતો.

## ■ સંસ્કૃત મહાવિદ્યાલયનો દશાબ્દી ઉત્સવ

સંસ્કૃત ભાષાના અધ્યયનનું અનોખું ધામ એટલે સારંગપુર સ્થિત 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય.'

સન ૧૯૨૩માં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના પ્રથમ વીલમાં તેરમા નંબરની કલમમાં લખાવ્યું કે, 'ભવિષ્યમાં જ્યારે મંદિરોની પરિસ્થિતિ સારી થાય ત્યારે સંસ્કૃત પાઠશાળા સ્થાપવી.' શાસ્ત્રીજી મહારાજના આ સંકલ્પને પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૧૩માં સારંગપુર ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય સ્થાપીને પૂર્ણ કર્યો. શાસ્ત્રીજી મહારાજના આ સંકલ્પનું અત્યારે શતાબ્દી વર્ષ ચાલી રહ્યું છે! અને એ સંકલ્પને પ્રમુખસ્વામી મહારાજે સાકાર કર્યો તેનું દશાબ્દી વર્ષ ચાલી રહ્યું છે. આ શતાબ્દી અને દશાબ્દી વર્ષના સમન્વયનો અદ્‌ભુત સંગમ રચાયો હતો.

સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સાથે સંલગ્ન આ સંસ્કૃત મહાવિદ્યાલયે છેલ્લાં દસ વર્ષમાં ખૂબ જ નામના મેળવી છે. મહાવિદ્યાલયમાં સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરતા સંતો તેમજ છાત્રોએ દરવર્ષે સોમનાથ યુનિવર્સિટીમાંથી ગોલ્ડમેડલ, સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને વિદ્યાલયનું નામ રોશન કર્યું છે અને સેંકડો છાત્રોએ અહીં ઉચ્ચ અભ્યાસ કરીને ઉજ્જવલ કારકિર્દી ઘડી છે.

તા. ૨૩-૫-૨૦૨૪ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પાવન ઉપસ્થિતિમાં છાત્રોએ મહાવિદ્યાલયનો દશાબ્દી ઉત્સવ શાનદાર રીતે ઊજવ્યો હતો. 'સર્વં ભવતિ સાકારમ્' વિષયને કેન્દ્રમાં રાખીને યોજાયેલી ઉત્સવ-સભામાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીના આગમનને છાત્રોએ 'કરીએ સ્વાગતમ્... શત શત સ્વાગતમ્' કીર્તન પર જોમભર્યું નૃત્ય કરી વધાવ્યું હતું. ત્યારબાદ આ મહાવિદ્યાલયમાં કેવા નિપુણ છાત્રો તૈયાર થાય છે? તેનું નિદર્શન કરતો શાસ્ત્રાર્થ થયો હતો. સ્વામીશ્રીએ આપેલા સાધના મંત્ર 'અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ' વિષય અંતર્ગત સંવાદાત્મક રજૂઆતમાં છાત્રો અને પંડિતના વેશે સજ્જ વિદ્યાર્થીઓએ શાસ્ત્રચર્ચામાં પોતપોતાના મતનું સંસ્કૃતમાં ખૂબ સારી રીતે પ્રતિપાદન કર્યું. ચર્ચાના અંતે અક્ષર સાથે એકતા કરવા સંબંધી પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં સ્વામીશ્રીએ, શ્રીજીમહારાજે મધ્યના ૩૧મા વચનામૃતમાં કહેલા વચનો ટાંક્યાં: 'મનન દ્વારા (બ્રહ્મ સાથે) એકતા થાય.'

છેલ્લાં દસ વર્ષમાં આ સંસ્કૃત મહાવિદ્યાલય કેવું અદ્‌ભુત કાર્ય કરી રહ્યું છે? કેવી કેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે? અને સત્સંગ તથા સંસ્કૃતનું કેવું અતુલ્ય પ્રવર્તન કરી રહ્યું છે? તેની માહિતી આત્મતૃપ્તદાસ સ્વામીએ આપી. ત્યારબાદ સંસ્કૃત મહાવિદ્યાલયમાં સંચાલન/અધ્યાપનમાં જોડાયેલા છાત્રોએ ખૂબ સરસ ઋણાભિવ્યક્તિ કરી. પૂર્વે અજાણતા થયેલી ભૂલો છાત્રોએ નિષ્કપટભાવે લખીને એક હૃદય આકારમાં ચોંટાડી હતી. સ્વામીશ્રીએ છાત્રોની ભૂલો માફ કરીને નિષ્કપટ થવા બદલ છાત્રો પર રાજીપો વરસાવ્યો.

અંતે છાત્રોને સંબોધતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''બધું યોગીબાપાને આભારી છે. તે વખતે યોગીબાપાએ સંકલ્પ કર્યો એને લીધે ફૂલ્યુંફાલ્યું છે. મૂળ તો અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તે એ યોગીબાપાનો હેતુ હતો. શાસ્ત્રીજી મહારાજ પણ નિષ્ઠા પ્રવર્તનની જ વાત કરતા. અને શ્રીજીમહારાજ પૃથ્વી પર આવ્યા એનું બીજું કોઈ કારણ



નહોતું, પણ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા! આ શાસ્ત્રીજી મહારાજના જીવમાં હતું એટલે આપણા બધામાં પારંપરિક રીતે આવી ગયું છે.''

સ્વામીશ્રીએ ખૂબ બળપ્રેરક સંદેશ આપ્યો. આરતી બાદ વિદ્યાર્થીઓએ ઉમંગમાં 'અક્ષરપુરુષોત્તમના યોદ્ધા યોદ્ધા...' ગુંજાવ્યું અને પછી *'થઈ રહ્યો છે જય જયકાર રે સ્વામી મળવાથી...'* કીર્તનના તાલે આખીય સભામાં આનંદોત્સવની લહેરખી પ્રસરી ગઈ. સૌના અંતરમાંથી જયજયકાર થયાનો આનંદ ઊભરાઈ રહ્યો.

સંસ્કૃત મહાવિદ્યાલયના દશાબ્દી ઉત્સવ નિમિત્તે વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીના સુસ્વાસ્થ્ય માટે તપ, વ્રત, ભક્તિ અને મુખપાઠ કર્યાં હતાં.

આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોના બાળકોથી લઈને મોટી ઉંમરના અસંખ્ય હરિભક્તોએ ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ વિશેષ વ્રત-તપ-ઉપવાસ અને પદયાત્રારૂપે ભક્તિ વહાવી સ્વામીશ્રીના નિરામય સ્વાસ્થ્ય માટે ઠાકોરજી સમક્ષ મંગલકામના કરી હતી.

● સંસ્કૃત મહાવિદ્યાલયના દશાબ્દી ઉત્સવ નિમિત્તે છાત્રોએ જુદી જુદી ભાષાઓમાં કાવ્યો લખી 'ભક્તિનિર્ઝરી' નામક કાવ્યગ્રંથ તૈયાર કર્યો હતો. તીર્થ પટેલે ૧૦૦ શ્લોકોનું 'પ્રાપ્તિશતકમ્' રચ્યું હતું. આ બંને પુસ્તકો સ્વામીશ્રીએ ઉદ્‌ઘાટિત કર્યા. પ્રકાશભાઈ જાનીએ સંસ્કૃત ભાષામાં ભાષાંતરિત કરેલા 'સાધુતાના સુમેરુ' પુસ્તકનું પણ સ્વામીશ્રીએ વિમોચન કર્યું હતું.

● તા. ૨૫-૫-૨૦૨૪ના રોજ સારંગપુર ખાતે ધંધૂકા ઝોનનાં બાળ-બાલિકાઓનું 'બાળવિકાસ પર્વ' યોજાયું હતું. આ પર્વનો લાભ લેવા માટે ઊમટેલા બાળકોને સ્વામીશ્રીએ દર્શન-આશિષ આપીને તેમના પર અનહદ વાત્સલ્ય વરસાવ્યું હતું.

## ■ બાળ શિબિર અને અભિવાદન સમારોહ

બી.એ.પી.એસ. સંસ્થા બાળકોને સંસ્કારની સાથે સાથે શિક્ષણ આપવામાં પણ અગ્રેસર રહી છે. સંસ્થા દ્વારા સંચાલિત અનેકવિધ વિદ્યામંદિરોમાં હજારો બાળકો ગુણવત્તાસભર, મૂલ્યસભર શિક્ષણ મેળવી ઉચ્ચ કારકિર્દી ઘડે છે.

આવું જ શિક્ષણનું એક અનોખું ધામ એટલે સારંગપુર. અહીં બી.એ.પી.એસ. વિદ્યામંદિર, સંસ્કૃત મહાવિદ્યાલયમાં હજારો વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે જીવનઘડતરના પાઠો શીખી રહ્યા છે.

આ ઉપરાંત, ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સંસ્થા દ્વારા બાળકો માટે છેલ્લાં બે વર્ષથી 'સિદ્ધાંતસર્વસ્વમ્' નામનો એક વિશિષ્ટ ઓનલાઈન અભ્યાસક્રમ ચાલી રહ્યો છે. જેમાં ભારત, ઑસ્ટ્રેલિયા, આફ્રિકા, અમેરિકા, યુ.એ.ઈ., યુ.કે. વગેરે દેશોનાં સેંકડો બાળકો અને બાલિકાઓ અધ્યયન કરી રહ્યાં છે. જે બાળકોએ સત્સંગદીક્ષા અને સિદ્ધાંતકારિકા એ બંને ગ્રંથોના કુલ મળીને ૮૮૦ જેટલા શ્લોકોનો મુખપાઠ કર્યો હોય તેઓ આ અધ્યયનમાં જોડાઈને શાસ્ત્રીય પદ્ધતિથી ઊંડાણપૂર્વક અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતને સમજી રહ્યા છે.

વળી, સ્વામીશ્રીના હૃદયની ઇચ્છા અનુસાર બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

દ્વારા ગત વર્ષથી સત્સંગદીક્ષા કંઠપાઠ માટેના ઓનલાઈન વર્ગોનો પણ આરંભ થયો છે. વર્ષના અંતે લેવાયેલા અધિવેશનમાં ૧૦૯ બાળકો અને ૧૦૬ બાલિકાઓ એમ કુલ મળીને ૨૧૫ બાળવિદ્વાનો સંપૂર્ણ શાસ્ત્રને કંઠસ્થ કરીને ઉત્તીર્ણ થયાં હતાં.

આ બંને અભ્યાસક્રમના શૈક્ષણિક વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે તા. ૨૮ થી ૩૧ મે, ૨૦૨૪ દરમ્યાન સારંગપુરમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા હતા. આ લાભ લેવા માટે ભારત, આફ્રિકા અને યુ.એ.ઈ.ના કુલ મળીને ૧૬૪ બાળકો અને ૧૪૯ બાલિકાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

તા. ૨૮ મેના દિવસે સંધ્યાસભામાં આ બાળકોના અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં સ્વામીશ્રી સમક્ષ બાળકોની વિશેષતાઓ દર્શાવવામાં આવી. સત્સંગદીક્ષાનો મુખપાઠ ક્રમાંક સાથે, વિષય સાથે, સમજૂતી સાથે એમ વિવિધ રીતે પ્રસ્તુત કરીને બાળકોએ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વળી, અનેક કઠિનતાઓની વચ્ચે આ અધ્યયન કરતા બાળકોના પ્રસંગો સાંભળીને સ્વામીશ્રી પણ ખૂબ પ્રસન્ન થયા હતા. પોતાના માનસપુત્રો સમાન આવા વિશિષ્ટ બાળવિદ્વાનોને જોઈને સ્વામીશ્રી પોતાની રુચિ દર્શાવતાં સહજપણે ઉચ્ચર્યા હતા કે ‘આવા ૧૦,૦૦૦ વિદ્વાનો તૈયાર કરવા છે.’ આમ, સ્વામીશ્રીની પ્રસન્નતા, પ્રસાદ અને પ્રમાણપત્ર પામીને સૌ બાળકો આનંદથી ઝૂમી ઊઠ્યા.

આ સાથે અહીં તા. ૨૯ થી ૩૧ મે દરમ્યાન આ વિદ્વાન બાળ-બાલિકાઓની શિબિર પણ યોજાઈ હતી. ‘અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત એ જ આપણું સર્વસ્વ છે’ - એ મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરમાં બાળવિદ્વાનોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની સાથે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી, પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી, પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી, પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામી વગેરે અનેક વરિષ્ઠ સંતોનો લાભ પ્રાપ્ત કર્યો. આ શિબિરમાં વિવિધ સંગોષ્ઠીઓ, પ્રવચનો, વર્કશૉપ, રમત-ગમત અને ભક્તિમય કંઠપાઠ જેવા કાર્યક્રમો દ્વારા અક્ષરપુરુષોતમ સિદ્ધાંતને સૌએ વધુ સુદૃઢ કર્યો હતો. માત્ર મુખપાઠ જ નહીં, પરંતુ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત તેઓની જીવનશૈલી અને વિચારસરણીનું અવિભાજ્ય અંગ બની રહે તેવાં સત્રો અહીં યોજાયાં હતાં.

વળી, આ અભ્યાસક્રમ દ્વારા જે બાળકોએ સત્સંગના સિદ્ધાંતોને પોતાના જીવનમાં ઉતાર્યા હોય તેઓના પ્રેરણાદાયી પ્રસંગો પણ જણાવવામાં આવ્યા, જેમ કે આ કોર્સમાં અભ્યાસ કરતા ઑસ્ટ્રેલિયાના તીર્થમ નામના બાળકને છેલ્લા એક વર્ષમાં બે-બે વાર બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હોવાથી તેઓને બે વાર કીમો થેરાપી અને એકવાર રેડિયેશન ટ્રીટમેન્ટ આપવી પડી. આવી તીવ્ર શારીરિક વેદનાઓની વચ્ચે પણ સ્થિર રહીને તેઓએ હૉસ્પિટલમાં માંદગીના બિછાને નિત્યપૂજા અને શાળાના અભ્યાસની સાથે સાથે ‘સિદ્ધાંતસર્વસ્વમ્’નો અભ્યાસ પણ કર્યો હતો. ગોંડલના ચાર વર્ષના બાળક જિગર સિદ્ધપરાએ ૩૧૫ શ્લોકોનો સત્સંગદીક્ષા ગ્રંથ કંઠસ્થ કર્યો, તેને પાલખીમાં વધાવાયો હતો. આવા બાળકોના પ્રસંગોથી અન્ય બાળકો પણ ખૂબ પ્રેરણા પામ્યા હતા.

તા. ૨૯ અને ૩૦ના રોજ સ્વામીશ્રીની પ્રાતઃપૂજા દરમ્યાન બાળવિદ્વાનોએ શ્લોકગાન તેમજ વિવિધ શાસ્ત્રીય પ્રસ્તુતિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. આ પૂજા સમયે જ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ અધ્યયનનો એક વિશિષ્ટ વર્ગ લીધો, જેમાં બાળકોની વિદ્વત્તાસભર પ્રસ્તુતિથી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા હતા.

આમ, સિદ્ધાંતસર્વસ્વમ્ અભ્યાસક્રમ અંતર્ગત યોજાયેલા વિવિધ કાર્યક્રમો સૌ માટે પ્રેરણા અને પ્રોત્સાહનનું પર્વ બન્યા હતા.

## ■ યુવા તાલીમ કેન્દ્રના નૂતન સત્રનો પ્રારંભ

સન ૨૦૦૭માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી સારંગપુર ખાતે આરંભાયેલું ‘યુવા તાલીમ કેન્દ્ર’ યુવાનોને સર્વાંગી તાલીમ આપી રહ્યું છે. છ મહિનાની આ સઘન તાલીમમાં યુવામાનસ સંયમિત અને નિયમિત બનીને અનેકવિધ ક્ષેત્રે મહોરી ઊઠે છે.

તા. ૨૯-૫-૨૦૨૪ના રોજ પૂજ્ય મહંત સ્વામી મહારાજે દીપ પ્રાગટ્ય કરીને ‘યુવા તાલીમ કેન્દ્ર’ના આ વર્ષના દ્વિતીય સત્રનો મંગલ પ્રારંભ કર્યો હતો. તેમજ તાલીમાર્થીઓને ધર્મ-નિયમ, પ્રાપ્તિ, નિષ્ઠા, આહ્‌નિક, કર્તાપણાનો વિચાર, આત્મવિચાર, સાંખ્યવિચાર, સંબંધના મહિમાનો વિચાર, શાસ્ત્રોનું વાંચન વગેરે સંબંધી પ્રેરણાવચનો કહ્યા હતા. આ સત્રની બૅચમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન વગેરે રાજ્યોમાંથી ૨૧૫ કરતાંય વધુ યુવાનો જોડાયા હતા.

## ■ યોગીજયંતી અને વૈદિક મહાયાગ

તા. ૪-૬-૨૦૨૪, વૈશાખ વદ બારશ એટલે તિથિ પ્રમાણે બ્રહ્મસ્વરૂપ

યોગીજી મહારાજનો ૧૩૨મો પ્રાકટ્ય દિન. વળી, આજે તિથિ પ્રમાણે પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૬૩મો ભાગવતી દીક્ષાદિન હતો. આ શુભદિને ગુરુશિખરમાં વિરાજતા યોગીજી મહારાજને ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ધરાવાયો હતો. સ્વામીશ્રીએ અન્નકૂટ સાથે આરતી ઉતારી વિશેષ ગુરુભક્તિ અદા કરી હતી.

આજે સારંગપુર તીર્થધામમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ઉપસ્થિતિમાં એક વિશિષ્ટ અને અભૂતપૂર્વ અવસર યોજાયો હતો. એ હતોઃ 'ગુરુહરિ પ્રસન્નતા મહાયાગ.'

આ વૈદિક મહાયાગ માટે મુખ્ય મંદિર અને પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિર વચ્ચેના ચોકમાં કુલ ૧૦૬ યજ્ઞકુંડ રચવામાં આવ્યા હતા. વહેલી સવારે મંગલમય મુહૂર્તમાં વડીલ સંતો અને મહાવિદ્યાલયના બ્રાહ્મણ છાત્રોએ વેદોક્ત વિધિપૂર્વક મહાયાગનો શુભારંભ કર્યો. ભારતના વિવિધ પ્રાંત ઉપરાંત દેશ-વિદેશના ૭૦૦ યજમાનોએ યજ્ઞવિધિમાં જોડાઈને વૈદિક મંત્રોચ્ચાર સાથે ગુરુહરિની પ્રસન્નતા અર્થે આહુતિઓ અર્પી હતી. સંસ્થાના વિદ્વાન સંતોના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ યજ્ઞવિધિમાં સહાયક બન્યા હતા.

પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિ-મંદિરના પોડિયમ પર રચાયેલા મુખ્ય કુંડ પર પધારીને સ્વામીશ્રીએ યજ્ઞનો શેષવિધિ કર્યો અને ભારત દેશના વિકાસ માટે અને દેશમાં તથા સમગ્ર વિશ્વમાં શાંતિ બની રહે એવી શુભભાવના સાથે આહુતિઓ અર્પી હતી. બરાબર ૬:૫૫ વાગ્યે સ્વામીશ્રીએ યજ્ઞની પૂર્ણાહુતિના સંકલ્પ સાથે શ્રીફળ હોમી યજ્ઞની ઇતિશ્રી કરી. ત્રણ મંદિરોના પ્રયાગસ્થાને, પ્રગટ ગુરુહરિની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલો મહાયાગ ગુરુહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરનારો દિવ્ય અવસર બની રહ્યો હતો.

આજના મંગલ અવસરનું મહિમાગાન કરતાં સ્વામીશ્રીએ જણાવ્યુંઃ ''આજે યોગીજી મહારાજનો પ્રાકટ્ય દિન છે. યોગીજી મહારાજ મહાન સંત હતા. તેમણે બધાને રાજી કર્યા છે. કોઈનુંય અપમાન કર્યું નથી એટલે તેઓ બધાને ગમતા. તેઓના પ્રાકટ્ય દિન નિમિત્તે અહીં યજ્ઞ થાય છે અને તે યજ્ઞમાં આપણે સૌએ લાભ લીધો એ બહુ મોટી વાત છે.

આ યજ્ઞમાં જે બેઠા છે તે સર્વના શુભસંકલ્પો મહારાજ-સ્વામી પૂરા કરે અને બધા તને-મને-ધને સુખી થાય. યોગીબાપા કહેતાઃ 'ભગવાન સૌનું ભલું કરો.' ગમે તે હોય, બધાનું ભલું કરો. આજે આપણે પ્રાર્થના કરીએ કે ભારત દેશનું ખૂબ ભલું થાય અને તેનો વિકાસ થાય અને આખા વિશ્વમાં સુખ-શાંતિ થાય.

બધાએ વર્ષમાં એકવાર ગુરુહરિ પ્રસન્નતા મહાયાગનો લાભ લેવા તેમજ ગુરુપૂજન માટે સારંગપુર અવશ્ય આવવું.''

સ્વામીશ્રીની આજ્ઞાનુસાર દર રવિવારે ગુરુહરિની પ્રસન્નતાર્થે યાગ ચાલુ રહેશે.

સાયંકાળે પ્રમુખદર્શન વાટિકામાં 'યોગીજયંતી' નિમિત્તે સ્મૃતિસભા યોજાઈ હતી. ધૂન-પ્રાર્થનાથી આરંભાયેલી સભામાં સ્વામીશ્રીએ સારંગપુર ખાતે આ વખતના રોકાણ દરમ્યાન આપેલા અલભ્ય સત્સંગ લાભની સ્મૃતિઓ વીડિયોના દ્વારા દર્શાવાઈ હતી. વીડિયો બાદ 'પ્રમુખસ્વામી મહારાજની દૃષ્ટિએ યોગીજી મહારાજ' વિષયક સુંદર પ્રવચનનો લાભ વિવેકસાગરદાસ સ્વામીએ આપ્યો હતો.

યોગીજી મહારાજે મહંત સ્વામી મહારાજનો મહિમા કહ્યો હોય તેવી વીડિયો દર્શાવાઈ. ત્યારબાદ 'મહંત સ્વામી મહારાજની દૃષ્ટિએ યોગીબાપા' વિષયક પ્રશ્નોત્તરી યોજાઈ હતી. આદર્શજીવનદાસ સ્વામીએ પ્રશ્નોત્તરી દરમ્યાન યોગીજી મહારાજ સંબંધી





પૂછેલા પ્રશ્નોના સ્વામીશ્રીએ પ્રસંગોચિત ઉત્તરો આપીને સૌને યોગીબાપાની સ્મૃતિઓમાં ગરકાવ કરી દીધા હતા. મધુરવદનદાસ સ્વામીએ ‘યોગીસ્મૃતિ’ નામક ઑડિયો પ્રકાશન સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટિત કરાવ્યું હતું.

સભાનો દોર આગળ ધપાવતાં વેદકીર્તિદાસ સ્વામી અને પ્રબુદ્ધયોગીદાસ સ્વામીએ આ વખતના સારંગપુરના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ આપેલા સત્સંગલાભની સ્મૃતિઓમાં અવગાહન કરાવ્યું હતું અને આવો અલૌકિક લાભ આપવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં બંને સંતોએ સૌ વતી સ્વામીશ્રીનો આભાર માન્યો હતો.

યોગીજયંતી પર્વે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ચાલતાં શિક્ષણકાર્યોમાં યશ કલગી ઉમેરાઈ હતી. વિશ્વના ૨૦૦




દેશોના પ્રતિનિધિઓથી રચાયેલી DBS CERT સંસ્થાએ બી.એ.પી.એસ. શિક્ષણ સંસ્થાની કાર્યપદ્ધતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એજ્યુકેશન વગેરેનું મૂલ્યાંકન કરીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયને આંતરરાષ્ટ્રીય કક્ષાનું ISO સર્ટિફિકેટ એનાયત કર્યું હતું. આ સર્ટિફિકેટ સંતોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યું. સર્ટિફિકેટ આપવા માટે પધારેલા સંસ્થાના પ્રતિનિધિઓને સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા હતા.

અંતમાં, સ્વામીશ્રીને ભાગવતી દીક્ષા દિન નિમિત્તે સંતોએ સુંદર હાર પહેરાવી વધાવ્યા હતા. હારતોરા બાદ અક્ષરપુરુષોત્તમ મહારાજને આરતીથી અભિવંદિત કરી, ગુરુજયંતી ઊજવીને સ્વામીશ્રીએ સારંગપુર ખાતેના રોકાણની અંતિમ સભામાંથી વિદાય લીધી હતી.

સારંગપુરમાં સતત અઢી મહિના સુધી સાધકો-પાર્ષદો-સંતો-હરિભક્તોને બ્રહ્માનંદ કરાવી, સૌની ભાવભરી વિદાય લઈને સ્વામીશ્રી મહુવા પધાર્યા.



# ચાતુર્માસના નિયમો

**પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા મુજબ, પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સર્વે હરિભક્તોએ ચાતુર્માસના નિયમો નીચે મુજબ ગ્રહણ કરવા. અષાઢ સુદ ૧૧, તા. ૧૭-૭-૨૦૨૪ થી કાર્તિક સુદ ૧૧, તા. ૧૨-૧૧-૨૦૨૪ સુધી આ નિયમોનું પાલન કરીને શ્રીહરિ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ :**

**વાંચનયજ્ઞ:** નીચે આપેલાં પુસ્તકોનું વાંચન કરવું.

૧. નિત્ય વચનામૃત અને સ્વામીની વાતોનો પાઠ અથવા શ્રવણ.

૨. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ: ભાગ-૯ (વિસ્તૃત જીવનચરિત્ર) વાંચન અથવા ‘અક્ષર અમૃતમ્’ એપ દ્વારા નિત્ય ૧૫ મિનિટ શ્રવણ કરવું. જે હરિભક્તોને ભાગ-૭ અને ભાગ-૮ બાકી હોય તેમણે તેનું પઠન અથવા શ્રવણ કરવું.

૩. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવના ઉપક્રમે પ્રકાશિત થયેલી તેમના જીવન પરની નીચેની પાંચ પુસ્તિકાઓનો પાઠ કરવો: ● ગુરુભક્તિનો વિરલ આદર્શ ● મૂર્તિમાન દાસત્વભક્તિ ● આ છે બ્રાહ્મીસ્થિતિ ● આદિવાસીઓના વાત્સલ્યમૂર્તિ ● પારિવારિક એકતાનું પ્રેમ છત્ર.

**વ્રત-તપયજ્ઞ:** શારીરિક દૃષ્ટિએ અનુકૂળ હોય તેમણે ધારણાં-પારણાં, ચાંદ્રાયણ વગેરે વ્રત-તપ કરવાં અથવા શ્રાવણ માસમાં એકટાણાં વ્રત કરવું.

**ભક્તિયજ્ઞ:** દરરોજ પાંચ કે વધુ માળા અધિક ફેરવવી. અધિક દંડવત, અધિક પ્રદક્ષિણા વગેરે શ્રદ્ધા અનુસાર કરવાં. એક સ્નેહીને પાકા સત્સંગી થવા માટે પ્રેરણા આપવી.

**ગુણકથન યજ્ઞ:** દર અઠવાડિયે ગુરુહરિ સ્વામીશ્રીનો એક નવો પ્રસંગ શક્ય તેટલા વધુ સગાં-સ્નેહીઓને રૂબરૂ કહીને કે પત્ર દ્વારા અથવા અન્ય માધ્યમથી જણાવવો.

**પારિવારિક નિયમો:** ઘરસભા કરવી: સામૂહિક રીતે ઘરસભામાં વાંચન, શ્રવણ, દર્શન તથા મનન કરીને ગોષ્ઠિ કરવી.

● દર મહિને એકવાર એક સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા. આખું વર્ષ એક જ સંબંધી પરિવારને ઘરસભામાં બોલાવવા પણ દર મહિને નવા નવા પરિવાર આવે તેમ ન કરવું.

● એક નવા પરિવારને ઘરસભા કરતા કરવા. ◆



## મહુવામાં સત્સંગ-ભક્તિની સરવાણી વહાવતા સ્વામીશ્રી...

*માલણ નદી અને સમુદ્રને કાંઠે વસેલું મહુવા નગર લીલીછમ વનરાજીથી ગોહિલવાડ પંથકમાં સૌરાષ્ટ્રના 'કાશ્મીર' તરીકે આગવી નામના ધરાવે છે. ભગવાન સ્વામિનારાયણની ચરણરજથી પાવન થયેલું મહુવા એક અભિનવ તીર્થ છે. આ પાવનકારી તીર્થમાં સન ૧૮૨૯માં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો પ્રાદુર્ભાવ થયો હતો.*

*ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના જ્ઞાનનું નીડરપણે છડેચોક પ્રવર્તન કરનાર ભગતજી મહારાજને ભક્તિભરી અંજલિ અર્પતાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૨૦૧૪માં મહુવા નગરમાં શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચ્યું હતું. આ મંદિર સમગ્ર પંથકમાં અભિનવ તીર્થધામ બની રહ્યું છે.*

*તા. ૬-૬-૨૦૨૪ થી તા. ૧૪-૬-૨૦૨૪ સુધી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મહુવાના આ શિખરબદ્ધ મંદિરમાં બિરાજીને આ પંથકના અસંખ્ય ભક્તો-ભાવિકોને દિવ્ય સત્સંગલાભથી લાભાન્વિત કર્યા હતા. સાડા પાંચ વર્ષના અંતરાલ બાદ મહુવા પધારેલા સ્વામીશ્રીએ અહીં નવ દિવસ સુધી દિવ્ય ભક્તિની સરવાણી વહાવી સૌને કૃતકૃત્ય કરી દીધા હતા. મહુવા આજુબાજુના પંથકમાંથી ખૂબ મોટી સંખ્યામાં હરિભક્તો-ભાવિકો વહેલી સવારે સ્વામીશ્રીનાં દર્શનાર્થે ઊમટતા હતા. પૂજામાં બાળકોએ મુખપાઠ તેમજ સંગીતજ્ઞ સંતો-યુવકોએ કીર્તનભક્તિ રજૂ કરીને સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. વળી, સત્સંગ-સભાઓમાં પણ સ્વામીશ્રીના આશીર્વાદ પામીને સૌ ધન્ય બન્યા હતા.*

*તાજેતરમાં સ્વામીશ્રીએ અમેરિકામાં ભવ્યાતિભવ્ય અક્ષરધામ અને આરબ દેશમાં અબુધાબી ખાતે વિશાળ હિન્દુ મંદિરની પ્રતિષ્ઠા કરી હતી. આ કાર્યોથી અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવતાં મહુવાની પ્રજા વતી નગરપાલિકાએ સ્વામીશ્રીને 'કી ટુ ધ સિટી' અને પ્રશસ્તિપત્ર અર્પણ અર્પણ કરી સ્વામીશ્રીનું બહુમાન પણ કર્યું હતું. સ્વામીશ્રીને સત્કારવા તેમજ દર્શન-આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે સ્થાનિક રાજકીય, સામાજિક, ઔદ્યોગિક, ધાર્મિક ક્ષેત્રના મહાનુભાવો પધાર્યા હતા. તે સૌના અંતરની ભાવનાઓ સ્વીકારી સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા હતા. દરજી સમાજ અને ખરક સમાજના અગ્રણીઓએ સ્વામીશ્રીને સન્માન-પત્ર એનાયત કરીને નવાજ્યા હતા. APMC માર્કેટયાર્ડના સભ્યોએ અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણોમાં આર્થિક અનુદાન અર્પણ કર્યું અને સ્વામીશ્રીને તેમનાં યુગવર્તી કાર્યો બદલ સન્માન-પત્ર અર્પણ કર્યું હતું.*

*તા. ૧૨-૬-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીએ મહુવામાં રચાનાર 'બી.એ.પી.એસ. વિદ્યામંદિર'ની ઈષ્ટિકાઓનું પૂજન કરીને નકશાઓ પ્રસાદીભૂત કર્યા હતા. મહુવા ખાતે સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ કાર્યક્રમોની એક ઝલક અહીં પ્રસ્તુત છે...*

## ■ આગમન

તા. ૬-૬-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ સારંગપુરથી હવાઈ માર્ગે મહુવા પધાર્યા. સ્વામીશ્રીના આગમનથી સંતો-ભક્તો અને ખાસ તો બાળકોના રોમેરોમમાં રોમાંચ અને આનંદની લહેરખી પ્રસરી ગઈ હતી. મહુવા બી.એ.પી.એસ. મંદિરના કોઠારી વિનમ્ર મુનિદાસ સ્વામીએ હાર પહેરાવી સ્વામીશ્રીને અભિવંદન કર્યાં.

શણગારેલા રથમાં બિરાજી ભક્તો અને મહુવા ગામની ભાવિક જનતાને દર્શનલાભ આપતાં સ્વામીશ્રી મંદિર તરફ અગ્રસર થયા. સ્વાગત-યાત્રાના પ્રારંભમાં બાઈકસવાર યુવાનો બી.એ.પી.એસ.ની ધજાઓ લહેરાવી ગુરુહરિને સત્કારી રહ્યા હતા. વાતાવરણમાં ગુંજી રહેલાં સ્વાગત-કીર્તનોના તાલે સૌ ઝૂમી રહ્યા હતા. માર્ગમાં હરિભક્તો પર કૃપાદૃષ્ટિ વરસાવતાં સ્વામીશ્રીએ મંદિરમાં પ્રવેશ કર્યો ત્યારે વિવિધ વેશભૂષામાં થનગની રહેલા બાળકોએ પુષ્પપાંદડી વરસાવી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુહરિને વધાવ્યા. સાથે જયજયકાર અને શંખનાદ પણ ગુંજી ઊઠ્યા. સૌનું સ્વાગત સ્વીકારતાં સ્વામીશ્રી મંદિરે પધાર્યા. સમગ્ર મંદિરને ઠેર ઠેર પુષ્પો અને વેલીઓથી શણગારવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં ઠેર ઠેર બૅનરોમાં સંતમહિમાનાં વાક્યો દૃશ્યમાન થતાં હતાં. વિશેષમાં દરેક બૅનરની નીચે 'આવ્યું અણચિંતવ્યું સુખ...' વાક્ય સૌના અંતરના ભાવોને પ્રતિધ્વનિત કરતું હતું. વળી, ગુરુહરિનું સ્વાગત કરતી રંગોળીઓ પૂરવામાં આવી હતી.

સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજી અને ગુરુવર્યોનાં દર્શન કરીને સભામંડપમાં પધાર્યા. સ્વામીશ્રીને વધાવતું *'આવો પધારો રે આવો પધારો રે...'* સ્વાગત-કીર્તન ગુંજી ઊઠ્યું. સભામંડપમાં હકડેઠઠ બેઠેલા હરિભક્તો-ભાવિકોએ ગુરુહરિનાં દર્શન થતાં જ હર્ષ અને જયજયકારોની હેલી વરસાવી. બાળકોનાં હૈયે તો આનંદ-ઉત્સાહનો પાર નહોતો. સૌના આનંદની શબ્દો દ્વારા વિનમ્રમુનિદાસ સ્વામીએ અભિવ્યક્તિ કરી, તેમજ પ્રાર્થનાઓ કરી.

સૌનો ભક્તિભાવ સ્વીકારતાં સ્વામીશ્રીએ સૌને 'જય સ્વામિ-નારાયણ' કર્યા અને કહ્યું: ''સાક્ષાત્ ભગતજી મહારાજનું આ સ્થાન! હવે આપણે નવ દિવસ કથાવાર્તા-મહિમાગાન અને સેવાભક્તિ દ્વારા મજા કરશું.'' સૌએ તાળીનાદથી આ વચનો વધાવ્યાં.

ગુરુહરિના આગમન નિમિત્તે ઘણા હરિભક્તોએ વ્રત-તપ-ઉપવાસની સાથે સાથે ગુણગ્રહણ, અભાવ-અવગુણનો ત્યાગ, સત્સંગ ગ્રંથોનું વાંચન જેવા વિશિષ્ટ નિયમો લીધા હતા. આવા ભક્તિભર્યા સ્વાગતથી સ્વામીશ્રી સવિશેષ પ્રસન્ન થયા. સૌ વતી ઈશ્વરચરણદાસ સ્વામી અને મહુવા મંદિરમાં સેવા આપતા સંતોએ કલાત્મક હાર પહેરાવી સ્વામીશ્રીનું મહુવાના આંગણે સ્વાગત કર્યું હતું.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆






# પીપળી, ડબકા, રાયછા, નાના કોસ્ટા, કચીગામ, કરવડ, કાજલી અને જલાલપુર ગામમાં નવનિર્મિત મંદિરોમાં યોજાયો પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ

ભારત એ મંદિરોની ભૂમિ છે. મંદિરો વિનાના ભારતની કલ્પના અસંભવિત છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આદિવાસી ગામડાંઓથી લઈને વિશ્વનાં મહાનગરો સુધી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોનું નિર્માણ કરીને તેના દ્વારા સમાજમાં આધ્યાત્મિકતાનું એક વિરલ આંદોલન પ્રગટાવ્યું છે. મંદિરોની મૂળ વિભાવના પુનર્જીવિત કરીને તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલી વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે માનવજાતને શાંતિ અને સુખનો રાહ ચીંધ્યો છે. તાજેતરમાં ગુજરાત અને દાદરા નગરહવેલી પ્રદેશમાં નિર્માણ પામેલાં સાત નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોના પ્રતિષ્ઠા ઉત્સવની એક ઝલક અહીં પ્રસ્તુત છે...

## પીપળી ખાતે ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના પીપળી ગામમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૮-૧-૨૦૨૪ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ધામધૂમપૂર્વક યોજાઈ ગયો. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં પદારવિંદથી પાવન થયેલા આ ગામમાં ધર્મકીર્તિદાસ સ્વામી અને શ્રીજીવંદનદાસ સ્વામીના ભક્તિસભર પ્રયાસથી સત્સંગની શરૂઆત ૨૫ વર્ષ પૂર્વે થઈ હતી. સંતોના સતત વિચરણથી ગામજનોને સત્સંગ પ્રત્યેની અસ્મિતા વધુ દૃઢ બની. સમયના વહેણ સાથે મહિલા, બાલ-બાલિકા, યુવક- યુવતીમંડળની પણ શરૂઆત થતાં સત્સંગનો વિકાસ ખૂબ થયો. પરિણામ સ્વરૂપે મંદિરની જરૂરિયાત ઊભી થઈ. ગામની મધ્યમાં આવેલી જૂની જર્જરિત ધર્મશાળા ગ્રામવાસીઓ અને ટ્રસ્ટીમંડળના સહયોગથી સંસ્થાને બક્ષિસમાં પ્રાપ્ત થઈ અને મંદિરના શ્રીગણેશ થયા. સૌ આબાલવૃદ્ધ હરિભક્તોના ભક્તિસભર

પુરુષાર્થથી મંદિર નિર્માણ પામ્યું. ટૂંક સમયમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચતાં મંદિર પરિસર સૌ ભક્તોને આકર્ષતું રહ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૬-૧-૨૦૨૪ના રોજ સંધ્યાસભામાં અદ્‌ભુત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત થયો, જેમાં સંગીતમય બાળવાર્તા તેમજ પારિવારિક મૂલ્યોને દૃઢાવતા પ્રેરક સંવાદ 'તિરાડ'ની પ્રસ્તુતિ કિશોરોએ ચોટદાર રીતે કરી. દ્વિતીય દિને મહિલા સંમેલન યોજાયું, તેમાં પણ પ્રસ્તુત થયેલા જાગૃતિસભર કાર્યક્રમનો લાભ ૭૦૦ બહેનોએ પ્રાપ્ત કર્યો. સંમેલન બાદ અપરાહ્‌ને, પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા ગામની શેરીઓમાં આરંભાઈ. અનેકવિધ આકર્ષણે યુક્ત આ શોભાયાત્રામાં જોડાયેલા ભક્તોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુરુપરંપરાને બુલંદ જયઘોષથી વધાવ્યા. સૌ માટે આજની સાયંકાળ અવિસ્મરણીય બની રહી.

તા. ૨૮-૧-૨૦૨૪ના રોજ પ્રાતઃકાળે મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી વેદોક્ત મહાપૂજાનો લાભ ૧૫૦થી વધુ યજમાનોએ લીધો. ત્યારબાદ મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૧૯-૪-૨૦૨૩ના દિવસે સુરેન્દ્રનગરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીએ કર્યો. સૌ સંતો-હરિભક્તોએ પ્રતિષ્ઠાની આરતી ઉતારીને ભક્તિ અદા કરી. ત્યારબાદ ગામજનોની ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠા સભા યોજાઈ, તેમાં મંચસ્થ સંતોએ મંદિરની આવશ્યકતા વિષયક તેમજ ભાગ્યસેતુદાસ સ્વામી તથા રાજેશ્વરદાસ સ્વામીએ પ્રેરકબોધ વચનો કહ્યાં હતાં.

## ડબકા ખાતે ઊજવાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

પાદરા તાલુકામાં વહેતી મહીસાગર નદીના કિનારે વસેલા ડબકા ગામમાં નૂતન બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાઈ ગયો. આમ તો વર્ષો પૂર્વે દિવ્યસ્વરૂપદાસ સ્વામીના વિચરણથી અહીં સત્સંગની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ધર્મકીર્તિદાસ સ્વામી અને શ્રીજીવંદનદાસ સ્વામીના વિચરણથી હરિભક્તોની સંખ્યા વધતાં સત્સંગમંડળની શરૂઆત ૧૧ વર્ષ પૂર્વે થઈ હતી. સમયાંતરે મહિલામંડળ, બાલ-બાલિકામંડળ અને યુવક-યુવતીમંડળની પણ શરૂઆત થઈ. ગામમાં સત્સંગનો ફેલાવો વધતાં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. હરિભક્તોએ ભક્તિભાવથી ગામની મધ્યમાં આવેલી પોતાની જમીનો અર્પણ કરી. સ્વામીશ્રી દ્વારા તા. ૧૯-૪-૨૦૨૩ના રોજ પૂજિત ઇષ્ટિકાઓ દ્વારા મંદિરનો શિલાન્યાસવિધિ યોજાયો. એક વર્ષમાં જ સૌ હરિભક્તો ભક્તિમય પુરુષાર્થથી મંદિરનું નિર્માણકાર્ય પૂર્ણ થયું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૯-૧-૨૦૨૪ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો, જેને ગામજનોએ ભાવવિભોર બનીને માણ્યો. દ્વિતીય દિને બપોરે મહિલા પાંખ દ્વારા ૪૦૦ બહેનોની ઉપસ્થિતિમાં શાનદાર મહિલા સંમેલન યોજાયું. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા ગામમાં આરંભાઈ. સાફાધારી ઘોડેસવાર યુવકો, શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના રથનું વહન કરતા હરિભક્તો, ગુરુપરંપરા રથ, સંત રથ, પટ્ટાબાજી ખેલતા યુવકો, સાંસ્કૃતિક વેશભૂષાધારી બાળ-બાલિકાઓ, ધ્વજધારી યુવતીઓ, મહિલાવૃંદ, પ્રેરણાબોધ આપતા રથો વગેરેથી શોભતી શોભાયાત્રા દ્વારા ગામમાં અદ્‌ભુત માહોલ છવાઈ ગયો.

તા. ૩૧-૧-૨૦૨૪ના રોજ સુપ્રભાતે પ્રતિષ્ઠા નિમિત્તે યોજાયેલી વૈદિક મહાપૂજાનો લાભ ૩૦૦ યજમાનોએ લીધો. ત્યારબાદ તા. ૧૯-૧-૨૦૨૪ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે કણાદ(સુરત)માં વિધિપૂર્વક પૂજાયેલી મૂર્તિઓનો વેદોક્ત સ્થાપનવિધિ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં ભાગ્યસેતુદાસ સ્વામી, રાજેશ્વરદાસ સ્વામી તથા અન્ય સંતોએ પ્રેરક બોધવચનો કહ્યાં હતાં.

આમ, પીપળી અને ડબકા ગામમાં રચાયેલા નૂતન મંદિર અને તેમાં ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં ગામમાં ગતિમાન ત્રણેય પાંખનાં સત્સંગમંડળોની સેવા સવિશેષ રહી હતી. અટલાદરા મંદિરના કોઠારી સ્વામી તેમજ આ વિસ્તારમાં પૂર્વે વિચરણ કરતા જ્ઞાનવીરદાસ સ્વામી અને ધર્મચિંતનદાસ સ્વામી, હાલ વિચરણ કરતા ધર્મકીર્તિદાસ સ્વામી તથા શ્રીજીવંદનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ આ ઉત્સવો ભક્તિભાવપૂર્વક સંપન્ન થયાં.

## રાયછા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ગુજરાતમાં છોટા ઉદેપુર જિલ્લામાં આદિવાસી ક્ષેત્રમાં ક્વાંટ તાલુકામાં રાયછા ગામમાં સન ૧૯૯૭માં દિવ્યસ્વરૂપદાસ સ્વામીએ પધારી સત્સંગની શુભ શરૂઆત કરી હતી. આ વિસ્તાર વ્યસન, વહેમથી ભરપૂર હોવાની સાથે સાથે દિવસે પણ લૂંટી લે તેવો ભયજનક વિસ્તાર કહેવાતો હતો. એવા વાતાવરણ વચ્ચે અહીંના યુવાન શ્રી ઈસુણભાઈ રાઠવાને વડોદરામાં અભ્યાસ દરમ્યાન બી.એ.પી.એસ. સત્સંગનો યોગ થયો અને તેમના ઉત્સાહથી ગામમાં પણ સત્સંગનાં મંડાણ થયાં. ધીમે ધીમે




કચીગામમાં યોજાયેલી શોભાયાત્રામાં ઠાકોરજીના રથનું વહન કરતા હરિભક્તો અને પ્રતિષ્ઠાવિધિ કરતા ભક્તવત્સલદાસ સ્વામી

બાળમંડળ, મહિલામંડળ અને સંયુક્તમંડળની શરૂઆત થઈ. શ્રી રેવજીભાઈ કેદુભાઈ રાઠવાએ મંદિર માટે ભૂમિ કૃષ્ણાર્પણ કરી. હરિભક્તોએ જાત મહેનત કરી મંદિરના પાયા, ચણતર, પ્લાસ્ટર જેવાં શ્રમસભર કાર્યો સેવાયજ્ઞ દ્વારા કર્યાં. આ રીતે સુંદર મંદિર નિર્માણ પામ્યું. વિશેષ આર્થિક સહયોગ શ્રી ચંદ્રકાંતભાઈ (લંડન), શ્રી અક્ષરકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ (ઑસ્ટ્રેલિયા) અને શ્રી હર્ષ રજનીભાઈ પટેલ(ઑસ્ટ્રેલિયા)નો રહ્યો હતો.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે તા. ૩-૪-૨૦૨૪ના રોજ મંદિરની મૂર્તિઓની શોભાયાત્રા યોજાઈ. દ્વિતીય દિને સવારે વેદોક્ત મહાપૂજાવિધિ બાદ અક્ષરચરણદાસ સ્વામી, દિવ્યસ્વરૂપદાસ સ્વામી વગેરે સંતોએ મૂર્તિ-સ્થાપનવિધિ કર્યો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં સંતોએ મંદિર -નિર્માણમાં સેવારત શ્રી વિરસીંગભાઈ, રેવજીભાઈ, રમેશભાઈ, માલસીંગભાઈ, કેવજીભાઈ, રેવસીંગભાઈ, નરતમભાઈ, ઈસુણભાઈ વગેરે ભક્તોની સેવા બિરદાવી હતી.

## નાના કોસ્ટા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મધ્ય ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં મધ્યપ્રદેશની સીમા પર ડુંગરાળ વિસ્તારમાં આવેલા નાના કોસ્ટા ગામમાં ૧૫ વર્ષ પહેલાં સેમસીંગભાઈ રાઠવાને સૌ પ્રથમ સત્સંગ થયો હતો. કાર્યકરો અને સંતોના પુરુષાર્થ સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામ્યો. ગામમાં મંદિર રચવાનો સેમસીંગભાઈને પ્રબળ સંકલ્પ હોવાથી રોડ-કાંઠા પરની ભૂમિ અર્પણ કરીને મંદિરનું નિર્માણ આરંભ્યું. પરંતુ ભગવાને કંઈક જુદી લીલા કરી. પાયા બહાર નીકળ્યા ને તેઓ અક્ષરનિવાસી થયા. આથી, પિતાનું આ સેવાકાર્ય તેઓના સુપુત્ર જિજ્ઞેશભાઈ, નીલેશભાઈ અને હિતેશભાઈએ અથાગ મહેનત કરી આગળ ધપાવ્યું. ગામ નાનું, ઓછા હરિભક્તો, સાધનસામગ્રીનો પણ અભાવ છતાં સૌનો ઉત્સાહ, ઉમંગ એવો હતો કે મંદિર સૌના ભક્તિભાવથી રચાઈ ગયું.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૭-૪-૨૦૨૪ અને રામનવમીના રોજ નગરયાત્રા નીકળી. દ્વિતીય દિને દેવસ્વરૂપદાસ સ્વામી, વર્ણીનાથદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સ્થાપનવિધિ થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ આશીવર્ચન પાઠવ્યાં. આ મંદિર-નિર્માણમાં વિશેષ સહયોગ લંડન નિવાસી શ્રી ચંદ્રકાંતભાઈ(સેજાકુવા), શ્રી અક્ષરકુમાર ભૂપેન્દ્રભાઈ પટેલ(ઑસ્ટ્રેલિયા), શ્રી હર્ષ રજનીભાઈ પટેલ (ઑસ્ટ્રેલિયા) તથા શ્રી બી. એફ. પટેલ(સંયોજક)નો રહ્યો. આ મંદિર-નિર્માણમાં શ્રી નીલેશભાઈ રાઠવા, મનસુખભાઈ (સરપંચ), હરેશભાઈ રાઠવા તથા બચુભાઈ રાઠવાએ ખૂબ સેવા કરી હતી.

## કચીગામ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

આજથી દાયકાઓ પૂર્વે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી દાદરા અને નગરહવેલીનાં અંતરિયાળ આદિવાસી ગામોમાં પૂજ્ય સંતોનું વિચરણ શરૂ થયું હતું. તેના ફળસ્વરૂપે સેલવાસ કેન્દ્રના આસપાસના વિસ્તારમાં સત્સંગ નવપલ્લવિત થતો રહ્યો. એ જ ક્રમમાં વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના, દાદરા નગર હવેલીની સરહદ પર તેમજ દમણગંગા નદીના કાંઠે વસેલા, રળિયામણા કચીગામમાં પણ સન ૧૯૮૬થી સત્સંગની શરૂઆત થઈ. સંતોના સતત વિચરણ તેમજ માર્ગદર્શનથી ગામમાં સત્સંગ પ્રવૃત્તિને ખૂબ વેગ મળ્યો





કરવડમાં પ્રાસંગિક સભામાં કથાવાર્તાનો લાભ પ્રાપ્ત કરતા ગામજનો, કાજલીમાં વિશ્વશાંતિ મહાયજ્ઞમાં વિધિમાં મગ્ન યજમાનો

તથા સત્સંગ વધુ દૃઢ થયો. ફળશ્રુતિ રૂપે ગામના સંનિષ્ઠ હરિભક્ત શ્રી રવિયાભાઈ મંગલાભાઈ આંધેરે મંદિર માટે ભૂમિદાન કર્યું. તા. ૧૧-૪-૨૦૧૯ના રોજ આનંદમૂર્તિદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત યોજાયું. ત્યારબાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તથા હરિભક્તોની સખત મહેનત તથા સહયોગથી આકાર પામ્યું. ગામના ઘરેણા સમા સુંદર મંદિરમાં સતીશભાઈ સંજીભાઈ આંધેર, સુરેખાબહેન ચંદુભાઈ આંધેર, અશ્વિનભાઈ છગનભાઈ વારલી, ભાવેશભાઈ ગોટી, અજયભાઈ પટેલ, શૈલેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, અમિતભાઈ ઓઝા વગેરે ભક્તોએ વિશિષ્ટ સેવા કરી હતી.

સુરત ખાતે તા. ૧૬-૧-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો દ્વારા વેદોક્ત વિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ સંતોના સાંનિધ્યમાં ભક્તિભાવપૂર્વક થઈ ગયો. તેના ઉપક્રમે તા. ૨૯-૩-૨૦૨૪ના રોજ ગામમાં સુંદર શોભાયાત્રાનું આયોજન થયું. આ મૂર્તિઓનો સ્થાપનવિધિ, ૨૦૦ યજમાનો તેમજ ભક્તવત્સલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૩૦-૩-૨૦૨૪ના રોજ મંગલમુનિદાસ સ્વામી, કૃપાનિધિદાસ સ્વામી, અમૃતચિંતનદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલી પ્રાસંગિક સભામાં ભક્તવત્સલદાસ સ્વામીએ પ્રસંગોચિત કથાલાભ આપીને મંદિર-નિર્માણમાં સહભાગી થનાર હરિભક્તોને બિરદાવ્યા હતા.

## કાજલી ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સત્સંગની આ જ સુવાસથી વલસાડ જિલ્લાના છેવાડાના કપરાડા તાલુકાનું નાનકડું કાજલી ગામ પણ મહેકી ઊઠ્યું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજની કૃપાથી તેમજ સંતોના સ્નેહથી પ્રેરિત થઈ ગામના સંનિષ્ઠ સત્સંગી શ્રી છનાભાઈ બચલાભાઈ ભોયાએ મંદિર માટે જમીન અર્પણ કરી અને ગામ તથા આસપાસના વિસ્તારને મળ્યું એક સુંદર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર.

આ નાનકડા ગામ કાજલીમાં તા. ૧૩-૪-૨૦૨૪ના રોજ હરિભક્તોએ સુંદર નગરયાત્રાનું આયોજન કરી અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં વધામણાં કર્યાં. દ્વિતીય દિને સવારે યોજાયેલા વિશ્વશાંતિ મહાયજ્ઞમાં ગામ તથા આસપાસના ૨૫૦ જેટલા હરિભક્તોએ લાભ પ્રાપ્ત કર્યો, જેમાં વાપી સત્સંગમંડળના હરિભક્તોએ સેવા આપી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૯-૧-૨૦૨૪ના રોજ પૂજિત મૂર્તિઓનો વિધિવત્ સ્થાપનવિધિ તા. ૧૫-૪-૨૦૨૪ના રોજ પૂજ્ય રાજેશ્વરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ પ્રસંગે યોજાયેલી મહાપૂજામાં પણ હરિભક્તોએ લાભ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ પ્રતિષ્ઠાસભામાં સંતોએ કથાલાભ આપીને સૌને કૃતાર્થ કર્યા.

આ સમગ્ર ઉત્સવને સફળ બનાવવા માટે સેલવાસ વિસ્તારમાં વિચરણ કરી રહેલા મંગલમુનિદાસ સ્વામી, કૃપાનિધિદાસ સ્વામી, અમૃતચિંતનદાસ સ્વામી વગેરે સંતોનો અથાગ ફાળો રહ્યો. કર્તવ્યનિષ્ઠ હરિભક્ત શ્રી બાલુભાઈ એમ. પટેલ, પ્રભુભાઈ એસ. પટેલ, રાજેશભાઈ સી. પટેલ, દીપકભાઈ ભોયા, અશોકભાઈ ભોયા, જિજ્ઞેશભાઈ આર. પટેલ(સુખાલા) વગેરેએ નોંધપાત્ર સેવા અર્પણ કરી હતી. સાથે જ નાના પોંઢા ક્ષેત્રના હરિભક્તોએ સાથે મળીને ઉત્સવની વિવિધ જવાબદારીઓ ઉપાડી લઈ

ઉત્સવને સાર્થક બનાવ્યો હતો.

### કરવડ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

દક્ષિણ ગુજરાતના છેડે આવેલો કેન્દ્રશાસિત આદિવાસી વિસ્તાર દાદરા અને નગરહવેલીમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ખૂબ પરિશ્રમથી સત્સંગનાં બીજ વવાયાં હતાં. સ્વામીશ્રીએ રચેલા સેલવાસ ખાતેના બી.એ.પી.એસ. મંદિરથી સત્સંગની સુવાસ ચોમેર પ્રસરતી રહી છે. ફળસ્વરૂપે વાપી તાલુકાના કરવડ ગામને પણ સુંદર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની ભેટ મળી. ગામના સંનિષ્ઠ હરિભક્ત શ્રી દિનેશભાઈ એચ. પટેલે મંદિર માટે જમીન અર્પણ કરી વિશેષ ભક્તિ દર્શાવી.

શ્રી જિજ્ઞેશભાઈ કે. માવાણી અને કેનીભાઈ શાહે મંદિરમાં મૂર્તિઓની સેવાનો લાભ પ્રાપ્ત કર્યો. શ્રી હિતેશભાઈ પટેલ, સુરેશભાઈ એ. પટેલ, સુરેશભાઈ આર. પટેલ, ધીરુભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, શૈલેશભાઈ પટેલ, અજયભાઈ પટેલ, ભાવેશભાઈ મેંદપરા તથા અશ્વિનભાઈ બુસા વગેરે હરિભક્તોએ સેવા-સહયોગ આપ્યો. ઉત્સવ નિમિત્તે હરિભક્તોએ હર્ષોલ્લાસથી નગરયાત્રામાં ભાગ લઈ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ઉદ્‌ઘોષ કર્યો. તા. ૧૯-૪-૨૦૨૪ના રોજ ૨૫૦થી વધુ હરિભક્તોએ યજ્ઞમાં આહુતિ આપી ભક્તિ-અર્ધ્ય અર્પણ કર્યું. ગુરુહરિ મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૧૬-૧-૨૦૨૪ના રોજ પૂજિત મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૨૦-૪-૨૦૨૪ના રોજ સવારે રાજેશ્વરદાસ સ્વામીએ કર્યો હતો. આ નિમિત્તે યોજાયેલા મહાપૂજાવિધિમાં ૨૫૦ જેટલા હરિભક્તોએ ભાગ લઈ ધન્યતા અનુભવી. પ્રાસંગિક સભામાં સંતોએ સૌને કથામૃતથી લાભાન્વિત કરી સત્સંગ તથા મંદિરનું મહત્ત્વ સમજાવ્યું હતું.

### જલાલપુર(વજીફા) ખાતે પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના જલાલપુર (વજીફા) ગામમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૮૨માં પધરામણી કરી હતી. તે વખતે સત્સંગી શ્રી જીવાભાઈ પટેલ, શ્રી ચતુરભાઈ પટેલે પોતાનાં મકાન સત્સંગ અર્થે સંસ્થાને અર્પણ કર્યાં હતાં. આ મકાનમાં વર્ષોથી સત્સંગસભા ચાલતી. ત્યારપછી અહીં નાનકડું મંદિર રચાયું, તેમાં તા. ૮-૪-૧૯૯૮ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે પધારીને મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. સમયાંતરે ગુરુહરિ મહંત સ્વામી મહારાજ, વરિષ્ઠ સંતો તેમજ ધોળકા મંદિરથી નિયમિત વિચરણ કરતા સ્નેહજીવનદાસ સ્વામી અને સંતોના ભક્તિસભર પુરુષાર્થથી સત્સંગને ખૂબ વેગ પ્રાપ્ત થયો. ધીમે ધીમે એક સુવિધાસજ્જ મંદિરની જરૂરિયાત ઊભી થઈ. તે વખતના હરિભક્તોના વંશજ ભક્તોએ મંદિરની પાસેનાં મકાન અર્પણ કર્યાં. ધોળકા મંદિરના કોઠારી શીલભૂષણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સૌ હરિભક્તોએ કરેલી નિષ્ઠાયુક્ત સેવાથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૧-૪-૨૦૨૪ના રોજ ધોળકા બી.એ.પી.એસ. મંદિરમાં મહાયજ્ઞ યોજાયો, જેમાં ૫૦૦ યુગલોએ યજમાન પદે વિરાજીને વૈદિક મંત્રોચ્ચાર દ્વારા સત્સંગદીક્ષા હોમાત્મક યજ્ઞમાં જોડાઈને મંગલ પ્રાર્થનાઓ કરી.

તા. ૧૮-૪-૨૦૨૪ના રોજ મહિલા સંમેલન યોજાયું, જેમાં મંદિરના મહત્ત્વને સમજાવતા પ્રેરણાત્મક કાર્યક્રમો પ્રસ્તુત થયા. આજે સંધ્યાસભામાં અમદાવાદ યુવકમંડળના યુવકો દ્વારા કીર્તન આરાધના યોજાઈ હતી. તૃતીય દિને સવારે જલાલપુરના માર્ગો પર કલાત્મક રથો અને શણગારેલા ટ્રેક્ટરોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ.

તા. ૨૦-૪-૨૦૨૪ના રોજ સવારે પુનઃ પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ વેદોક્ત મહાપૂજાવિધિથી થયો. સારંગપુરમાં તા. ૧૬-૪-૨૦૨૪ના રોજ ગુરુહરિ મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ અત્રે યજ્ઞપ્રિયદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારબાદ પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવી સૌને આ મંદિરમાં દર્શન-કથાવાર્તાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. ગામમાં સત્સંગની પ્રગતિ કરનાર સૌ કાર્યકરોને સંતોએ પુષ્પહાર અર્પણ કરીને સન્માનિત કર્યા.

અહીં વિચરણ કરતા હરિકીર્તનદાસ સ્વામી અને તીર્થેશ્વરદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ ભક્તો-ભાવિકોની વિશેષ સેવાથી ઊજવાયેલો આ ઉત્સવ ગામના ઇતિહાસમાં સુવર્ણપૃષ્ઠ સમો બની રહ્યો હતો.

આમ, ગુજરાત તેમજ કેન્દ્રશાસિત દાદરા અને નગરહવેલીમાં મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી કુલ ૮ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોના પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયાં. આ મંદિરો સેવા, સંસ્કાર, સત્સંગ અને સર્વાંગી ઉત્કર્ષનાં કેન્દ્ર તરીકે હજારોનાં જીવનમાં અજવાળાં પાથરતાં રહેશે. આ મંદિરોનાં નિર્માણમાં તન-મન-ધનથી સેવા આપનારા સૌ કોઈ પ્રત્યે આવનારી પેઢીઓ કૃતજ્ઞ બની રહેશે. ◆




# બી.એ.પી.એસ. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વધુ એક નવું સોપાન ઉત્તર ગુજરાતમાં ખેરવા ખાતે નૂતન વિદ્યામંદિરનો આરંભ

મહાન સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજે મૂલ્યસભર શિક્ષણના ધ્યેય સાથે વિદ્યાર્થીઓનાં ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરવા માટે વિવિધ વિસ્તારોમાં શૈક્ષણિક સંકુલો સ્થાપીને શિક્ષણ ક્ષેત્રે મહાન પ્રદાન આપ્યું છે. તે જ શૃંખલામાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ વિદ્યાયજ્ઞ આરંભ્યો છે. તાજેતરમાં ઉત્તર ગુજરાતના મહેસાણા નજીક ખેરવા ખાતે નૂતન વિદ્યામંદિરનો પ્રારંભ કરીને વિદ્યાર્થીઓની ઉજ્જ્વળ કારકિર્દી માટે વિકાસની નવી દિશા ખોલી આપી છે.

મહેસાણાથી ૧૩ કિ.મી. દૂર સ્થિત ગણપત યુનિવર્સિટી પરિસરની નજીકમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિરનું નિર્માણ થયું છે. આ વિદ્યામંદિરનો લોકાર્પણ સમારોહ તા. ૧૨-૫-૨૦૨૪ના રોજ જ્ઞાનેશ્વરદાસ સ્વામી, યજ્ઞપ્રિયદાસ સ્વામી, ભગવતપ્રસાદદાસ સ્વામી તેમજ ભાજપના પ્રદેશ મહામંત્રી શ્રી રજનીભાઈ પટેલ, મહેસાણા જિલ્લા પ્રમુખ શ્રી ગિરીશભાઈ રાજગોર, ધારાસભ્ય શ્રી મૂકેશભાઈ પટેલ તથા શ્રી હરિભાઈ પટેલ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાનદાર રીતે યોજાઈ ગયો. આ નૂતન વિદ્યાસંકુલના ઉદ્‌ઘાટન સમારોહમાં ૪૦૦૦થી વધુ ભક્તો-ભાવિકો શામેલ થયા હતા. સ્વામીશ્રીના આશીર્વાદથી રચાયેલા આ વિદ્યાસંકુલના નિર્માણમાં મહેસાણા બી.એ.પી.એસ. મંદિરના કોઠારી કરુણામૂર્તિદાસ સ્વામીનું વિશેષ માર્ગદર્શન સાંપડ્યું હતું.

આ વિદ્યાસંકુલમાં વિદ્યાર્થીઓ ધોરણ ૧ થી ૧૨ સુધી અંગ્રેજી તેમજ ગુજરાતી માધ્યમમાં વિજ્ઞાન, વાણિજ્ય અને આર્ટ્‌સ વિદ્યાશાખાઓમાં ઉત્તમ શિક્ષણનો લાભ પ્રાપ્ત કરી શકશે. તદુપરાંત અદ્યતન પ્રયોગશાળા, સમૃદ્ધ પુસ્તકાલય, સુવિધાસજ્જ વર્ગખંડો તથા વિશાળ રમત-ગમતના મેદાનની સાથે આ સંકુલમાં વિદ્યાર્થીઓને રહેવા જમવા માટે છાત્રાલયની પણ સુવિધા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સન ૧૯૯૪માં મહેસાણામાં અને સન ૨૦૦૯માં ખેરવામાં અદ્યતન સુવિધાસભર બી.એ.પી.એસ. છાત્રાલયની શરૂઆત કરીને સંસ્કારયુક્ત શિક્ષણની વિભાવના મૂર્તિમંત કરી હતી. વર્ષોથી ગતિમાન આ છાત્રાલયમાંથી વિદ્યાર્થીઓએ અહીંના સંસ્કારયુક્ત વાતાવરણમાં રહીને ઉજ્જ્વળ કારકિર્દીનું નિર્માણ કર્યું છે.

આ વિદ્યામંદિરના ઉદ્‌ઘાટન સાથે જ બી.એ.પી.એસ. સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વધુ એક નવું સોપાન ઉમેરાયું છે, જેમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણની સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષભર ચાલતી રહેશે. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર કોલકાતા ખાતે યોજાયાં કાર્યકર શિબિર, સેમિનાર અને નિઃશુલ્ક મૅડિકલ કેમ્પ





પશ્ચિમ બંગાળના કોલકાતા મહાનગરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે રચેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નેજા હેઠળ વર્ષોથી આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓ ગતિમાન છે. તાજેતરમાં આ મંદિર દ્વારા કાર્યકર શિબિર, નિઃશુલ્ક મૅડિકલ કેમ્પ અને સેમિનાર વગેરે લોકોપયોગી કાર્યક્રમો યોજાઈ ગયા.

અહીં તા. ૨૦ અને ૨૧-૧-૨૦૨૪ના રોજ 'ગુણાતીત કા માનસચિત્ર' મધ્યવર્તી વિચાર સાથે કાર્યકર શિબિર યોજાઈ હતી. જેમાં પશ્ચિમ બંગાળમાં ગતિમાન સત્સંગ પ્રવૃત્તિના ૩૦૦ ચુનંદા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બંગાળી ભાષામાં યોજાયેલી આ શિબિરમાં વિદ્વાન સંતોએ જુદા જુદા છ વિષયો પર પ્રેરક સંબોધનો કરીને સૌમાં આદર્શ કાર્યકર થવાની પ્રેરણા જગાવી હતી. આ ઉપરાંત પ્રેરક સંવાદો, વિવિધ રજૂઆતો તથા સ્વામીશ્રીના વીડિયો આશીર્વાદ દ્વારા પ્રત્યેક સત્રની વિશદ છણાવટ કરવામાં આવી હતી. ઉપરાંત કાર્યકર સુવર્ણ મહોત્સવ અંતર્ગત અનેકવિધ કાર્યક્રમો તથા તેનાં આગોતરા આયોજનો અંગે વિગતે સમજૂતી કાર્યકરોએ પ્રાપ્ત કરી હતી.

તા. ૧૬ અને ૧૭-૩-૨૦૨૪ના રોજ સનાતન હિન્દુ ધર્મનાં સાંસ્કૃતિક મૂલ્યોને વિશ્વવ્યાપી બનાવવાની કટિબદ્ધતા સાથે 'સનાતનમ્' મધ્યવર્તી વિચાર સાથે યુવા શિબિર યોજાઈ હતી, જેમાં ૩૦૦ યુવક-યુવતીઓ પ્રેરણાત્મક કાર્યક્રમ દ્વારા સનાતન ધર્મનાં મૂલ્યોને વિશ્વવ્યાપી બનાવવા માટે કટિબદ્ધ થયાં હતાં.


તા. ૨૩-૧-૨૦૨૪ના રોજ બી.એ.પી.એસ. મંદિર, કોલકાતા, અપોલો ક્લિનિક અને લાયન્સ ક્લબ ઑફ કોલકાતા પેરેડાઈઝના સહયોગથી નિઃશુલ્ક હેલ્થ કેમ્પ યોજાયો હતો, જેમાં ૨૫૦ દર્દીઓએ નિષ્ણાત તબીબો પાસેથી નિઃશુલ્ક આરોગ્ય તપાસ, રક્ત પરીક્ષણ અને આરોગ્ય વિષયક માર્ગદર્શન મેળવ્યું હતું.

તા. ૨૨-૩-૨૦૨૪ના રોજ બી.એ.પી.એસ. મંદિર કોલકાતા અને શિલ્પકલા ઍકેડમીના સહયોગથી ચિત્રકલા સેમિનાર યોજાયો હતો. મંદિરનાં ચિત્રો દોરીને પોતાની કલાને પાવન કરનાર ૫૦થી વધુ બાળકો, કિશોરો અને યુવકોને પ્રમાણપત્ર અર્પણ કરાયાં હતાં.

બી.એ.પી.એસ. મંદિર, કોલકાતા ખાતે મહાવીર સેવા સદનના સહયોગથી શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિ અને માનસિક વિકલાંગ બાળકો માટે તા. ૨૯-૩-૨૦૨૪ના રોજ નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો હતો. જેમાં લગભગ ૨૦ દર્દીઓને કૃત્રિમ પગ, માનસિક વિકૃતિથી પીડાતાં ૩૦ બાળકોનાં માતાપિતાઓને નિષ્ણાત ડૉક્ટરોએ દવાઓ સાથે માર્ગદર્શન આપ્યું હતું. ◆

# હરિયાણાના ચંડીગઢ-પંચકુલામાં રચાનાર નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો શિલાન્યાસ સમારોહ






પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા તેમજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઉત્તર ભારતમાં સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામી રહ્યો છે. જલંધર, શિમલા, કુરુક્ષેત્ર, ગુરુગ્રામમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોના નિર્માણ બાદ હવે હરિયાણા રાજ્યની ધાર્મિક નગરી ચંડીગઢ-પંચકુલામાં એક વધુ નૂતન મંદિરનો તા. ૧૪-૪-૨૦૨૪નો પ્રારંભ વેદોક્ત વિધિપૂર્વક કરવામાં આવ્યો. દિલ્હી ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામની છત્રછાયામાં, ધર્મવત્સલદાસ સ્વામી, કોઠારી મુનિવત્સલદાસ સ્વામીના પુરુષાર્થથી અહીં સુંદર કાર્યક્રમ સંપન્ન થઈ ગયો.

અહીં વિચરણ કરી રહેલા જયતીર્થદાસ સ્વામી, આર્યપુરુષદાસ સ્વામીના પ્રયાસોથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. આથી ચંડીગઢની પૂર્વમાં આવેલા પંચકુલા શહેરના સેક્ટર ૧૦માં મંદિર માટે ભૂમિ સંપાદિત કરવામાં આવી, જ્યાં સંસ્કૃત મહાવિદ્યાલય, સારંગપુરના પુરોહિતો દ્વારા વૈદિક મહાપૂજાથી શિલાન્યાસ વિધિ કરવામાં આવ્યો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પૂજિત શિલાઓ અને નિધિકુંભનો વેદોક્ત સ્થાપન વિધિ સદ્ગુરુવર્ય પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના હસ્તે સંપન્ન થયો. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં મુનિવત્સલદાસ સ્વામી અને ધર્મવત્સલદાસ સ્વામીએ આ મંદિર દ્વારા સમગ્ર ટ્રાઈસિટી(ચંદીગઢ, પંચકુલા, મોહાલી)માં સમાજને કેવો લાભ થનાર છે તેના વિશે માહિતી આપી. ત્યારબાદ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વાદ અર્પ્યા. આ શિલાન્યાસ સમારોહમાં ચંડીગઢ, પંચકુલા, મોહાલી નગરના ભક્તોએ મહાપૂજાનો લાભ પ્રાપ્ત કર્યો.

આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે હરિયાણા વિધાનસભાના અધ્યક્ષ શ્રી જ્ઞાનચંદ ગુપ્તા, પંચકુલા શહેરના મેયર શ્રી કુલભૂષણ ગોયલ તેમજ શહેરના ગણમાન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર ટ્રાયસિટીના ૮૦૦થી વધુ ભક્તો-ભાવિકોએ આ ઉત્સવનો લાભ પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત પંજાબ, હિમાચલ પ્રદેશ તથા દિલ્હીથી પણ હરિભક્તો ઉત્સવનો લાભ પ્રાપ્ત કરવા પધાર્યા હતા. સૌ મહાનુભાવોએ જણાવ્યું કે એક અભિનવ તીર્થ સમાન નિર્માણ પામનાર આ મંદિર દ્વારા સમાજ ઉપયોગી અનેકવિધ શિક્ષા અને સ્વાસ્થ્યલક્ષી આયોજનો થશે, જેના દ્વારા સમાજમાં શાંતિ પ્રેમ અને સંવાદિતા સ્થાપિત થશે. આમ, હરિયાણાની રાજધાની ખાતે આ નૂતન મંદિર તેના બીજારોપણથી જ ઉજ્જવળ આશાનાં કિરણો પ્રસરાવી રહ્યું છે. ◆

# યુ.એસ.એ.માં બી.એ.પી.એસ. મંદિર, જેક્સન ખાતે સંપ્રદાયોની સુરક્ષા માટે એફબીઆઈ દ્વારા પરિસંવાદનું આયોજન



તા. ૨૮-૨-૨૦૨૪ના રોજ યુ.એસ.એ.ના જેક્સન શહેર ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં એફબીઆઈની (અમેરિકાની કેન્દ્રીય સુરક્ષા એજન્સી) જેક્સન ઑફિસ દ્વારા ધાર્મિક સંસ્થાઓ અને સામાજિક સંગઠનોની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા તેમજ પારસ્પરિક વિશ્વાસને વધુ મજબૂત કરવા 'ઈન્ટર ફેઈથ ડાયલોગ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

પરસ્પર વૈચારિક વિનિમય માટે એફબીઆઈ, મિસિસિપી હોમલેન્ડ સિક્યુરિટી તેમજ જેક્સન, બ્રાન્ડન, મૅડિસન અને વિક્સબર્ગ જેવા સ્થાનિક પોલીસ વિભાગો સહિત વિવિધ 'લૉ એન્ડ ઑર્ડર એજન્સીઓ'ના પ્રતિનિધિઓ, હિન્દુ-ખ્રિસ્તી વગેરે ધાર્મિક સંગઠનોના નેતાઓ એકત્ર થયા હતા. એફબીઆઈ તરફથી શ્રીમતી એસએ મોલી બ્લિથે બાળગુનેગારો સામેની લડાઈ અંગેના કેટલાક જટિલ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. હોમલેન્ડ સિક્યુરિટીનાં શ્રી જોન્સને સેવાભાવી સંસ્થાઓને અપાતા અનુદાનની સલામતી માટે સૂચનો કર્યાં હતાં.

બી.એ.પી.એસ.ના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત સુશ્રી અનીશા અમીને બી.એ.પી.એસ. સંસ્થા અને તેનાં કાર્યો દ્વારા આંતરધર્મ સંવાદિતા વધારવાના લાંબા ઇતિહાસથી સૌને પરિચિત કર્યા અને શ્રી જિજ્ઞેશ પટેલે બી.એ.પી.એસ. ચેરિટીઝની અનેકવિધ લોકસેવાઓની ઝાંખી કરાવી.

આ કાર્યક્રમમાં જાહેર ચર્ચા દરમિયાન ઉપસ્થિત લોકોએ સુરક્ષા અને સલામતી અંગે વ્યક્ત કરેલી ચિંતાઓનો જવાબ આપતાં જેક્સન પોલીસ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી ચીફ વિન્સેન્ટ ગ્રીઝેલે સલામતીનાં પગલાંને વધારવામાં સામાજિક સંગઠનોના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. બ્રાન્ડનના પોલીસ પ્રતિનિધિએ કાયદાકીય સેવાઓને સુધારવા નાગરિકો કઈ રીતે સહયોગ આપી શકે તે અંગે માર્ગદર્શન આપ્યું. સુરક્ષા જાગૃતિને પ્રોત્સાહન આપવા પરસ્પર સંવાદને વધુ દૃઢ કરવાની એફબીઆઈની પહેલ પ્રત્યે સૌએ કૃતજ્ઞતા વ્યક્ત કરી. જેક્સન મેટ્રો વિસ્તારનાં તમામ ધાર્મિક સંગઠનોને તેમની સલામતી અને સુખાકારી માટે એફબીઆઈ દ્વારા આયોજિત ભાવિ કાર્યક્રમોમાં ભાગ લેવા નિમંત્રિત કરવામાં આવ્યા હતા.

આમ, આ કાર્યક્રમ વિવિધ ધર્મના અનુયાયીઓ વચ્ચે સંવાદ તેમજ વિશ્વાસ પ્રદાન કરનારો બની રહ્યો. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના જેક્સન શહેર ખાતેના પ્રતિનિધિ શ્રી નયનભાઈ મહેતાએ તમામ એજન્સીઓ અને એફબીઆઈની સમર્પિત સેવાઓ માટે હૃદયપૂર્વક આભાર માન્યો. સૌએ બી.એ.પી.એસ. પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ◆

# ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં ગતિમાન બી.એ.પી.એસ. કેન્દ્રોમાં યોજાયા યુવા સેમિનાર-૨૦૨૪





એશિયા પેસિફિક દેશોમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી અનેક સ્તરીય સત્સંગ પ્રવૃત્તિઓ ગતિમાન છે. ખાસ કરીને અહીં ભારતથી સ્થાયી થયેલા નવયુવાનો અને યુવતીઓ માટે આ સત્સંગ પ્રવૃત્તિઓ, જીવનની અનેક મૂંઝવણો વચ્ચે દીવાદાંડીરૂપ પુરવાર થાય છે. યુવાનોને માર્ગદર્શન આપતો યુવા સેમિનારનો એવો એક કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો.

તા. ૨૩ માર્ચ, ૨૦૨૪થી ૨૭ એપ્રિલ, ૨૦૨૪ દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ઓકલેન્ડ, બ્રિસ્બેન, સિડની, મેલબોર્ન, એડિલેડ, પર્થ, કેનબેરા, વેલિંગ્ટન, ડાર્વિન, ક્રિસ્ટચર્ચ અને હેમિલ્ટન વગેરે શહેરોમાં ગતિમાન બી.એ.પી.એસ. સત્સંગ કેન્દ્રોમાં યુવા સેમિનાર યોજાઈ ગયા. 'યોર સર્કલ, યોર ચોઈસ' મધ્યવર્તી વિચાર હેઠળ યોજાયેલા આ સેમિનારોમાં ૫૦૦થી વધુ યુવાઓએ હર્ષભેર લાભ લીધો હતો.

આ સેમિનારોમાં પ્રસ્તુત થયેલા વિવિધ રચનાત્મક કાર્યક્રમોમાં યુવાનોની વિવેકબુદ્ધિ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. સાંપ્રત ડિજિટલ યુગમાં અનેક માધ્યમો સાથે સંકળાયેલો યુવાવર્ગ સકારાત્મકતાના વર્તુળમાં રહીને પોતાના નિર્ધારિત ધ્યેયો અને પોતાની ક્ષમતાના શિખર સુધી કેવી રીતે પહોંચી શકે તે વિષે વિદ્વાન સંતોએ માહિતીપ્રદ વક્તવ્યો રજૂ કર્યાં હતાં. સાથે સાથે પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ વગેરે ગુણાતીત ગુરુવર્યોના જીવનને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવીને યોગ્ય નિર્ણયની પસંદગી કરવાની ઊંડી સમજ તથા માર્ગદર્શન સૌને પ્રાપ્ત થયું હતું.

અમેરિકા સ્થિત સમર્પિત હરિભક્ત શ્રી ચિરાગભાઈ પટેલ (ચીફ મૅડિકલ ઑફિસર, સેન્ટ્રલ જર્સી અર્જન્ટ કેર) અને શ્રી મયૂરભાઈ પટેલ (ઇક્વિટી પોર્ટફોલિયો મૅનેજર, જેપી મોર્ગન)ની સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ સત્રોમાં પણ યુવાનોએ ભાગ લીધો હતો. તેઓએ પ્રેરક કારકિર્દીની માહિતી આપતાં જણાવ્યું હતું કે તેમના જીવનમાં આવતી વિવિધ તકોમાંથી કાળજીપૂર્વક પસંદ કરવાની કોઠાસૂઝે તેમની સિદ્ધિઓમાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે. સેમિનારના યુવાનોએ તેઓની પ્રેરણાદાયી કારકિર્દીની યાત્રાને ઉદાહરણ રૂપ લઈને સફળતા પ્રાપ્ત કરવા માટે ભવિષ્યમાં કેવાં પગલાં ભરવાં તે વિષયક પ્રશ્નોત્તરી કરીને અનુભવપૂર્ણ માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

આમ, આ સેમિનારમાં પ્રાપ્ત થયેલી અમૂલ્ય સમજણથી યુવાનોએ આદર્શ યુવક તરીકે ઉચ્ચ કારકિર્દીનું ઘડતર કરીને કુટુંબ, સત્સંગ અને સમાજની સેવા કરવાનાં પાયાનાં મૂલ્યો દૃઢ કર્યાં હતાં. ◆

**(અનુસંધાન પૃષ્ઠ ૧૩ ઉપરથી)** આસપાસ ચારે બાજુ પ્રોજેક્શન જેવી દીવાલ છે. અહીં ઈનલેટ અને આઉટલેટ પણ જોઈ શકાય છે. આ એક વિશાળ સ્નાનાગાર એટલે કે બાથ જેવી સુવિધા જેવું લાગે છે. કુંડમાં પાણીને તાજું અને સ્વચ્છ રાખવા માટે પાણીના પ્રવેશ અને બહાર નીકળવા માટે સંભવતઃ બે છિદ્રો છે.[૨૨]

બીજી એક આકૃતિમાં ૨૦૦ x ૪૫ મીટર માપનું એક વિશાળ માળખું જોવા મળે છે, જેમાં લાંબા રેખીય બેઝમેન્ટ તેમજ તેની ઉપર માળ હોવાનું જણાય છે. તેના જમણા ખૂણે પગથિયાં પણ જોઈ શકાય છે. આ માળખાની અંદર ઘણા ૧૮ મીટર અને તેનાથી ઉપરના ચોરસ આકારના રૂમ છે. તેની આસપાસ કિલ્લેબંધી છે. ડૉ. બદ્રિનારાયણ કહે છે કે, સંભવતઃ તે એક વહીવટી ઈમારત છે, જે ટાઉનશિપની સમગ્ર નાગરિક પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખે છે અથવા પૂજાનું સ્થળ (મંદિર) પણ હોઈ શકે છે.[૨૩]

વળી, ૧૯૦ x ૮૫ મીટર માપનું એક મોટું માળખું પણ મળી આવ્યું છે, જે તૂટી ગયેલી દીવાલો જેવી રચના લાગે છે. તેની સામે, તળિયે ૨.૫ થી ૩.૫ x ૬ મીટર કદની બેઝમેન્ટવાળી રચનાઓ છે, જે નાનાં રહેઠાણો જેવું લાગે છે. તે ટાઉનશિપ માટે કદાચ કામદારો માટે નજીકમાં રહેઠાણની જગ્યા હોઈ શકે અથવા પ્રાચીન અનાજ ભંડાર હોઈ શકે છે. અહીંથી કેટલાંક અશ્મિભૂત અનાજ પણ એકત્ર કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત માનવ હાડકાંના અંશો, કુદરતી દાંત અને કેટલાંક અશ્મિભૂત પ્રાણીઓનાં હાડકાં તેની આસપાસ મળી આવ્યાં હતાં.

એક આકૃતિમાં વસાહતના બેઝમેન્ટનું દૃશ્ય મળી આવ્યું છે, જેનું માપ ૭૪ x ૪૮ મીટર છે. તેમાં ચોરસ, લંબચોરસ અને વક્ર આકારોની રચનાઓ છે. આવા અન્ય એક ઢાંચાનું માપ ૪૦ x ૧૯ મીટર છે.[૨૪]

સમુદ્રના પેટાળમાં મળી આવેલી રચનાઓમાં અહીં માનવસર્જિત સ્તંભો સાફ દેખાય છે. અહીં ૩-૪ મીટર ઊંડે સુધી પાયા ખોદવામાં આવ્યા છે. એ સમયના પ્રાચીન લોકોના આ પ્રકારના પ્લાનિંગ અને નિર્માણની પદ્ધતિઓ સ્પષ્ટ દર્શાવે છે કે તેઓની પાસે સિવિલ અને સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગની ખૂબ જ જાણકારી હતી, જેમાં મોટા અને ભારે ઢાંચા માટે વિશાળ અને ઊંડા પાયા અને તુલનામાં નાના ઢાંચા માટે પાતળા અને ઊંડા પાયા કરવામાં આવ્યા હતા. આ પ્રમાણે લગભગ બધી રચનાઓમાં એક સારું પ્લાનિંગ અને ડિઝાઈન જોવા મળે છે, જેમાં સ્ટ્રક્ચરલ પાસાંઓ ધ્યાનમાં લેવામાં આવ્યાં છે.[૨૫]

આ સંશોધન દરમિયાન મોટી સંખ્યામાં અવશેષો સાવધાનીપૂર્વક એકત્રિત કરવામાં આવ્યા હતા, સિસ્ટમેટિક રીતે ક્રમાંક આપીને સાચવવામાં આવ્યા હતા. આવાં સર્વેક્ષણો પુરાતત્ત્વીય રીતે સ્પષ્ટ કરે છે કે આ કોઈ સામાન્ય વસાહત નહોતી, પરંતુ એક વિકસિત સંસ્કૃતિ હતી. ડૉ. બદ્રિનારાયણની ટીમે માઈક્રોલિથિક ટુલ્સ દ્વારા સંશોધનો કરીને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યું છે કે આજથી ૧૩,૦૦૦ વર્ષ પૂર્વે અહીં આ સંસ્કૃતિ વિકસિત થઈ હોવી જોઈએ.[૨૬]

પ્રસિદ્ધ બ્રિટિશ વિદ્વાન અને ફિલ્મમેકર શ્રી ગ્રેહામ હેનકોક આ દરિયામાં ઊંડે સુધી ડૂબકી મારીને કહે છે કે છેલ્લા હિમયુગ પછી બરફના ગલનને કારણે દરિયાની સપાટીમાં વધારો થવાથી આ મહાન સંસ્કૃતિ ડૂબી ગઈ છે. ડરહામ યુનિવર્સિટી, ઈંગ્લેન્ડના ડૉ. ગ્લેન માઈલ્ન દ્વારા કરવામાં આવેલાં સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે ૭૬૦૦ વર્ષ પહેલાં ખંભાતના અખાતનો વિસ્તાર મોટા ભાગે જમીન હતો અને પછી તે મોટા ભાગે ડૂબી ગયો છે.[૨૭]

આવાં સંશોધનોથી હવે ખૂબ જ સ્પષ્ટ બની ચૂક્યું છે કે ભૃગુકચ્છ અને સૌરાષ્ટ્રની વચ્ચેના દરિયાઈ પટમાં સૌથી જૂની ગણાતી મેસોપોટેમિયાની શહેરી સંસ્કૃતિ કરતાં ઓછામાં ઓછાં ૭૫૦૦ વર્ષ જૂની શહેર-રચનાઓ હતી.

બદ્રિનારાયણની આ નવી શોધથી રૉબિન્સન જેવા પ્રસિદ્ધ વિદ્વાનો કહે છે કે, હવે ઈતિહાસને નવી રીતે લખવાનો સમય પાકી ગયો છે. તેઓ કહે છે, 'Is this lost city the stuff of legends and myth? Badrinaryan's discovered city feels similar to the lost city of Troy before Heinrich Schliemann found it in the 1870s.'[૨૮]

શું આ ખોવાયેલ શહેર પૌરાણિક અને દંતકથાઓની સામગ્રી છે? બદ્રિનારાયણે શોધેલ શહેર ટ્રોયના ખોવાયેલા શહેર જેવું લાગે છે, જે પહેલાં હેનરિચ સ્લીમેનને ૧૮૭૦માં મળ્યું હતું. રૉબિન્સન નોંધે છે કે દરિયાની સપાટીથી માત્ર ૧૨૦ ફૂટ નીચે પાંચ માઈલ લાંબી અને બે માઈલ પહોળી

૨૨. ibid.

૨૩. ibid.

૨૪. ibid.

૨૫. ibid.

૨૬. ibid.

૨૭. http://news.bbc.co.uk/2/hi/south_asia/1768109.

૨૮. Marsha R. Robinson, *Disobedient Histories in Ancient and Modern Times: Regionalism, Governance, War and Peace,* Cambridge Scholars Publishing, UK, 2018, PP 4–5.

'right-angled' નગરી મળી આવી છે, તે ઓછામાં ઓછી ૧૦,૦૦૦ વર્ષ પુરાણી છે. અમેરિકામાં બોસ્ટન ખાતે 'જનરલ ડાયનેમિક્સ મિશન સિસ્ટમ્સ'ના પીઢ વિજ્ઞાની શ્રી માર્ક કારલોટોએ આ સોનાર ઈમેજ પોતાના રિસર્ચ પેપરમાં પ્રકાશિત કરીને તેની વિગતે ચર્ચા કરી છે.[૨૯]

બીબીસી ન્યૂઝ નોંધે છે કે, ખંભાતના અખાતમાં સમુદ્રની નીચે જે શહેર મળી આવ્યું છે તે, પાંચ માઇલ લાંબું અને બે માઇલ પહોળું એક વિશાળ શહેર છે. આ શહેર હરપ્પા અને મોહેંજોદડો અને ધોળાવીરા કરતાં પણ વધુ પ્રાચીન છે. બ્રિટિશ વિદ્વાન ગ્રેહામ હેનકોકે બીબીસીના માધ્યમથી તેના પર એક ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પ્રકાશિત કરીને જણાવ્યું છે, 'આ સ્કેલ પરનાં શહેરો પુરાતત્ત્વીય રેકોર્ડમાં લગભગ પહેલાં ક્યાંય જોવા મળ્યાં નથી.'[૩૦] ગ્રેહામ હેનકોકના મતે ન્યૂયોર્કના મેનહેટનના કદની આ વિશાળ નગરી છે.[૩૧]

આજથી લગભગ સો વર્ષ પહેલાં રખાલદાસ બેનરજી અને સર જ્હોન માર્શલે ભારતમાં મળી આવેલી પાંચ હજાર વર્ષ જૂની સિંધુ ખીણની સભ્યતાની અજાયબ વિગતો વિશ્વ સમક્ષ મૂકી ત્યારે વિશ્વ ચોંકી ગયું હતું. એ વિશિષ્ટ સાંસ્કૃતિક અવશેષોએ પ્રાચીન ભારત કેટલું વિકસિત હતું તે વિશ્વ સમક્ષ પુરવાર કરી બતાવ્યું. ત્યારપછી ભારતમાં થયેલાં ખોદકામોએ ફરીથી વિશ્વને ચોંકાવી દીધું, જેમાં ગુજરાતનું ધોળાવીરા અને લોથલ, રાજસ્થાનનું કાલિબંગા, હરિયાણાનું રાખીગઢી વગેરે અદ્ભુત ઉદાહરણો છે. પરંતુ એ સંશોધનોને જગતના વિદ્વાનોએ સનાતન હિન્દુ ધર્મ કે તેના પડછાયાથી ખૂબ દૂર રાખ્યાં છે. કોઈએ એવો પ્રયાસ ભાગ્યે જ કર્યો છે કે એ આર્કિયોલોજિકલ પુરાવાઓને સનાતન ધર્મ સાથે કેવો ગાઢ સંબંધ છે. ભારતીય પુરાતત્ત્વ વિભાગના પૂર્વ ડાયરેક્ટર જનરલ શ્રી બ્રિજભૂષણ લાલે જાહેર કર્યું હતું કે સિંધુ ખીણની સભ્યતાનાં સ્થળોએથી પદ્માસન વાળેલી મુદ્રામાં પશુપતિનાથની મૂર્તિ, સ્વસ્તિક મુદ્રાઓ, નમસ્કાર-પ્રણામ મુદ્રા, શિવલિંગ, સેંથામાં કંકુ પૂરેલી કન્યાઓની ટેરાકોટાની બનેલી પૂતળીઓ, વિવિધ યોગમુદ્રાઓવાળી પૂતળીઓ, કેટલીક દેવીદેવતાઓની મૂર્તિઓ વગેરે મળી આવ્યું છે - એ બધું સનાતન ધર્મ અને સિંધુ ખીણની સંસ્કૃતિનો સીધો સંબંધ સ્થાપિત કરે છે.[૩૨] પરંતુ ડાબેરી માનસિકતા ધરાવતા વિદ્વાનો આ બાબતો તરફ હેતુપૂર્વક આંખમીંચામણાં કરે છે. એવું જ પક્ષપાતભર્યું વલણ ભૃગુકચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચેના દરિયાઈ પેટાળમાંથી મળી આવેલા આ નગર પ્રત્યે રહ્યું છે.

ભૃગુકચ્છમાં બલિના મસ્તક પર વામનજીએ પગ મૂક્યો અને તેમને સમુદ્રના પેટાળમાં મોકલી આપ્યા એ પૌરાણિક કથા શું આ સમુદ્રમાં ડૂબી ગયેલી આ નગરીનો જ નિર્દેશ નહીં કરતી હોય?

શું એ સમયે વામનજીના અવતાર દ્વારા થયેલી આ લીલાના સંદર્ભ સાથે કોઈ ભયાનક ભૌગોલિક ફેરફારો અને સમુદ્રમાં ડૂબી ગયેલી નગરીનો કોઈ સીધો સંબંધ નહીં હોય?

ડૉ. બદ્રિનારાયણ જેવા વિદ્વાનોએ કરેલાં સંશોધનો હવે એ દિશા તરફ સનાતન ધર્મના વિદ્વાનોને એક દિશા ચીંધે છે કે આપણા પ્રાચીન ઇતિહાસને હવે નવી રીતે નવા નિર્દેશો સાથે લખીને નવી પેઢીને સમજાવવાની જરૂર છે. મહર્ષિ ભૃગુ, શુક્રાચાર્ય, બલિ, વામનજી જેવાં પૌરાણિક પાત્રો કોઈ કલ્પના નહીં પરંતુ એક ઇતિહાસ છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, બૅંગ્લોરના પ્રખ્યાત વિજ્ઞાની અને સંશોધક ડૉ. કે. એસ. વાલ્દિયાએ કેટલાંક વર્ષો પહેલાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે કરેલી એક ગોષ્ઠિનું સ્મરણ થઈ આવે છે. તેમણે કહ્યું હતું કે 'આપણી પુરાણ કથાઓ કોઈ કપોળકલ્પિત 'માયથોલોજી' નથી, પરંતુ એક પ્રેરક ઇતિહાસ છે, જેને આધુનિક વિજ્ઞાન અને આર્કિયોલોજીના સહારે સમજવાની જરૂર છે.' પોતાના પુસ્તક 'Geography, Peoples and Geodynamics of India in Puranas and Epics'માં તેઓ તેની વિસ્તૃત સમજ આપે છે.[૩૩] મહર્ષિ ભૃગુ સાથે સંકળાયેલ ભૃગુકચ્છના સમુદ્ર કાંઠે, ગુજરાતની ભોમ સાથે જોડાયેલો આ ગૌરવવંતો પ્રાચીન વારસો જગતના વિદ્વાનોમાં ચર્ચાય છે, ત્યારે આપણી નવી પેઢીને આ વિષે ભાગ્યે જ ખબર હશે.

ચાતુર્માસના દિવસોને બલિ રાજાના સમર્પણ સાથે જોડવામાં આવે છે, તેની સાથે આ ઇતિહાસ તરફ નજર નાંખવામાં આવશે તો બલિ જેવી સમર્પણ-ભક્તિની સાથે, ભૃગુકચ્છના પ્રણેતા મહર્ષિ ભૃગુના પુણ્ય-સ્મરણ સાથે, આપણા મહાન ઇતિહાસ-વારસાનું ગૌરવ પણ જાગશે.

◆

૨૯. *Revising History (Again?) - Evidence of an Even Older Civilization in India*, https://www.researchgate.net/publication/346348616.

૩૦. http://news.bbc.co.uk/2/hi/south_asia/1768109.

૩૧. *"India's ancient discovery: 9,500-year-old underwater 'lost city' tipped to rewrite history"* https://www.express.co.uk/news/weird/1370272.

૩૨. Agrawal, Ashvini, ed. *In Search of Vedic-Harappan Relationship,* Aryan Books International, New Delhi, 2005, PP 1–9.

૩૩. K. S. Valdiya, Aryan Books International, Delhi, 2012.



## બેડફોર્ડશાયર, લ્યુટન ઈંગ્લેન્ડના ઉચ્ચ શેરીફ તરીકે બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવક ભાવેશ શાહની નિમણૂક

ઈંગ્લેન્ડના લ્યુટન સત્સંગમંડળના નિષ્ઠાવાન હરિભક્ત શ્રી ભાવેશ શાહની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે બેડફોર્ડશાયરના ઉચ્ચ શેરીફ તરીકે નિમણૂક થઈ છે. તેમનો શપથ સમારોહ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર લ્યુટન ખાતે યોજાઈ ગયો.

સદીઓથી ચાલી આવતી આ શેરીફ પદની બ્રિટિશ પરંપરાને આજે પણ એટલા જ સન્માન સાથે જાળવી રાખવામાં આવી છે. ઉચ્ચ શેરીફનું પદ એ એક બિન-રાજકીય શાહી નિમણૂક છે. આજના દિવસ સુધી, કાઉન્ટીના ઉચ્ચ શેરીફનું પદ સર્વોચ્ચ રાજવી ધરાવે છે. આ કાઉન્ટીનાં કાયદો અને વ્યવસ્થા હાલમાં બ્રિટિશ મહારાજા કિંગ ચાર્લ્સ ત્રીજાના પ્રતિનિધિ સંભાળે છે. ઉચ્ચ શેરીફનું કાર્ય કાઉન્ટીના લોકો માટે પોલીસ અને ન્યાયતંત્ર વચ્ચે સુમેળ સાધવાનું એક કડી સ્વરૂપ હોય છે. શાંતિને સમર્થન આપવું, સમુદાયોની એકતા પારસ્પરિક મજબૂત કરવી, સલામતીમાં સુધારો કરવો અને સ્વૈચ્છિક સેવા માટે વ્યક્તિઓને પ્રોત્સાહન આપવું અને પડોશીઓ વચ્ચેના સંબંધોને વધુ સારા બનાવવાનો ઉચ્ચ - મુખ્ય ઉદ્દેશ ઉચ્ચ શેરીફનો છે. જેમણે સમુદાયની સેવા વિશેષ પ્રતિબદ્ધતાથી કરી હોય તેમની આ પદે નિમણૂક થાય છે. ઉચ્ચ શેરીફના પદથી સન્માનિત થયેલા શ્રી ભાવેશ શાહે લ્યુટનના બી.એ.પી.એસ. મંદિરમાં શપથ ગ્રહણ કરવાનું પસંદ કર્યું હતું, જેમાં ૧૦૦ કરતાં વધુ મહાનુભાવો અને વિવિધ સમુદાયના પ્રતિનિધિઓ ઉપરાંત બેડફોર્ડશાયરના લોર્ડ-લેફ્ટનન્ટ, નોટિંગહામશાયરના લોર્ડ-લેફ્ટનન્ટ, વિવિધ ડેપ્યુટી લોર્ડ-લેફ્ટનન્ટ્સ અને પૂર્વ ઉચ્ચ શેરીફ ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક શાંતિ પાઠ અને દીપ પ્રાકટ્યવિધિ દ્વારા ભારતીય પરંપરા મુજબ સમારોહનો શુભારંભ કર્યા બાદ શ્રી ભાવેશ શાહે સંબોધનમાં બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકો તેમજ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરીને કહ્યું, 'આપણે બધાએ એકબીજા પાસેથી કંઈક શીખવાનું છે. મારા કાર્યકાળ દરમ્યાન, હું બેડફોર્ડશાયરના લોકો અને સમુદાયોની હાર્દિક સેવા કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરીશ.' શ્રી ભાવેશ શાહને પૂજ્ય મહંત સ્વામી મહારાજનો આશીર્વાદ પત્ર સુપરત કરવામાં આવ્યો હતો. સાથે સાથે સ્વયંસેવક શ્રી હર્ષભાઈ શાહની નવા ઉચ્ચ શેરીફના કાર્યાલયમાં અંગત સચિવ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અંતે સમારોહ આરતી અને રાષ્ટ્રગીત ગાન સાથે સમાપ્ત થયો હતો.

### શ્રી અક્ષર હિમાંશુભાઈ ઝાલા, રાજકોટ (ધોરણ ૧૨ સાયન્સમાં ગુજરાતમાં પ્રથમ)



રાજકોટના સંનિષ્ઠ યુવક શ્રી અક્ષર હિમાંશુભાઈ ઝાલાએ તાજેતરમાં લેવાયેલી ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષામાં CBSE બોર્ડમાં ૯૮.૦૪% પ્રાપ્ત કરીને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. JEE મેઈન્સની પરીક્ષામાં સમગ્ર ભારતના ૧૪ લાખ વિદ્યાર્થીઓમાંથી ૧૫૩મો ક્રમાંક તથા JEE એડવાન્સમાં ૨ લાખ વિદ્યાર્થીઓમાંથી ૩૮મો ક્રમાંક પ્રાપ્ત કરી તેમણે સમગ્ર ગુજરાતમાં દ્વિતીય સ્થાન હાંસલ કર્યું છે. અભ્યાસની સાથે સાથે શ્રીલંકા ખાતે રમાયેલી એશિયન સ્કૂલ ચેસ સ્પર્ધામાં એશિયામાં ચતુર્થ ક્રમાંક પ્રાપ્ત કરીને બી.એ.પી.એસ. સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. નિયમિત સત્સંગ કરતા રહીને શિક્ષણ તેમજ સ્પોર્ટ્સમાં ગુજરાત, ભારત અને એશિયા સ્તરે મહંતસ્વામી મહારાજ અને સંસ્થાનું નામ રોશન કરવા બદલ શ્રી અક્ષરભાઈને અભિનંદન.

### બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, નડિયાદ — પ્રવેશ અંગે

નડિયાદમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય સંસ્કાર અને શિક્ષણનું એક અનોખું તીર્થ છે. આ છાત્રાલયમાં ધોરણ ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓ, B.Sc., B.Com. અને ઍન્જિનિયરિંગની તમામ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ, B.A.M.S. ફાર્મસી તથા M.B.B.S.ના તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. આ ઉપરાંત ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ આ છાત્રાલયમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. **પ્રવેશ માટે સંપર્કનો સમય :** સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૭

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, વાણિયાવાડ, કૉલેજ રોડ, નડિયાદ - ૩૮૭૦૦૧

વધુ માહિતી માટે સંપર્ક: શ્રી રાજેશભાઈ દેસાઈ, મો. ૯૯૯ ૮૯૯ ૦૪૪૫.

વિશેષ માહિતી માટે QR code સ્કેન કરો.

### ભક્તરાજ શ્રી વિનુભાઈ શંકરભાઈ પટેલ, વડોદરા, ઉં.વ. ૮૦, અક્ષરવાસ તા. ૨૭-૩-૨૦૨૪



વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના મંડાળા ગામના વતની ભક્તરાજ શ્રી વિનુભાઈ પટેલ સન ૧૯૭૧થી પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા ત્યારથી તેમનો રંગ ચઢતો ને ચઢતો રહ્યો. ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવથી તેઓએ પ્રચાર વિભાગ તથા પીઆર વિભાગમાં ખૂબ સેવાઓ આપી હતી. તત્કાલીન સમયનાં મર્યાદિત સંસાધનો તથા અપૂરતા સ્વયંસેવકો સાથે સંસ્થા તથા પ્રમુખસ્વામી મહારાજનો મહિમા કેવી રીતે વિસ્તરે તે જ એક વિચાર સાથે તેઓ હંમેશા સેવા માટે થનગનતા રહ્યા હતા. અટલાદરા સ્થાનિક તથા સંસ્થાકીય તમામ સમૈયામાં તેમણે સેવામાં નોંધપાત્ર જવાબદારીઓ સંભાળી હતી. વર્ષ ૧૯૯૧માં તેમને અમેરિકા જવાનું થયું ત્યારે સી.એફ.આઈ.ના મહોત્સવ બાદ પ્રમુખસ્વામી મહારાજે તેઓને ભારતમાં રહીને જ સેવા કરવાની આજ્ઞા કરતાં તત્કાળ અમેરિકાનો મોહ છોડી પોતાના બંને પુત્રોને અમેરિકામાં સત્સંગ-સેવાનો માર્ગ ચીંધીને વડોદરા આવી ગયા અને ગ્રીનકાર્ડ પરત કરી દઈ સ્વામીશ્રીને રાજી કરવા વિશેષ સેવામાં જોડાઈ ગયા હતા. અંતિમ અવસ્થામાં પણ છેલ્લે સુધી અચૂક રવિસભાનો નિયમ સારધાર પાળીને મહંત સ્વામી મહારાજનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી એક સેવા-નિષ્ઠ ભક્તની ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી રમણભાઇ મગનભાઇ મહેતા, વાંસકુઈ, ઉં.વ. ૬૩. અક્ષરવાસ તા. ૧૦-૫-૨૦૨૪



દક્ષિણ ગુજરાતના વાંસકુઈના અગ્રણી કાર્યકર શ્રી રમણભાઈ મહેતા, સન ૧૯૯૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવ્યા ને વ્યસનમુક્ત થઈને સત્સંગમાં જોડાયા. ત્યારબાદ વાંસકુઈમાં બાળમંડળ અને સંયુક્ત મંડળ સંચાલકની સેવામાં જોડાયા. આ વિસ્તારના કરચેલિયા અને હળદવા ક્ષેત્રમાં શરૂઆતનાં વર્ષોમાં સત્સંગનો વ્યાપ ઓછો હોવાથી, સંતોની સાથે નિર્દેશક તરીકે રમણભાઈએ અથાક મહેનત કરીને હળદવા ક્ષેત્રના અંતરિયાળ આદિવાસી ગામોમાં કથાવાર્તા કરીને સત્સંગની ખૂબ અભિવૃદ્ધિ કરી. સાથે સાથે તેમણે સહ-કાર્યકરોમાં પણ ઉત્સાહનું સિંચન કર્યું. સાંકરી વિસ્તારમાં સંયોજક તરીકેની ૨૦૨૧ સુધી સેવા આપી સ્વામીશ્રીની વિશેષ પ્રસન્નતા પ્રાપ્ત કરી. તેઓનું સાદગી સાથેનું નિયમધર્મ યુક્ત જીવન, વ્યક્તિગત સંપર્કનું અંગ, સંસ્થા પ્રત્યેનું મમત્વ વર્ષો સુધી સહ-કાર્યકરો માટે પ્રેરક બની રહ્યું હતું. તેઓના અક્ષરવાસથી સાંકરી વિસ્તારને એક નિષ્ઠાવાન સ્વયંસેવકની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી મગનભાઇ ભીખાભાઈ પટેલ, સરઈ, ઉં.વ. ૯૫. અક્ષરવાસ તા. ૮-૬-૨૦૨૪



નવસારી પાસે સરઈ ગામના 'મગનભાઈ શિખંડવાળા'ના હુલામણા નામથી પ્રસિદ્ધ આ ભક્તરાજ એટલે પ્રગટ સત્પુરુષની નિષ્ઠા, પ્રાપ્તિનો કેફ અને સત્સંગની સમજણનું મૂર્તિમાન સ્વરૂપ. સન ૧૯૯૨માં યોગી શતાબ્દી મહોત્સવ દ્વારા તેઓનો સત્સંગમાં પ્રવેશ થયો. ત્યારપછી દિન-દિન ચડતા રંગ સાથે તેઓ તન-મન-ધનથી સમર્પિત થઈ સત્સંગમાં જોડાઈ ગયા. નવસારી મંદિરમાં નિયમિત સત્સંગ લાભની સાથે ભોજનશાળામાં અને ખેતીવાડીમાં તેઓ ખડે પગે સેવામાં રહેતા. તેઓએ સમજણનું અમૃત પણ જીવનમાં ઉતાર્યું હતું. તેથી જ જ્યારે તેઓના યુવાન વયના પુત્ર અને પુત્રવધૂનો એક અકસ્માતમાં અક્ષરવાસ થયો ત્યારે સમજણમાં ખૂબ જ સ્થિર રહી તેમણે અન્યને પણ મહારાજ-સ્વામીના કર્તાપણાની સમજણ દઢાવી હતી. વળી, 'દીકરો અને વહુ તો અક્ષરધામમાં જ ગયા છે' એવી દૃઢતા સાથે બોચાસણમાં ગુરુપૂર્ણિમાની સભામાં તેઓએ સાકર વહેંચી ત્યારે પ્રમુખસ્વામી મહારાજ પણ બોલી ઊઠ્યા હતા કે 'નેનપુરના દેવજી ભગતને ન જોયા હોય તો આ મગનભાઈને જોઈ લો.' પોતાના શિખંડના વ્યવસાયમાં નીતિમત્તા અને ગુણવત્તા એ એમના આગવા ગુણ હતા. સરઈ ગામમાં ભૂમિદાનની સાથે બી.એ.પી.એસ. સંસ્થાનાં અનેક મંદિરોમાં વર્ષો સુધી તેઓએ શિખંડની સેવા પણ કરી છે. તેઓના ભક્તિ-સમર્પણથી પ્રસન્ન થઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પૂજ્ય મહંત સ્વામી મહારાજે તેઓના ઘરને પાવન કર્યું છે. નિષ્ઠા અને સમજણનો ઉચ્ચ આદર્શ આપનાર મગનભાઈને હાર્દિક શ્રદ્ધાંજલિ...

# સત્સંગ શિક્ષણ પરીક્ષા - પરદેશનાં કેન્દ્રોનું પરિણામ - માર્ચ ૨૦૨૪

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી પ્રતિવર્ષ સત્સંગ શિક્ષણ પરીક્ષાઓ યોજાય છે. દેશ-વિદેશનાં કેન્દ્રોમાં લેવાતી આ પરીક્ષાઓ દ્વારા હજારો આબાલવૃદ્ધો ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો તથા સંપ્રદાયની ઉપાસનાનું પાયાનું જ્ઞાન અને સંસ્કાર મેળવે છે.

૨૦૨૪ના વર્ષમાં માર્ચ માસમાં લેવાયેલી પરીક્ષા અંતર્ગત પરદેશનાં **૨૦૯** પરીક્ષા કેન્દ્રોમાં પ્રારંભ પરીક્ષાથી માંડીને અનુસ્નાતક કક્ષાની પ્રાજ્ઞ તૃતીય ખંડ સુધીની **૭** પરીક્ષાઓ લેવામાં આવી હતી. જેમાં **૧૩,૮૫૭** પરીક્ષાર્થીઓ બેઠા હતા. તેમાંથી કુલ **૪૦.૭૨ ટકા** પરિણામ સાથે **૫,૬૪૨** પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા.

**– પરીક્ષા વ્યવસ્થાપક**

## પરદેશના પારિતોષિક વિજેતાઓની યાદી

| ક્રમ | નામ | ગુણ | કેન્દ્ર-દેશ |
|---|---|---|---|
| **સત્સંગ પ્રારંભ (કુલ ગુણ ૧૦૦)** | | | |
| ૧. | જાનકી વિરલ કોડિનારીયા | ૯૮ | પર્થ, ઑસ્ટ્રેલિયા |
| ૨. | શીતલ અમિત પટેલ | ૯૭ | વિન્ડસર, કેનેડા |
| ૩. | હીરલ બીનોય પટેલ | ૯૬ | ટોરન્ટો, કેનેડા |
| ૪. | શિવાની રોમિન પટેલ | ૯૫ | લેસ્ટર, યુ.કે. |
| ૪. | દર્શિની ભૌમિક પટેલ | ૯૫ | હાર્ટફોર્ડ, યુ.એસ.એ. |
| ૪. | ધરમશી ગોરધન દરાણિયા | ૯૫ | હાર્ટફોર્ડ, યુ.એસ.એ. |
| ૫. | પારૂલ હીરેનકુમાર પટેલ | ૯૪ | કેલગેરી, કેનેડા |
| ૫. | પ્રસૂન વિશુલ ગોહિલ | ૯૪ | લંડન, યુ.કે. |
| ૫. | રિયા ભાઈલાલભાઈ પટેલ | ૯૪ | શિકાગો, યુ.એસ.એ. |
| ૫. | રીટા દીપક પટેલ | ૯૪ | ઇન્ડિયાનાપોલીસ, યુ.એસ.એ. |
| ૫. | પાયલ નિસર્ગ પટેલ | ૯૪ | ઇન્ડિયાનાપોલીસ, યુ.એસ.એ. |
| ૫. | પવિત્રમ પરેશ સોલંકી | ૯૪ | કેલગેરી, કેનેડા |
| **સત્સંગ પ્રવેશ (કુલ ગુણ ૧૫૦)** | | | |
| ૧. | જાગૃતિ મનીષકુમાર દેસાઈ | ૧૪૨ | નોક્સવિલે, યુ.એસ.એ. |
| ૨. | યેશા રોનકકુમાર પટેલ | ૧૪૦ | ટોરન્ટો, કેનેડા |
| ૩. | મૌલિકા અલ્પેશ પટેલ | ૧૩૯ | ડેટોન, યુ.એસ.એ. |
| ૪. | સૂચિતા હર્ષદ પટેલ | ૧૩૭ | સ્કારબરો, કેનેડા |
| ૫. | સંગીતા મહેન્દ્ર પટેલ | ૧૩૬ | પેરી, યુ.એસ.એ. |
| **સત્સંગ પરિચય (કુલ ગુણ ૧૫૦)** | | | |
| ૧. | જયાબહેન ભાનુભાઈ પટેલ | ૧૪૦ | ટોરન્ટો, કેનેડા |
| ૨. | કિરણ રાહુલકુમાર બલર | ૧૩૮ | ટોરન્ટો, કેનેડા |
| ૩. | નરેન્દ્રકુમાર બચુભાઈ પટેલ | ૧૩૭ | ઇન્ડિયાનાપોલીસ,યુ.એસ.એ. |
| ૪. | જિગીશા મિહિરકુમાર પટેલ | ૧૩૫ | ગેઈન્સવીલે, યુ.એસ.એ. |
| ૫. | પ્રીતેશ નૂતનભાઈ પટેલ | ૧૩૦ | ઈવાન્સવીલે,યુ.એસ.એ. |
| **સત્સંગ પ્રવીણ (કુલ ગુણ ૨૦૦)** | | | |
| ૧. | રાજેશ મોહનભાઈ માસ્તર | ૧૭૪ | ટોરન્ટો, કેનેડા |
| ૨. | દીપેશ કાંતિભાઈ પટેલ | ૧૭૨ | ફિલાડેલ્ફિયા, યુ.એસ.એ. |
| ૩. | જ્યોતિ જિતેન્દ્ર અમીન | ૧૭૧ | હાર્ટફોર્ડ, યુ.એસ.એ. |
| ૪. | નેહા શ્વેતાંશ પટેલ | ૧૬૮ | સ્કારબરો, કેનેડા |
| ૫. | બિંદિયા નૈનેશ પટેલ | ૧૬૫ | ટોરન્ટો, કેનેડા |
| ૫. | રુચિબહેન સંકેત રાઠોડ | ૧૬૫ | કેન્સાસ સીટી, યુ.એસ.એ. |
| **સત્સંગ પ્રાજ્ઞ - ૧ (કુલ ગુણ ૨૦૦)** | | | |
| ૧. | ઉમાબહેન કૌશિકભાઈ પટેલ | ૧૭૮ | મિઆમી, યુ.એસ.એ. |
| ૨. | નિતા કનુભાઈ પટેલ | ૧૭૬ | ડેટોન, યુ.એસ.એ. |
| ૩. | વૈશાલી મહેશભાઈ પટેલ | ૧૭૫ | કેનબેરા, ઑસ્ટ્રેલિયા |
| ૪. | સ્વાતિ પ્રીતેશકુમાર પટેલ | ૧૭૪ | વેલિંગ્ટન, ન્યુઝીલેન્ડ |
| ૫. | મયૂર વિઠ્ઠલભાઈ પટેલ | ૧૭૨ | રાલીફ, યુ.એસ.એ. |
| **સત્સંગ પ્રાજ્ઞ - ૨ (કુલ ગુણ ૨૦૦)** | | | |
| ૧. | રીના પીયૂષકુમાર પટેલ | ૧૭૨ | ચેરી હિલ, યુ.એસ.એ. |
| ૨. | ફાલ્ગુની વિરલકુમાર પરીખ | ૧૭૦ | હ્યુસ્ટન, યુ.એસ.એ. |
| ૩. | પૂજા પ્રણવ પટેલ | ૧૬૮ | લેન્સડેલ, યુ.એસ.એ. |
| ૪. | અર્ચના અશ્વિનભાઈ પટેલ | ૧૬૭ | એલ્ડોરેટ, કેન્યા |
| ૪. | હેતલ મેહુલ પટેલ | ૧૬૭ | હ્યુસ્ટન, યુ.એસ.એ. |
| ૫. | પલક નિકેશ પટેલ | ૧૬૫ | હ્યુસ્ટન, યુ.એસ.એ. |
| **સત્સંગ પ્રાજ્ઞ - ૩ (કુલ ગુણ ૨૦૦)** | | | |
| ૧. | આરતી વિપુલ પટેલ | ૧૭૨ | ટેમ્પા, યુ.એસ.એ. |
| ૨. | નીરવ ગિરીશકુમાર શાહ | ૧૭૦ | લોંગ આઈલેન્ડ, યુ.એસ.એ. |
| ૩. | ગાર્ગી સુજિત પેઢડિયા | ૧૬૯ | સિડની, ઑસ્ટ્રેલિયા |
| ૪. | હીના મનીત પટેલ | ૧૬૭ | ટેમ્પા, યુ.એસ.એ. |
| ૫. | રોશની રાજેન્દ્રકુમાર પટેલ | ૧૬૬ | ઓટાવા, કેનેડા |
| ૫. | જલ્પા જયેશ પટેલ | ૧૬૬ | એડિલેડ, ઑસ્ટ્રેલિયા |









તીર્થધામ મહુવામાં નવીનીકરણ પામેલા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના સુશોભિત પ્રાગટ્ય મંદિરને નીરખતાં પ્રસન્ન થયેલા ગુરુહરિ મહંત સ્વામી મહારાજે ઠાકોરજી, ભગતજી મહારાજનાં પ્રાસાદિક સ્થાનો અને પ્રાસાદિક વસ્તુઓનાં દર્શન કરી ભગતજી મહારાજના પ્રાગટ્ય સ્થાને સૌનાં સુખમાંગલ્ય માટે પ્રાર્થના કરી હતી. (તા. ૮-૬-૨૦૨૪)

Swaminarayan Prakash Gujarati, July 2024, Published on 1-7-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.





## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના સ્મૃતિ મંદિરે મહંત સ્વામી મહારાજ...

તીર્થધામ મહુવામાં તા. ૨૦-૩-૧૮૨૯, ફાગણ સુદ પૂનમ, સંવત ૧૮૮૫ના રોજ માંડલિયા પરિવારમાં પ્રગટેલા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે મહુવામાં જ તા. ૭-૧૧-૧૮૯૭ના રોજ અક્ષરધામ પ્રયાણ કર્યું હતું. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના વચને સમર્પિત થઈ જનારા બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ ઉપનિષદોમાં વર્ણવેલી ગુરુકૃપાથી પમાતી બ્રાહ્મી સ્થિતિનું મૂર્તિમંત સ્વરૂપ હતા. ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની છડી પોકારનારા આ ગુણાતીત સત્પુરુષને અંજલિ આપવા તેઓનો જ્યાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો ત્યાં, પવિત્ર માલણ નદીના કિનારે, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે એક સ્મૃતિ મંદિર રચ્યું હતું. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે તે જ સ્થાનને વિશેષ વિકસાવીને પથ્થરમાંથી સુંદર સ્મૃતિમંદિર રચવાનો સંકલ્પ કર્યો હતો. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે એ સંકલ્પ પૂર્ણ કર્યો છે. આ સ્મૃતિ મંદિરના અગ્રભાગમાં સ્વામીશ્રી તેમજ આ સ્મૃતિ મંદિરને સાકાર કરવામાં મુખ્ય યોગદાન આપનારા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તેમજ સાથે પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી.

Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas